RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક વદ - ૨ ગુરૂવાર, તા.૨૬-૧૧-૨૦૨૬ અંક : ૧૨૯ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

કૈરોમાં ઓઈલ ટેન્કર પલટતાં ભીષણ અગ્નિકાંડ: ૩૧ નાં મોત

રિંગરોડ પર ટેન્કરમાંથી ફેલાયેલી આગની લપેટમાં ૨૪થી વધુ વાહનો ભસ્મીભૂત; ગીચ વસ્તીવાળા વર્રાક વિસ્તારમાં સર્જાઈ ગોઝારી દુર્ઘટના

કૈરો,



મિસ્રાની રાજધાની કૈરો (કાહિરા)માં બુધવારે મુખ્ય હાઈવે પર ઓઈલ ટેન્કર પલટી જતાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે.

આ આગના કારણે આસપાસનાં ઘણાં વાહનો તેની ચપેટમાં આવી ગયાં અને ભારે તબાહીનાં દશ્યો સર્જાયાં હતાં. આ દુર્ઘટનામાં ૩૧ લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે, જ્યારે ૨૧ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, રાજધાની કૈરોને ચારે તરફથી જોડતા મુખ્ય રિંગરોડ પર લાગેલી આ આગમાં ૨૪થી વધુ કાર અને ટુ-વ્હીલર બળીને ખાક થઈ ગયાં હતાં. આ દુર્ઘટના ગ્રેટર કૈરોના ગીઝા પ્રાંતના ગીચ વસ્તી ધરાવતા વર્રાક વિસ્તારના હાઈવે પર સર્જાઈ હતી.

ઘટનાસ્થળે બચાવ અને રાહતકાર્યમાં જોડાયેલા કર્મીઓએ કારમાંથી લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ભારે જહેમત બાદ સ્થાનિક ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. મિસ્રાના પ્રમુખે આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કરી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે DNA ટેસ્ટ સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે મૃત્યુઆંક હજુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નોંધનીય છે કે, મિસ્રમાં દર વર્ષે માર્ગ દુર્ઘટનાઓમાં હજારો લોકોનાં મૃત્યુ થાય છે અને દેશનો માર્ગ સલામતીનો રેકોર્ડ ઘણો નબળો છે. આ દુર્ઘટનાઓ વધવા પાછળ પૂરઝડપે વાહન ચલાવવું, ખરાબ રસ્તાઓ અને ટ્રાફિકના નિયમોનો કડક અમલ ન થવો જેવાં કારણો જવાબદાર છે.

અમેરિકન જાસૂસી એજન્સી CIA પર સાયબર હુમલો

વોશિંગ્ટન,

દુનિયાની સૌથી શક્તિશાળી જાસૂસી એજન્સી સીઆઈએની સિસ્ટમમાં રહસ્યમય સાયબર હુમલો થયો હતો. હેકરોએ એક ગુપ્ત સિસ્ટમમાં ઘૂસણખોરી કરીને સોશિયલ મીડિયા, સેટેલાઈટ તસવીરો અને અન્ય જાહેરત સ્રોતોમાંથી એકત્ર કરાયેલી માહિતી અને તેના વિશ્લેષણના ડેટાની ચોરી કરી હોવાનો અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં ઘટસ્ફોટ કરાયો હતો. જોકે, ગુપ્ત ડેટા સુરક્ષિત હોવાનો એજન્સીએ દાવો કર્યો હતો.

અમેરિકાની જાસૂસી એજન્સી સીઆઈએ સોશિયલ મીડિયા, સેટેલાઈટ તસવીરો અને અન્ય જાહેર સ્રોતોમાંથી માહિતી એકત્ર કરી તેનું વિશ્લેષણ કરે છે ત્યારે સીઆઈએની આ સિસ્ટમ સાયબર હુમલાનો ભોગ બની હતી. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ આ સાયબર હુમલાની અસર ઓફિસ ઓફ ધ ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ પર પણ પડી હતી. આ ઘટના પછી અમેરિકાના જાસૂસી નેટવર્કની સુરક્ષા અંગે નવેસરથી ચિંતાઓ પેદા થઈ છે.

સીઆઈએની જે સિસ્ટમ પર હેકર્સે હુમલો કર્યો હતો તેનો ઉપયોગ ઈન્ટરનેટ, કોમર્શિયલ સેટેલાઈટ્સ અને ખાનગી ડેટા બ્રોકર્સ સહિત જાહેર સ્રોતો પાસેથી ઉપલબ્ધ માહિતીઓને એકત્ર કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે થતો હતો. આ સિસ્ટમ મારફત અમેરિકન જાસૂસી એજન્સીઓ દુનિયાભરમાં તેની સામેના સંભવિત જોખમોની ઓળખ કરવા અને મહત્વપૂર્ણ માહિતી મેળવવાનું કામ કરતી હતી. જોકે, જાસૂસી એજન્સીએ દાવો કર્યો હતો કે તેના ગુપ્ત ડેટા એકદમ સુરક્ષિત છે. સાયબર હુમલામાં આ ડેટાની ચોરી થઈ નથી. જોકે, કઈ માહિતીની ચોરી થઈ તે સ્પષ્ટ થઈ શક્યું નથી.

પાકિસ્તાનમાં બેઠા બેઠા ૩૦ આતંકીઓ ભારત વિરુદ્ધ ઘડી રહ્યા છે કાવતરાં

મેરઠથી પકડાયેલો આતંકી આત્મઘાતી હુમલાની તૈયારીમાં હતો

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરના ડીજીપીએ આતંકવાદને લઈને મોટો ખુલાસો કર્યો હતો, તેમણે જણાવ્યું હતું કે જમ્મુમાંથી ૩૦ આતંકીઓ ત્રણ દસકા પહેલા ગૂમ થઈ ગયા હતા, તેઓ ખરેખર પાકિસ્તાનમાં ગયા હતા અને હાલ આતંકવાદીઓને તાલિમ આપી રહ્યા છે જમ્મુ કાશ્મીરના ડીજીપી નલીન પ્રભાતે કહ્યું હતું કે આ આતંકીઓ હાલ પણ પાકિસ્તાનમાં જ સક્રિય છે અને ત્યાંથી ભારત વિરોધી ગુના આચરી રહ્યા છે. આ આતંકીઓ હાલ એક આતંકી સંગઠન માટે કામ કરી રહ્યા છે અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદના ફરી ફેલાવા માટે નાણા, હથિયારો સહિતની મદદ પુરી પાડી રહ્યા છે.

માહોર પોલીસ સ્ટેશનને વિશ્વાસપાત્ર સુત્રો દ્વારા આ આતંકીઓ અંગે માહિતી મળી હતી, આતંકીઓ હાલ હિઝબુલ મુજાહિદ્દીન માટે કામ કરી રહ્યા છે. અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા હથિયારો, નાણા પુરા પાડવા સહિતની મદદ પુરી પાડી રહ્યા છે. જમ્મુના આ આતંકવાદીઓના નામો પણ જાહેર કરવામાં આવ્યા છે જેમ કે કાયૂમ, સબદર, ગુલામ, ગુલામ કાદરી વગેરેનો સમાવેશ થાય છે.

ઈન્ડોનેશિયામાં સોનાની ખાણમાં જળપ્રલય: ૮ શ્રમિકોનાં મોત

૧૦૦ મીટર ઊંડી ગેરકાયદે ખાણમાં મૂશળધાર વરસાદથી ભરાયાં પાણી; પંપ દ્વારા પાણી ઉલેચી ફસાયેલા શ્રમિકોને બચાવવા યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન



બોગોર,

ઈન્ડોનેશિયાના વેસ્ટ જાવા પ્રાંતમાં આવેલી એક સોનાની ખાણમાં ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. મૂશળધાર વરસાદના કારણે ૧૦૦ મીટર ઊંડી ખાણમાં પાણી ભરાઈ જતાં ૮ કામદારોના મોત થયા છે, જ્યારે ૧૮ જેટલા શ્રમિકો હજુ પણ અંદર ફસાયેલા હોવાની આશંકા છે. ઘટનાની જાણ થતાં જ સર્ચ એન્ડ રેસ્ક્યૂ એજન્સી દ્વારા મોટા પાયે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજધાની જેકારતાથી આશરે ૬૦ કિલોમીટર દૂર બોગોરના પોંગકોર પહાડી વિસ્તારમાં સોમવારથી આ દુર્ઘટના સર્જાઈ હતી. સતત પડી રહેલા ધોધમાર વરસાદને કારણે ખાણની મુખ્ય શાફ્ટમાં પાણી ભરાઈ ગયા હતા. અંદર ફસાયેલા શ્રમિકો સુધી પહોંચવા માટે સુરક્ષા દળો અને બચાવ ટુકડીઓ દ્વારા પંપ મૂકીને પાણી બહાર કાઢવાની કામગીરી ઝડપથી ચલાવવામાં આવી રહી છે. જેકારતા સર્ચ એન્ડ રેસ્ક્યૂ ઓફિસના વડા દેસિયાના કાર્તિકા બહારીના જણાવ્યા અનુસાર, ખાણની ઊંડાઈ વધુ હોવાની સાથે તેનો પ્રવેશદ્વાર ખૂબ જ સાંકડો છે. ઉપરાંત, ભારે વરસાદના કારણે રસ્તો અત્યંત લપસણો બની ગયો છે અને અંદર પૂરતું અંધારું હોવાથી રેસ્ક્યૂકર્મીઓ માટે કામગીરી કરવી અત્યંત જોખમી અને પડકારજનક બની રહી છે.

ઈન્ડોનેશિયાની સ્ટેટ માઈનિંગ કંપની 'અંતમ', જે તે વિસ્તારમાં સોનાનું સત્તાવાર ઉત્ખનન કરે છે, તેણે સ્પષ્ટતા કરી છે કે આ દુર્ઘટના તેમની કોઈ ખાણમાં નથી થઈ પરંતુ તે એક ગેરકાયદેસર અને અનધિકૃત રીતે ચાલતી સોનાની ખાણ હતી. ઉલ્લેખનીય છે કે, ઈન્ડોનેશિયાના દુર્ગમ વિસ્તારોમાં આવા નાના પાયાના અનધિકૃત માઈનિંગના કારણે અગાઉ પણ અનેક જીવલેણ અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે.

ઓસ્ટ્રેલિયાનો બિગ ટેક પર પ્રહાર: બાળકોની ઓનલાઈન સુરક્ષા નહીં તો થશે અબજોનો દંડ

સંસદમાં ૯૭ વિરુદ્ધ ૪૩ મતથી પસાર થયો કડક ઓનલાઈન સેફ્ટી કાયદો; સોશિયલ મીડિયા અને ટેક કંપનીઓની જવાબદારી વધશે

મેલબર્ન,

ઓસ્ટ્રેલિયાની સંસદે બુધવારે ઓનલાઈન સેફ્ટી કાયદો પસાર કર્યો છે. આ કાયદો પસાર થવાના લીધે જો ટેક જાયન્ટ્સ એટલે કે મહાકાય ટેકનોલોજી કંપનીઓ ઓનલાઈનના કારણે થતું નુકસાન અટકાવવામાં નિષ્ફળ ગઈ તો અબજો ડોલરના દંડનો સામનો કરવો પડી શકે છે. ઓસ્ટ્રેલિયાના વિપક્ષે આ કાયદા સામે ચેતવણી આપતા જણાવ્યું હતું કે આ કાયદો અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સેન્સરશિપ લાદવા દોરી જઈ શકે છે. ડિજિટલ ડ્યુટી ઓફ કેર એક્ટ ઈયુ-બ્રિટિશ કાયદા જેવો જ છે.

ઓસ્ટ્રેલિયાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં આ કાયદો ૯૭ વિ. ૪૩ મતથી પસાર થયો હતો. વડાપ્રધાન એન્થની આલ્બાનીઝે પત્રકારોને જણાવ્યું હતું કે આ કાયદો આપણા સમાજ અને બાળકોને ઓનલાઈનના લતથી થતી નુકસાન સામે સંરક્ષણ પ્રદાન કરે છે. આના પગલે હવે ટેક પ્લેટફોર્મ્સની જવાબદારી થઈ પડે છે તે તે સલામત ઓનલાઈન વાતાવરણ પૂરુ પાડે. આ આપણા લોકોને અને બાળકોનો વિજય છે. બાળક નાનું હોવાથી તેને ડિજિટલ વર્લ્ડના જોખમની ખબર હોતી નથી, એમ આલ્બાનીઝે જણાવ્યું હતું. પરંતુ હવે ડિજિટલ વર્લ્ડ પરિપક્વ થયુ છે અને તેને સરળતાથી હાથવગુ છે અને તેમા સુધારો કરી શકાય છે.

વિપક્ષના નેતા એન્ગસ ટેલરેસંસદમાં જણાવ્યું હતું કે તેમનો પક્ષ કન્ઝર્વેટિવ લિબરલ પાર્ટી ૨૦૨૮માં સત્તા પર આવ્યો તો આ કાયદો દૂર કરશે. તેમણે આ કાયદાના સરમુખત્યારશાહીનું પ્રતીક ગણાવ્યો હતો. ટેલરે જણાવ્યું હતું કે આ બિલ બીજું કશું જ નહીં પમ અલગ જ સ્વરૂપમાં લાદવામાં આવેલી પોલિટિકલ સેન્સરશિપ છે. સરકારે માઈનર ગ્રીન પાર્ટી સાથે સમજૂતી સાધી લેતા તે સેનેટમાં બહુમત ન હોવા છતાં પણ કાયદો પસાર કરાવી શક્યું હતું. આજે બિગ ટેક કંપનીઓના નફાની સામે ઓસ્ટ્રેલિયન અને તેમના બાળકોની ઓનલાઈન સલામતીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે,મોટી ટેક કંપનીઓને અમારો સંદેશો સ્પષ્ટ છે, તમારા પ્લેટફોર્મ્સને અમારા માટે સલામત કરો, નહીં તો આપણે કોર્ટમાં મળીશું

પહેલગામ હુમલા પહેલાં ચીન ભારત ઉપર સેટેલાઈટ દ્વારા રાખી રહ્યું હતું બાજ નજર

ચીનની શંકાસ્પદ ગતિવિધિઓ અંગે વિદેશ મંત્રાલય સતર્ક; પ્રવક્તા રણધીર જાયસ્વાલનો ખુલાસો

નવી દિલ્હી,

જમ્મુ કાશ્મીરમાં પહેલગામ હુમલા પૂર્વે ચીનના સેટલાઈટ ભારત પર બાજ નજર રાખતા હોવાના અહેવાલ બાદ વિદેશ મંત્રાલયે તેનો જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું છે કે મંત્રાલયે આ બાબત અંગેના વિવિધ અહેવાલોની નોંધ લીધી છે અને ભારત સુરક્ષાના દૃષ્ટિકોણથી તમામ જરૂરી પગલાં લઈ રહી છે.

રણધીર જાયસ્વાલે સ્પષ્ટ કહ્યું કે ભારત આવી તમામ ઘટનાઓ અને ગતિવિધિઓ પર સતત નજર રાખે છે. તેમણે કહ્યું, 'અમે આ વિષય પર ઘણા અહેવાલો પણ જોયા છે. હું તમને જણાવવા માંગુ છું કે અમે આવી તમામ ઘટનાઓ અને ગતિવિધિઓ પર નજર રાખીએ છીએ અને સુરક્ષાના દૃષ્ટિકોણથી જરૂરી તમામ બાબતો પર ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલી મંત્રણા અંગે માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે બંને દેશો વચ્ચે રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાતચીત ચાલુ છે. તેમજ તાજેતરમાં પૂર્વીય ક્ષેત્રમાં બંને પક્ષોના વરિષ્ઠ સૈન્ય કમાન્ડરોએ બેઠક યોજી હતી. આ બેઠકમાં સીમાનું સંચાલન અને વાસ્તવિક નિયંત્રણ રેખા સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જાયસ્વાલે કહ્યું કે આ વાટાઘાટોનો મુખ્ય ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે. તેમણે ભારત અને રશિયા વચ્ચેના તાજેતરના રાજદ્વારી સંપર્કોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે વિદેશ મંત્રી એસ. જયશંકરે રશિયાના વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, રશિયા તરફથી અનેક સ્તરો પર વાતચીત થઈ છે. આ દરમિયાન, બંને દેશોના નેતાઓએ દ્વિપક્ષીય મુદ્દાઓ તેમજ વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્ય, બહુપક્ષીય અને પ્રાદેશિક બાબતો અને વિશ્વમાં ચાલી રહેલા સંઘર્ષો પર તેમના મંતવ્યો શેર કર્યા.

કેન્દ્રીય કેબીનેટમાં રૂપિયા ૨૦,૦૦૦ કરોડના વિકાસ કાર્યોને અપાઈ મંજૂરી

આસામમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવાશે, ૫ યોજનાઓ મંજુર

નવી દિલ્હી,

પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં કુલ ૨૦,૦૦૦ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. આ અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેબીનેટના દેશના વિકાસને વેગ આપવાના નિર્ણયોની જાહેરાત કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, કેબિનેટે પાંચ મુખ્ય યોજનાઓને મંજૂરી આપી છે. તેમાં 'કન્સ્ટ્રક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈક્વિપમેન્ટ' એટલે કે બાંધકામ અને માળખાકીય સાધનોના ઉત્પાદન ઈકોસિસ્ટમ માટેની એક યોજનાનો સમાવેશ થાય છે. જેની માટે રૂપિયા ૧૧,૦૦૦ કરોડની મોટી રકમ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત તમિલનાડુના કામરાજાર પોર્ટ પર બીજું કન્ટેનર ટર્મિનલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પાછળ રૂપિયા ૪૨૮૮ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. કેબિનેટમાં આસામના સિલચરના ડોલુ ખાતે ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ એરપોર્ટના નિર્માણ પાછળ રૂપિયા ૨,૦૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

રોહતકમાં ગેંગવૉર, ઢાબા પર ૪ યુવકોની સરેઆમ હત્યા

પોલીસ ચોકીથી માત્ર ૫૦ ડગલાં દૂર સ્વિફ્ટ કારમાં આવેલા ૫ હથિયારધારીઓનું અંધાધૂંધ ફાયરિંગ

રોહતક,

હરિયાણાના રોહતકમાં બુધવારે મોડી રાત્રે ગેંગવૉરની એક ઘટના સામે આવી છે. રોહતકના 'મિલન ઢાબા' પર સ્વિફ્ટ કારમાં આવેલા હથિયારધારી બદમાશોએ અંધાધૂંધ ફાયરિંગ કરીને ૪ યુવકોની હત્યા કરી નાખી છે. ચોંકાવનારી બાબત એ છે કે આ સમગ્ર હત્યાકાંડ ખરાવડ પોલીસ ચોકીથી માત્ર ૫૦ ડગલાંના અંતરે જ બન્યો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, સ્વિફ્ટ કારમાં સવાર થઈને આવેલા ૫ હથિયારધારી હુમલાખોરો ઢાબા પર પહોંચ્યા હતા અને ત્યાં બેસીને ભોજન કરી રહેલા યુવકો પર અચાનક ગોળીઓ વરસાવવાનું શરૂ



કરી દીધું હતું. ગોળીબારના અવાજથી ઢાબા પર હાજર લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને લોકોએ પોતાનો જીવ બચાવવા માટે ટેબલ તથા ખુરશીઓની પાછળ છુપાઈ જવું પડ્યું હતું.

આ અંધાધૂંધ ફાયરિંગમાં ૩ યુવકોના તો જમવાના ટેબલ પર જ ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. જ્યારે, પોતાનો જીવ બચાવીને ભાગવાનો પ્રયાસ કરી રહેલા ચોથા યુવકનો પણ બદમાશોએ પીછો કર્યો હતો અને તેને પણ ગોળીઓથી વીંધી નાખતા તેનું મોત થયું હતું.

આ લોહિયાળ ખેલ ખેલ્યા બાદ બદમાશોમાં કાયદાનો કોઈ ડર ન હોય તેમ તેઓ ઘટનાસ્થળે જ થોડી મિનિટો સુધી ખુલ્લેઆમ હથિયારો લહેરાવતા ફરતા રહ્યા હતા અને ત્યારબાદ કારમાં બેસીને ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ રોહતક પોલીસ રેન્જના ૈ હામિદ અખ્તર અને જીઁ ગૌરવ રાજપુરોહિત સહિત જિલ્લા પોલીસના તમામ ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઉપરાંત ઝૈંછ, સ્પેશિયલ સેલ અને ક્યૂજીન્ની ટીમોએ પણ સ્થળ પર પહોંચીને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ સમગ્ર હત્યાકાંડને 'ભાઉ રિટોલિયા' અને 'સન્ની રિટોલિયા' ગેંગ વચ્ચે ચાલી રહેલી જૂની અદાવત અને ગેંગવૉર સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે.

રશિયા-યુક્રેન યુદ્ધની સમાપ્તિ માટે ભારતના ઝડપી પ્રયાસો

સંઘર્ષ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર સૌપ્રથમ સર્વસંમતિ સાધવાનો પ્રયાસ

નવી દિલ્હી,

રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલું યુદ્ધ અનેક દેશોની દરમિયાનગિરી પછી પણ હજુ અટક્યું નથી. તેવા સમયે ભારતના પ્રયાસથી આ યુદ્ધનો અંત આવી શકે તેવી શક્યતા છે. જેમાં ભારતે બે દેશો વચ્ચે યુદ્ધ અટકાવવા પ્રયાસ શરૂ કર્યા છે. તેમજ યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ ભારતની યુદ્ધવિરામની દરખાસ્તને અમેરિકા, તુર્કીયે અને ઈજિપ્ત દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તોની સરખામણીમાં સૌથી વધુ પ્રભાવશાળી ગણાવી છે.

ભારતના આ પ્રસ્તાવમાં માત્ર હુમલા રોકવાની જ વાત નથી પરંતુ સંઘર્ષ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર સૌપ્રથમ સર્વસંમતિ સાધવાનો પ્રયાસ પણ છે. આ મુદ્દાઓમાં ઊર્જા માળખાગત સુવિધાઓ પરના હુમલા અટકાવવા, નાગરિકોને નિશાન ન બનાવવા અને કાળા સમુદ્રમાં સામાન્ય કામગીરી પુનઃસ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. આ પ્રસ્તાવ ત્યારબાદ કાયમી શાંતિ તરફ આગળ વધવાની વાત કરે છે. જોકે, પ્રસ્તાવની સંપૂર્ણ વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે બેંગલુરુમાં રોડ-શો યોજાયો

રોડ-શોમાં ઔદ્યોગિક સહયોગ માટેની તકો,સેમિકન્ડક્ટર, સ્પેસ સેક્ટર , ઈલેક્ટ્રોનિક્સ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન) ક્ષેત્રની તકો પર ખાસ ભાર મુકાયો

બેંગલુરુ,

કર્નાટકના બેંગલુરુ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) 2027ના રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની ઔદ્યોગિક તાકાત કેન્દ્રસ્થાને રહી હતી. રોડ-શોમાં રોકાણ, ટેક્નોલોજી ભાગીદારી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સહયોગ માટે નવી તકો શોધવા અગ્રણી ઉદ્યોગપતિઓ અને સરકારી પ્રતિનિધિઓ ભેગા થયા હતા.



રોડ શોમાં વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી ડૉ. વિનોદ રાવ , IAS દ્વારા VGGS 2027 પર એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ટેક્સટાઈલ સેક્ટર, રિન્યુએબલ એનર્જી, 24*7 પાવર સપ્લાય, પોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે કનેક્ટીવીટી, ધોલેરા SIRને હાઈલાઇટ કરવામાં આવ્યા હતા. આ સાથે જ ગુજરાતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને દર્શાવતી એક વિશેષ શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ ઉપરાંત ઉદ્યોગ પ્રતિનિધિઓએ રાજ્યમાં વ્યવસાયિક તકો અને ઔદ્યોગિક વિકાસ અંગેના પોતાના પ્રેક્ટિકલ અનુભવો અને મંતવ્યો પણ રજૂ કર્યા હતા.

સેમિનારને સંબોધતા ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા રવિન્દ્રસિંહ જાડેજાએ બંને રાજ્યો વચ્ચે મજબૂત ઔદ્યોગિક સહકારની સંભાવનાઓ પર ભાર મુક્યો હતો. રીવાબા રવિન્દ્રસિંહ જાડેજાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે "કર્ણાટકએ IT, સંશોધન, સર્વિસ, સ્પેસ,AI, ડેટા સેન્ટર ક્ષેત્રે અગ્રણી કેન્દ્ર તરીકે પોતાની ઓળખ બનાવી છે. જ્યારે ગુજરાત કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, જેમ્સ એન્ડ જવેલરી,ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બંદરો, સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી અને ગ્લોબલ કનેક્ટિવિટી ક્ષેત્રે પોતાની મજબૂત ક્ષમતાઓ ધરાવે છે. મને ÿZ વિશ્વાસ છે કે આપણા ઉદ્યોગો, સાહસિકો અને યુવા પ્રતિભાઓને સાથે લાવીને, આપણે નવીનતા, રોજગારી અને સહિયારી સમૃદ્ધિ માટે નવી તકોનું સર્જન કરી શકીશું .માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સતત કામ કરી રહ્યું છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના દુરદર્શી નેતૃત્વ હેઠળ, આપણા સામુહિક પ્રયાસો 'વિકસિત ભારત @2047' તરફની યાત્રાને વધુ મજબૂત બનાવશે,'' .

ઘર ખરીદતા પહેલાં બિલ્ડરની ફરિયાદો, નોટિસ, પેનલ્ટી અને અગાઉના પ્રોજેક્ટ્સની વિગતો જાણી શકાશે

ગુજરાત RERA વિભાગનો નવો અને મહત્વનો નિર્ણય

અમદાવાદ,

ગુજરાતમાં ઘર કે ફ્લેટ ખરીદવાનું આયોજન કરતા લોકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) દ્વારા ખરીદદારના હિતમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે પ્રોપર્ટી ખરીદતા પહેલાં બિલ્ડરે અગાઉ કયા પ્રોજેક્ટ્સ બનાવ્યા છે અને તેની સામે કેટલી ફરિયાદો થઈ છે તે સહિતની વિગતો જાણી શકાશે. આ માટે ગુજરાત RERAના વેબ પોર્ટલ પર 'પ્રમોટર્સ ટ્રેક રેકોર્ડ' નામનો નવો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.

આ નવી સુવિધા હેઠળ રાજ્યના ૧૭,૦૦૦થી વધુ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના પ્રમોટર્સની વિગતો એક જ ક્લિક પર ઉપલબ્ધ થશે. અત્યાર સુધી ઘર ખરીદનારાઓ માટે બિલ્ડરની અગાઉની કામગીરી અને તેની વિશ્વસનીયતા અંગેની સંપૂર્ણ માહિતી મેળવવી મુશ્કેલ હતી. પરંતુ હવે RERAના પોર્ટલ પર આ માહિતી સરળતાથી મેળવી શકાશે. નવા વિભાગમાં બિલ્ડરે અગાઉ કયા પ્રોજેક્ટ્સનું નિર્માણ કર્યું છે, તેની સામે કઈ ફરિયાદો નોંધાઈ છે, સરકારી નોટિસ આપવામાં આવી છે કે કેમ, કોઈ કાર્યવાહી થઈ છે કે નહીં અને કેટલી પેનલ્ટી ફટકારવામાં આવી છે તેની વિગતો ઉપલબ્ધ રહેશે.

આ ઉપરાંત, સંબંધિત પ્રોજેક્ટના પ્રોગ્રેસ રિપોર્ટ અને બાંધકામની વર્તમાન સ્થિતિ અંગેની માહિતી પણ પોર્ટલ પર જોઈ શકાશે. નાગરિકો પ્રોજેક્ટના નામ અથવા RERA રજિસ્ટ્રેશન નંબરના આધારે સર્ચ કરીને જરૂરી વિગતો મેળવી શકશે. આ સુવિધા ગુજરાત ઈઈઈછની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ગુજરાત ઈઈઈછના આ નિર્ણયથી રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા વધવાની આશા છે. ખાસ કરીને જીવનભરની બચતથી ઘર ખરીદતા મધ્યમ વર્ગના પરિવારોને બિલ્ડરની વિશ્વસનીયતા ચકાસવામાં મદદ મળશે. હવે માત્ર પ્રોજેક્ટની જાહેરાતો કે આકર્ષક ઓફરો જોઈને નહીં, પરંતુ બિલ્ડરના ભૂતકાળના રેકોર્ડના આધારે પણ ખરીદદારો વધુ સચોટ નિર્ણય લઈ શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિભાગોની સમીક્ષા બેઠકોનો ઉપક્રમ શરૂ કર્યો

ચાર વિભાગોના વરિષ્ઠ સચિવો અને નાણાં વિભાગ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજાઈ



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોની આ વર્ષના બજેટ અંતર્ગત થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજવાનો ઉપક્રમ શરૂ કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે બુધવારે ૨૫મી નવેમ્બરે વિભાગોના વરિષ્ઠ સચિવો અને વિભાગના વડાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અન્વયે શિક્ષણ, આરોગ્ય, ગૃહ અને સામાન્ય વહિવટ વિભાગની કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી.

આ વિભાગોની પ્રવર્તમાન કામગીરી, બજેટના યોજનાકિય લક્ષ્યાંકો સામે થયેલી પ્રગતિ અને સિદ્ધિઓની વિગતો ઝિણવટ પૂર્વક મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અમદાવાદમાં ઓનલાઈન કેબ-બાઈક ટેક્સી કંપનીઓ સામે રીક્ષા-ટેક્સી ચાલકોએ આરટીઓનો ઘેરાવ કર્યો

રોજગાર બચાવો આંદોલન હેઠળ મોટી સંખ્યામાં એકત્ર થઈને વિરોધ પ્રદર્શન

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ પોતાના રોજગાર અને હકોના રક્ષણ માટે અમદાવાદ આર.ટી.ઓ. (આરટીઓ) કચેરી ખાતે 'રોજગાર બચાવો આંદોલન' હેઠળ મોટી સંખ્યામાં એકત્ર થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ચાલકોએ આરટીઓ કચેરીનો ઘેરાવ કરીને ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ આધારિત કેબ અને બાઈક ટેક્સી કંપનીઓની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.



વિરોધ કરી રહેલા ડ્રાઈવરોએ આક્ષેપ કર્યો હતો કે ઓનલાઈન ટેક્સી અને બાઈક બુકિંગ કંપનીઓ દ્વારા ખૂબ જ ઓછું ભાડું ચૂકવવામાં આવે છે અને કમિશનનો મોટો હિસ્સો કંપનીઓ પોતે રાખી લે છે. આ ઉપરાંત, કંપનીઓ પાસે જરૂરી લાયસન્સ ન હોવાની તેમજ સફેદ નંબર પ્લેટવાળી બાઈક ટેક્સીઓના ગેરકાયદે સંચાલન સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. દિવાળી અગાઉ પણ તંત્ર દ્વારા ગેરકાયદે બાઈક અને ટેક્સી ડિટેઈન કરાઈ હોવા છતાં સમસ્યા યથાવત રહેતાં ચાલકોએ ફરી આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો. ગુજરાત રાજ્ય ઓટો રિક્ષા ફેડરેશનના મહામંત્રીએ કોમર્શિયલ અને નોન-કોમર્શિયલ વાહનોના વીમા તથા નિયમોના તફાવત અંગે પ્રહાર કર્યા હતા, અને જણાવ્યું હતું કે, "મોટર વ્હીકલ એક્ટ હેઠળ કોમર્શિયલ વાહનો ઊંચો વીમો ભરે છે ત્યારે મુસાફરોના પરિવારને વળતર મળે છે, જ્યારે સફેદ નંબર પ્લેટવાળા વાહનોના નિયમોમાં કોઈ સ્પષ્ટતા નથી." અન્ય એક આગેવાને રોષ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "ઘણા સમયથી અમને માત્ર તારીખ પર તારીખ અને લોલીપોપ જ આપવામાં આવ્યા છે, કોઈ નિકાલ આવ્યો નથી. જ્યાં સુધી નિકાલ નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

ખેડાની મહિસાગર નદી નજીક લક્ઝરી બસમાંથી ચાર પિસ્તોલ સાથે શખ્સ ઝડપાયો

ખેડા,

ખેડા જિલ્લામાં ગેરકાયદે હથિયારોની હેરાફેરી સામે સેવાલીયા પોલીસને મોટી સફળતા મળી છે. મહિસાગર નદી નજીક આવેલી જૂની પોલીસ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન લક્ઝરી બસમાંથી ચાર પિસ્તોલ સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે રૂપિયા ૧.૦૩ લાખનો મુદ્દામાલ કબજે કરી આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે મધ્યપ્રદેશથી હથિયારો લાવનાર અને અમદાવાદમાં હથિયારો મગાવનાર વ્યક્તિની કડીઓ પણ સામે આવી છે.

આ મામલે મળતી માહિતી મુજબ, ખેડા જિલ્લામાં બહારના રાજ્યોમાંથી ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી અટકાવવા પોલીસ દ્વારા સઘન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન મહિસાગર નદી નજીક આવેલી જૂની ચેકપોસ્ટ પર સેવાલીયા પોલીસની ટીમ વાહનોની તપાસ કરી રહી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી એક લક્ઝરી બસને રોકીને તપાસ કરવામાં આવી હતી. બસમાં તપાસ દરમિયાન ચાર પિસ્તોલ મળી આવતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી. પોલીસે હથિયારો સાથે અનુજ ઉર્ફે આર્યા વિજયસિંહ યાદવ નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. આરોપી હાલ જામનગરમાં રહેતો હોવાનું અને મૂળ ઉત્તર પ્રદેશનો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપી પાસેથી ચાર પિસ્તોલ સહિત કુલ રૂપિયા ૧.૦૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં મધ્યપ્રદેશમાંથી દાદા નામના શખ્સે પિસ્તોલ પહોંચાડી હોવાની અને અમદાવાદના મયંક ભારદ્વાજે હથિયારો મગાવ્યા હોવાની વિગતો સામે આવી છે.

દિવાળીની સિઝનમાં અંબાજી મંદિરે ૧૫ લાખ શ્રદ્ધાળુએ દર્શન કર્યા : દાન ભંડારમાં સવા કરોડની આવક

દેવ દિવાળીએ મંદિર ટ્રસ્ટ દ્વારા ભંડાર ખોલી ગણતરી હાથ ધરાઈ

અંબાજી,

શક્તિપીઠ અંબાજી ખાતે દિવાળીથી લઈ દેવ દિવાળી સુધીમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ અંબાજી મંદિરે ઉમટી પડી હતી. જોકે દિવાળીથી શરૂ થયેલી ૧૫ દિવસ સુધી એટલે કે આજે દેવ દિવાળી સુધીમાં શક્તિપીઠ અંબાજી ખાતે ૧૫ દિવસમાં ૧૫ લાખ ઉપરાંત શ્રદ્ધાળુઓ અંબાજી ખાતે પહોંચ્યા હતા અને મા અંબેના દર્શન કર્યા હતા મોટી સંખ્યામાં પહોંચેલા ભક્તોએ મા અંબાના મંદિરના ભંડારમાં છુટા હાથે દાનનો ભંડાર ભર્યો હતો.



દિવાળીના તહેવાર દરમિયાન અંબાજી મંદિરે લાખો શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા, જેનાથી અંબાજી મંદિરના દાનમાં વધારો થયો છે. આજે દેવ દિવાળીએ મંદિર ટ્રસ્ટ દ્વારા ભંડાર ખોલી તેની ગણતરી હાથ ધરાતા સવા કરોડ ઉપરાંતની છૂટા હાથે કરેલા દાનની રકમની ગણતરીનો આંકડો સામે આવ્યો છે. સૌ પ્રથમ જે ડોનેસન કાઉન્ટર ઉપર દાન નોંધવામાં આવ્યો હતો, તે ૧૨ લાખ ઉપરાંતને આવક દર્શાવવામાં આવી હતી.

સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતાના મૃત્યુના કેસમાં પરેશ ભજીયાવાલા કસૂરવાર

મેડિકલ બેદરકારી કેસમાં ૧૬ વર્ષ બાદ સુરત કોર્ટનો ચુકાદો

સુરત,

શહેરની ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલમાં વર્ષ ૨૦૦૯માં બનેલા મેડિકલ બેદરકારીના એક જૂના કેસમાં સુરત કોર્ટે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. જાણીતા સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતા જૈતુનબીબી દરબારના મૃત્યુના કેસમાં આરોપી પરેશ ભજીયાવાલાને કોર્ટે કસૂરવાર ઠેરવ્યા છે. સારવાર દરમિયાન થયેલી ગંભીર બેદરકારીને લઈને નોંધાયેલા આ કેસમાં લગભગ ૧૬ વર્ષ બાદ કોર્ટનો ચુકાદો આવતા આ મામલો ફરી ચર્ચામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, જૈતુનબીબી દરબાર સુરતની ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. આ દરમિયાન તેમની પીઠ નીચે ગરમ પાણીની હીટ બેગ મૂકવામાં આવી હતી. જોકે, આ હીટ બેગ સમયસર દૂર કરવામાં ન આવતા આખી રાત તેમની પીઠ નીચે જ રહી ગઈ હતી. પરિણામે તેમની પીઠમાં ગંભીર ઈજા થઈ હતી. આ બેદરકારીના કારણે જૈતુનબીબીની તબિયત વધુ લથડી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

હીટ બેગના કારણે પીઠમાં ગંભીર ઈજા થવાની ઘટના બાદ જૈતુનબીબી દરબારની તબિયત વધુ બગડી હતી અને આખરે ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ તેમનું અવસાન થયું હતું. આ ઘટનાને પગલે સારવારમાં બેદરકારી દાખવવામાં આવી હોવાના આક્ષેપ સાથે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

સીબીઆઈએ સમયસર ચાર્જશીટ ન કરતા ૧૯.૨૪ કરોડના ડિજિટલ એરેસ્ટના આરોપીને જામીન

સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ ગુજરાતના ત્રણ કેસોની તપાસ સીબીઆઈને સોંપાઈ હતી

અમદાવાદ,

દેશની સૌથી મોટી તપાસ એજન્સી સીબીઆઈએ એક સાયબર ઠગાઈના કેસમાં સમયસર ચાર્જશીટ ન કરતાં સીબીઆઈ કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ ગુજરાતના ત્રણ કેસોની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી, તપાસ એજન્સીએ નિયત સમય મર્યાદામાં ચાર્જશીટ દાખલ ન કરતા આરોપીના ડિફોલ્ટ જામીન મંજૂર થયા હતા. ગાંધીનગરના વૃદ્ધ મહિલા તબીબ પાસેથી ૧૯.૨૪ કરોડ પડાવી લેવાના ચકચારી કેસમાં સીબીઆઈની ઘોર બેદરકારી અને સમય મર્યાદામાં ચાર્જશીટ રજૂ ન થતા ઝડપાયેલા આરોપીને ડિફોલ્ટ જામીન મળ્યા છે ત્યારે ડિજિટલ એરેસ્ટના નામે થયેલી આ મહાઠગાઈ અને સર્ચ ઓપરેશનમાં મળેલા મહત્ત્વના પુરાવા છતાં તપાસ એજન્સીની ઢીલી નીતિ પર સવાલો ઊભા થયા છે.

ગાંધીનગરમાં રહેતાં ૭૫ વર્ષીય મહિલા ગાયનેકોલોજિસ્ટ તબીબને ગત ૧૫મી માર્ચે અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સાયબર ઠગોએ ઈડી, સુપ્રીમ કોર્ટ, CBI, ટ્રાઈ અને પોલીસના નામે ડરાવીને 'તમારા મોબાઈલ નંબર પરથી અશ્લિલ પોસ્ટ થઈ રહી છે' તેમજ 'આતંકવાદી કેસમાં તમારી ધરપકડ થશે' તેવી ધમકી આપી હતી. તબીબના બેંક ખાતા, શેર, સોનું અને ફિક્સ્ડ ડિપોઝિટની માહિતી મેળવી તેમને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. ત્રણ મહિનાના ગાળામાં ઠગોએ તબક્કાવાર બેંક ખાતાની રકમ ટ્રાન્સફર કરાવી, એફડી તોડાવી તેમજ બેંક લોકરના હીરાજડિત સોનાના દાગીના અને શેર સર્ટિફિકેટ વેચાવી કુલ ૧૯.૨૪ કરોડ પડાવ્યા હતા. 'વેરિફિકેશન પૂર્ણ થયા બાદ રકમ પરત મળશે' તેવી ખોટી ખાતરી આપી આ રકમ હડપ કરી લેવાઈ હતી. આ કેસમાં સીબીઆઈએ આરોપી મોહમ્મદ આસિફ મોહમ્મદ હાશિમની ૧૮ ઓક્ટોબરે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાયો હતો.

ઉચ્ચતર માધ્યમિક શિક્ષક યોગ્યતા કસોટીના પરિણામના મૂલ્યાંકન સામે ઉમેદવારોનો રોષ

ત્રણ દિવસથી શાંતિપૂર્ણ આંદોલન છતાં પોલીસે કરી અટકાયત

ગાંધીનગર,

ગાંધીનગરમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક યોગ્યતા કસોટીના પરિણામના મૂલ્યાંકન સામે ઉમેદવારોનો રોષ જોવા મળ્યો છે. મૂલ્યાંકન પ્રક્રિયામાં ગંભીર ખામી રહી હોવાના આક્ષેપ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયા હતા અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન પોલીસે કેટલાક ઉમેદવારોની અટકાયત કરી તેમને પોલીસ વાહનોમાં બેસાડીને સ્થળ પરથી લઈ ગઈ હતી. સત્યાગ્રહ છાવણી ખાતે



એકત્રિત થયેલા ઉમેદવારોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને સમગ્ર પરિણામનું નિષ્પક્ષ અને પારદર્શક રીતે પુનઃમૂલ્યાંકન કરવાની માગ કરી હતી. ઉમેદવારોનો આક્ષેપ છે કે પરીક્ષાની તૈયારી માટે દિવસ-રાત મહેનત કરવા છતાં તેમને અપેક્ષા કરતાં ખૂબ ઓછા ગુણ આપવામાં આવ્યા છે. પરિણામના મૂલ્યાંકનમાં ભૂલ થઈ હોવાની આશંકા વ્યક્ત કરીને તેમણે ન્યાયની માગ કરી હતી.

પોતાની રજૂઆત સરકાર સુધી પહોંચાડવા માટે ઉમેદવારો સ્થાનિક ધારાસભ્યને રૂબરૂ મળવા પણ પહોંચ્યા હતા. જોકે, પરિસ્થિતિ વણસે નહીં અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કડક વલણ અપનાવી કેટલાક ઉમેદવારોને ડીટેઈન કર્યા હતા. પોલીસ કર્મચારીઓ તેમને વાહનોમાં બેસાડીને સ્થળ પરથી લઈ ગયા હતા. આ કાર્યવાહીને પગલે ઉમેદવારોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

હવે કોર્ટમાં કેસ પહોંચે એ પહેલા જ ૨૪ સભ્યોની મધ્યસ્થી સમિતિ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવશે

સમિતિના સભ્યોને કાયદાકીય અને મધ્યસ્થીની પ્રક્રિયા સમજવા વિશેષ તાલીમ આપવામાં આવી

અમદાવાદ,

કોર્ટમાં પેન્ડિંગ કેસોનું ભારણ ઘટે અને વિવાદો કોર્ટમાં પહોંચે તે પહેલાં જ ઉકેલાઈ જાય તેવા ઉમદા હેતુથી ભારત સરકારે ગુજરાતમાં ૨૪ સભ્યોની એક વિશેષ સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના આદેશથી ભારતમાં પહેલીવાર વર્ષ ૨૦૨૩માં ઘડાયેલા 'મિડિયેશન એક્ટ'ની જોગવાઈ હેઠળ આ સમિતિની નિમણૂક કરીને સમગ્ર વ્યવસ્થાને અમલમાં લાવવામાં આવી રહી છે. આ સમિતિના સભ્યો દ્વારા કેસ કોર્ટમાં જાય તે પહેલાં જ બંને પક્ષકારોને સાથે બેસાડીને સુખદ સમાધાન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાતમાં મધ્યસ્થીની આ મહત્ત્વની કામગીરી કરવા માટે નિયુક્ત કરવામાં આવેલા ૨૪ સભ્યોમાં સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને બિઝનેસ-ઉદ્યોગ ક્ષેત્રે વર્ચસ્વ ધરાવનારા લોકોની પસંદગી કરવામાં આવી છે. આ તમામ ૨૪ સભ્યોને કાયદાકીય અને મધ્યસ્થીની પ્રક્રિયા સમજવા માટે ૪૦ દિવસની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. આગામી સમયમાં મધ્યસ્થીની આ સિસ્ટમ સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવશે અને મિડિયેટરે આ તમામ કેસોમાં સંપૂર્ણ ગુપ્તતા જાળવવી પડશે. વેપાર-ઉદ્યોગને લગતા કે પછી અન્ય પ્રકારના વિવાદોમાં સમિતિના સભ્યો બંને પક્ષોને સમાધાન સુધી લઈ જશે. સમાધાન થયા બાદ બંને પક્ષો પાસે એફિડેવિટ પર લખાણ કરાવી સહી-સિક્કા સાથે તે કોર્ટમાં મોકલી આપવામાં આવશે, જેના આધારે કોર્ટ તેના પર અંતિમ ઓર્ડર કરી દેશે.

આ ઉપરાંત, નાના નગરો અને ગ્રામીણ સ્તરની કોર્ટમાં પહોંચેલા અને કેસોના ભારણને કારણે લાંબા સમયથી હિયરિંગ પર ન આવતા કેસોની ફાઈલો પણ આ ૨૪ સભ્યોની સમિતિને મોકલવામાં આવશે. સમિતિને આવા કેસોમાં ૧ મહિનાનો સમય આપીને સમાધાન કરાવી નિરાકરણ લાવવા જણાવવામાં આવશે.

ભારત સરકારે ઘડેલો મિડિયેશન એક્ટ મધ્યસ્થીની કામગીરીને વધુ મજબૂત બનાવશે. અગાઉ જર્મની, જાપાન, ઈટાલી, નેધરલેન્ડ, કેનેડા, ન્યૂઝીલેન્ડ, બ્રાઝિલ અને સ્લોવેનિયા જેવા દેશોમાં મિડિયેશનની આ પ્રથા સફળતાપૂર્વક અમલમાં આવી ચૂકી છે, તેવી જ વ્યવસ્થા હવે ભારતમાં શરૂ થઈ રહી છે. આંકડાકીય વિગતો મુજબ, આ પ્રથાને કારણે બ્રિટનમાં ૯૨ ટકા, સિંગાપોરમાં ૮૯ ટકા અને ઑસ્ટ્રેલિયામાં ૬૬ ટકા કેસોમાં કોર્ટમાં જતાં પહેલાં જ સમાધાન થઈ જાય છે, જેનાથી ત્યાંની અદાલતોનું ભારણ નોંધપાત્ર રીતે ઘટ્યું છે.

રાજકોટની માધાપર ચોકડી પર ટ્રાફિક પોલીસને ઝપટમાં લેવાની એસીબીની ટ્રેપ નિષ્ફળ

લોકરક્ષકને એસીબી ટીમ હાજર હોવાની ગંધ આવી જતાં વાહન ચાલકને પહોંચ આપી બચાવ કરી લીધો

રાજકોટ:રાજકોટ શહેરના માધાપર ચોકડી વિસ્તારમાં ટ્રાફિક પોલીસના નામે ચાલતા કથિત ઉઘરાણાના રેકેટનો પર્દાફાશ કરવા આજે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે રંગીંગ ટ્રેપ ગોઠવી હતી, જોકે, કાર્યવાહી અંતિમ તબક્કામાં પહોંચે તે પૂર્વે જ ટ્રાફિક પોલીસના જવાને એસીબીની ટીમને ઓળખી લેતા પરિસ્થિતિ પારખી જઈ કોન્સ્ટેબલે તાત્કાલિક રૂ.૫૦૦નું ઓનલાઈન ચલણ જનરેટ કરી દીધું હતું, તેમ છતાં એસીબીએ કોન્સ્ટેબલ અને વોર્ડન બંનેને કચેરીએ લાવી સઘન પૂછપરછ હાથ ધરી છે.

પોલીસ અને એસીબી સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના માધાપર ચોકડી પાસે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસકર્મીઓ અને વોર્ડનો દ્વારા મુસાફરો ભરીને જતા ઈકો કાર ચાલકો પાસેથી ગેરકાયદેસર રીતે નાણાં ઉઘરાવવામાં આવતા હોવાની ગંભીર ફરિયાદો એસીબીને મળી હતી. આ ફરિયાદોની ખરાઈ કર્યા બાદ આજે એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું. એસીબીના પી.આઈ એ.એ.ખોખર અને તેમની ટીમે ગોઠવેલી ટ્રેપમાં કાર્યવાહી દરમિયાન જ્યારે લાંચની રકમની લેવડદેવડનો તબક્કો આવ્યો, ત્યારે જ ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલની નજર એસીબીની ટીમ પર પડી હતી અને તે ટીમને ઓળખી ગયો હતો. એસીબીની હાજરીની જાણ થતાં જ કોન્સ્ટેબલે ચતુરાઈ વાપરીને કાયદેસરની કાર્યવાહીનો ઢોંગ રચતા ઈકો ચાલકના નામે રૂ.૫૦૦નું ઓનલાઈન દંડનું ચલણ જનરેટ કરી આપ્યું હતું, જેથી લાંચના મામલાને ટ્રાફિક નિયમના ભંગના દંડમાં ખપાવી શકાય. જોકે, એસીબીના અધિકારીઓએ આ સમગ્ર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી હતી. ચલણ જનરેટ કર્યા હોવા છતાં, અગાઉથી મળેલી ફરિયાદ અને સંજોગોવશાત્ ઉભી થયેલી શંકાના આધારે એસીબીની ટીમે ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલ અને વોર્ડનને અટકાયતમાં લઈ એસીબી કચેરીએ ખસેડ્યા હતા. કચેરી ખાતે બંનેની લાંબી પૂછપરછ શરૂ કરવામાં આવી છે, જેમાં ઈકો ચાલકો પાસેથી અગાઉ કેટલી રકમ ઉઘરાવવામાં આવી છે અને તેમાં કોની કોની સંડોવણી છે તે દિશામાં તપાસ કેન્દ્રિત કરાઈ છે.

કોર્ટ અને કાયદાકીય જાણકારોના મતે, જો તપાસ દરમિયાન લાંચની માંગણી કે સ્વીકારના પૂરતા પુરાવા અને ટેકનિકલ કે સાક્ષી આધારિત તથ્યો સામે આવશે, તો માત્ર દંડનું ચલણ ફાડવાથી આરોપીઓ કાયદાકીય જવાબદારીમાંથી છટકી શકશે નહીં. એસીબી દ્વારા પૂછપરછ પૂર્ણ થયા બાદ પ્રાથમિક અહેવાલ અને પુરાવાના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. માધાપર ચોકડીની આ ઘટનાએ ટ્રાફિક શાખામાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

રાજકોટના ત્રંબા ગામે સરકારી ખરાબાની જમીન ગેરકાયદે ખેડનારને તંત્રએ રૂ. ૩.૮૮ લાખનો દંડ ફટકાર્યો

રેવન્યુ તલાટી મંત્રીને તાત્કાલીક જમીન ખાલસા કરાવવા તાલુકા મામલતદારનો આદેશ

રાજકોટ,

રાજકોટ ગ્રામ્ય વિસ્તારો સરકારી જમીન- ગૌચરની જમીન પર દબાણના કિસ્સા વધી રહ્યા છે ત્યારે રાજકોટ તાલુકા મામલતદારે ત્રંબા ગામે ૪ ગુંઠા સરકારી ખરાબાની જમીનમાં છેલ્લા ૧૫ વર્ષથી ખેડી ઉપજ મેળવતા ધંધાર્થીને રૂા.૩.૮૮ લાખનો દંડ ફટકારી સ્વૈચ્છીક દબાણ ન હટાવે તો તોડી પાડવા હુકમ કર્યો છે.

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં સરકારી જમીન, ગૌચરની જમીન પર દબાણ કરી હોટેલો, રેસ્ટોરન્ટ, કારખાના, ખેતી વિષયક દબાણના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે ત્રંબા ગામે ૪ ગુંઠા સરકારી ખરાબાની જમીન પર ૧૫ વર્ષથી દબાણ કરીને ખેતીની ઉપજ મેળવનાર ડીજેના ધંધાર્થીને તાલુકા મામલતદારે રૂ. ૩.૮૮ લાખનો દંડ ફટકાર્યો છે અને સ્વૈચ્છિક દબાણ ન હટાવે કલમ ૨૦૨ હેઠળ કાર્યવાહી કરી તોડી પાડવા હુકમ કર્યો છે.

રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સર્કલ ઓફિસરે કરેલી તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, કસ્તુરબાધામ ગામે રહેતા મનોજભાઈ ભાણાભાઈ બાવળિયાએ ગામના રેવન્યુ સર્વે નંબર ૨૭૭ પૈકીની આશરે એ. ૪.૦૦ ગુંઠા સરકારી ખરાબાની જમીન પર ખેતી વિષયક હેતુસર ગેરકાયદેસર કબ્જો કરી દબાણ કર્યું છે. સરકાર તરફે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ હેઠળ પેશકદમી કેસ દાખલ કરાયો છે. કેસની સુનાવણી દરમિયાન સામાવાળાને નોટિસ પાઠવી અવારનવાર મુદતો આપવામાં આવી હતી.

જોકે સુનાવણી દરમિયાન દબાણકર્તા મનોજ બાવળિયાએ જમીનની માલિકી અંગેના કોઈ પણ આધાર-પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. અહેવાલ મુજબ આ જમીન પર છેલ્લા ૧૫ વર્ષથી ગેરકાયદેસર દબાણ હોવાનું સ્પષ્ટ થતા મામલતદાર કોર્ટે સરકાર પક્ષે ચુકાદો આપ્યો હતો.

તાલુકા મામલતદાર કે.એચ. મકવાણાએ દબાણકર્તા પાસેથી નિયમોનુસાર વસૂલવાપાત્ર થતો ખેતી આકાર, અન્ય લોકલ સેસ તેમજ સરકારના ગેઝેટ મુજબ જંત્રીના ૧% લેખે ૩,૮૮,૫૧૨ નો દંડ વસૂલ કરવાનો હુકમ કર્યો છે. રેવન્યુ તલાટી અને તલાટી કમ મંત્રીને તાત્કાલિક અસરથી દબાણવાળી જમીનનો કબ્જો ખુલ્લો કરાવી પંચરોજકામ મોકલી આપવા અને જો દબાણ દૂર ન થાય તો જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ કાર્યવાહી કરી દબાણ હટાવવા સૂચના અપાઈ છે.

રાજકોટમાં હૃદયરોગના હુમલાનો હાહાકાર: પરિણીતા સહિત વધુ બેના મોત

શાપરમાં પરિણીતા અને ગુલાબનગરના આધેડને આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડ્યો

રાજકોટ,રાજકોટ સહિત રાજયભરમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ બે લોકોના શ્વાસ થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં શાપરમાં પરિણીતા અને ગુલાબનગરના આધેડને આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડ્યો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના શાપરમાં આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતી ગીતાબેન રમેશભાઈ સોલંકી નામની ૪૦ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યા તેણીનું મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

બીજા બનાવમાં ગુલાબનગરમાં રહેતા રમેશભાઈ પોપટભાઈ ખસીયા (ઉ.વ.૫૫) પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યા ફરજ પરના તબીબે જોઈ તપાસી રમેશભાઈ ખસીયાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યુ હોવાનું જાહેર કર્યુ હતું. મૃતક આધેડ ત્રણ ભાઈ ચાર બહેનમાં નાના હતા અને તેમને સંતાનમાં ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યુ છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના પોપટપરા મેઈન રોડ વિસ્તારમાં યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

પ્રેમસંબંધમાં બ્રેકઅપ થતાં અંતિમ પગલું ભરી જીવન ટૂંકાવ્યું:પરિવારમા શોક

રાજકોટ,રાજકોટ શહેરના પોપટપરા મેઈન રોડ વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતીય યુવકે પ્રેમસંબંધમાં નિષ્ફળતા મળતા અંતિમ પગલું ભરી જીવન ટૂંકાવ્યું હોવાની કરુણ ઘટના સામે આવી છે.

મળતી વિગતો અનુસાર, રાજકોટ પોપટપરા મેઈન રોડ પર રહેતા હિજમત રફીકભાઈ શેખ (ઉંમર ૨૪) નામના યુવકે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને પરિવારજનો એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક હિજમત મૂળ બિહારનો વતની હતો અને અહીં રહીને દાળ બનાવવાનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. મૃતકને કોઈ યુવતી સાથે પ્રેમસંબંધ હતો, પરંતુ તાજેતરમાં જ બંને વચ્ચે બ્રેકઅપ થઈ જતાં તે માનસિક રીતે ભાંગી પડ્યો હતો. આ આઘાતમાં જ તેણે આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.હિજમત બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો હતો. તેના આકસ્મિક અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ મામલે પ્ર. નગર પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજકોટના ગોપાલ ચોક પાસે એપાર્ટમેન્ટના પાર્કિંગમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

રાજકોટ,

રાજકોટના સાધુ વાસવાણી રોડ પર ગોપાલ ચોક પાસે જાગૃતિ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં જુગાર રમતા પાંચ જુગારીઓને યુની. પોલીસે ઝડપી લઈ રોકડ રૂ.૮૬૯૦ કબજે કર્યા હતા.

દરોડાની મળતી વિગતો મુજબ,રાજકોટ યુની. પોલીસ મથકના પીઆઈ કે.કે.ગોહિલની રાહબરીમાં સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી હકીકતના આધારે સાધુ વાસવાણી રોડ પર ગોપાલ ચોક પાસે જાગૃતિ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં દરોડો પાડી ત્યાં જુગાર રમતા પાંચ સિનિયર સિટીઝનને ઝડપી લીધા હતા. જેમાં પ્રફુલ આણંદભાઈ કક્કડ (ઉ.વ. ૭૨), જીવણલાલ જીવરાજભાઈ તન્ના (ઉ.વ. ૮૧), ભીખા રાજાભાઈ ટોયટા (ઉ.વ. ૭૩), હર્ષદ વિનોદભાઈ જાની (ઉ.વ. ૬૯) અને જયેશ મૂળશંકરભાઈ દવે (ઉ.વ. ૬૩) નો સમાવેશ થાય છે. પોલીસે રોકડ રૂ. ૮,૬૯૦ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં ઉત્તરાયણ પહેલા પતંગની દોરીથી ગળું કપાતા યુવાનનું મોત

બાઈક સવાર યુવાન દોરીથી ઘાયલ થતાં સારવારમાં ખસેડાતા મોત

રાજકોટ,

રાજકોટમાં પતંગનો દોરો ગળામાં ફસાતા ઘવાયેલા ૨૦ વર્ષીય અતિક ચૌહાણનું સારવારમાં મોત નીપજ્યું હતું. મૃતક ૨૧મીએ બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે તેના ઘર પાસે જ ઘટના બની હતી. યુવક સિવિલ હોસ્પિટલમાં દાખલ હતો જ્યાં દમ તોડી દેતા પરિવારમાં માતમ છવાયો હતો.



મળતી માહિતી મુજબ, અતિક રિયાઝભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૨૦ રહે. કુંભારવાડા રાજકોટ, તા. ૨૧/૧૧ના રોજ સાંજે ૬ વાગ્યાં આસપાસ પોતે બાઈક લઈને જતો હતો ત્યારે કુંભારવાડામાં ઘરે પાસે ગળામાં પતંગનો દોરો ફસાતા ગંભીર ઈજા થઈ હતી. તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહીં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું.

અતિક બે બહેનનો એકનો એક ભાઈ હતો. પરિવારે જણાવ્યું કે, બનાવના દિવસે અતિક ઉપર મિત્ર રહીશનો ફોન આવેલ કે, તેના પિતાની તબિયત સારી ન હોવાથી દવા લેવા જવાનું છે તું આવે. ત્યારે અતિક પોતાના ઘરે હતો.જેથી તે તુરંત મિત્રના ઘરે જવા બાઈક લઈને નીકળ્યો. ઘર નજીક જ શેરીમાં તે બાઈક લઈને જતો હતો ત્યારે પતંગનો દોરો ગળામાં ફસાઈ જતા બનાવ બન્યો હતો. આ કિસ્સામાં પીએમ થયું નથી. પરિવારે જણાવ્યું કે અમને ડોક્ટરે મરણનો દાખલો આપ્યો છે. જોકે અગાઉ પોલીસે એમએલસી નોંધી હતી.

રાજકોટના યાજ્ઞિક રોડ પરની સ્પ્રેની દુકાનમાં દારૂનું વેંચાણ કરતાં બે ઝડપાયા

દુકાનમાં બે કર્મી.દારૂ વેચવા અંગે દુકાન માલીક અજાણ હોવાનું : ગુનો દાખલ

રાજકોટ,

રાજકોટના યાજ્ઞિક રોડ પરની ઉનો અરોમા સ્પ્રેની દુકાનમાં દારૂનું વેંચાણ થતો હોવાની એલસીબી ઝોન-૨ ની ટીમને બાતમી મળતા જ દરોડો પાડ્યો હતો અને બે કર્મીને પકડી દારૂ કબ્જે કર્યો હતો. જોકે, દુકાન માલીક શરાબ અંગે અજાણ હોવાનું પણ સામે આવ્યું છે.

દરોડાની વિગત મુજબ, એલસીબી ઝોન-૨ ના એએસઆઈ જયંતીભાઈ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન યાજ્ઞીક રોડ ઈમ્પરીયલ હોટલ પાસે પહોંચતા ખાનગીરાહે હકિકત મળેલ કે, યાજ્ઞીક રોડ ધનરજની કોમ્પલેક્ષ ગ્રાઉન્ડ ફલોર ઉનો અરોમા સ્પ્રેની દુકાનમાં નિશાંત ચાવડા હાજર હોય જે વિદેશી દારૂનું વેચાણ કરે છે, જે ચોકકસ બાતમીના આધારે ટીમે ઉનો અરોમા સ્પ્રેની દુકાનમાં દરોડો પાડ્યો હતો.

પોલીસે ત્યાં હાજર શખ્સની અટક કરી નામ પૂછતાં પોતાનું નામ દિક્ષીત સુરેશ ગૌસ્વામી (ઉ.વ.૨૬, રહે. ઘંટેશ્વર એસ.આર.પી. કેમ્પની બાજુમાં સનરાઈઝ પ્રાઈમ ફલેટ નં.સી-૪૦૨ નવો ૧૫૦ ફુટ રીંગ રોડ) અને તેની સાથેના શખ્સે નિશાંત ગીરીશ ચાવડા (ઉ.વ.૨૦, રહે. જીમખાના કોલેજવાડી પાસે વીરમાયા શેરી નં.૩) હોવાનું જણાવ્યું હતું. નિશાંત પાસે રહેલ પીળા રંગના બોક્સમાં ખાખી ટેપ વીંટેલ હોય જેથી બોકસ ખોલી જોતા તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ-૨ મળી આવતાં બંને શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને શખ્સો તે દુકાનમાં નોકરી કરે છે જે દારૂ અંગે દુકાન માલિકને કોઈપણ જાતની જાણ ન હોવાનું પણ સામે આવ્યું હતું. હાલ પોલીસે બંને શખ્સોની અંદર પકડ કરી દારૂના સપ્લાયર અંગે તપાસ હાથ ધરી છે.

રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવતી નર્સનું તાવની બીમારીથી મોત

યુવતીની હોસ્ટેલમાં અચાનક તબિયત લથડી : સારવાર મળે તે પહેલાં જ મોત

રાજકોટ,

રાજકોટમાં ગિરિરાજ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૫ વર્ષીય યુવતીનું તાવ આવ્યા બાદ અચાનક તબિયત લથડતાં મોત નીપજ્યું હતું. મૂળ કોડીનારની વતની અને હોસ્પિટલ પાછળ આવેલી હોસ્ટેલમાં રહેતી યુવતીની તબિયત ગઈકાલે રાત્રે લથડતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક કાજલબેન કાળાભાઈ સોંદરવા (ઉ.વ.૨૫) રાજકોટની ગિરિરાજ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓ હોસ્પિટલ પાછળ આવેલી હોસ્ટેલમાં રહેતાં હતાં. છેલ્લા બે-ત્રણ દિવસથી તેમને તાવ આવતો હતો. જોકે, ગઈકાલે રાત્રે હોસ્ટેલમાં રોકાયેલાં હતાં ત્યારે અચાનક તેમની તબિયત વધુ લથડી હતી. આથી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. યુવતીના અચાનક મોતના સમાચાર મળતાં જ પરિવારજનો રાજકોટ દોડી આવ્યા હતા. કાજલબેન મૂળ કોડીનારના વતની હતાં અને તેમનો પરિવાર ખેતીવાડીના વ્યવસાય સાથે સંકળાયેલો છે. બે બહેનો અને એક ભાઈમાં કાજલબેન વચેટ હતાં.નાની વયે દીકરીનું અચાનક અવસાન થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હોસ્પિટલમાં નર્સ તરીકે સેવા આપતી યુવતીના મોતના સમાચારથી તેની સાથે ફરજ બજાવતા કર્મચારીઓ અને પરિચિતોમાં પણ શોકની લાગણી ફેલાઈ હતી. યુવતીને છેલ્લા કેટલાક દિવસથી તાવ આવતો હતો અને ત્યારબાદ અચાનક તબિયત લથડતાં મોત થયું હોવાનું પ્રાથમિક વિગતોમાં જાણવા મળ્યું છે. મોતનું ચોક્કસ કારણ જાણવા તબીબી તપાસ અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે વધુ તપાસ રાજકોટ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના ઢેબર રોડ પર રાહદારી મહિલાને બાઈક ચાલકે હડફેટે લઈ ફડાકા ઝીંકી દીધા

દાદાગીરી કરનાર અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ : પોલીસે શોધખોળ આદરી

રાજકોટ.રાજકોટના ઢેબર રોડ પર બાઈક ચાલકે પગપાળા રોડ ક્રોસ કરતી પરિણીતાને ઠોકર મારી રોડ પર પછાડી દીધી હતી. જે બાદ પરિણીતાએ વાહન સરખું ચલાવવાનું કહેતા વાહનચાલકે 'તું કંઈ નાની નથી, તને જોઈને ચાલતા આવડતું નથી' કહી પરિણીતાને ફડાકો ઝીંકી દીધો હતો. બાદમાં વાહન ચાલક ફરાર થઈ જતાં જાગનાથ સોસાયટીમાં રહેતી પરિણીતાએ ભક્તિનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે જાગનાથ સોસાયટી શેરી નં.-૨ માં પ્રતિક એપાર્ટમેન્ટમાં રહેતી કીર્તીબેન કેતનભાઈ ઠક્કર (ઉ.વ.૩૪) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીજે-૦૩-ઈજી-૧૫૩૧ નંબરના બાઈક ચાલકનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજના આશરે પાંચ વાગ્યે ઘરેથી એકલી ઢેબર રોડ પર સ્વામીનારાયણ ગુરુકુલ પાસે આવેલ બોમ્બે ટી.વી. સેન્ટર ખાતે ફ્રીજ જોવા ગયેલ હતી.

જ્યાં ફ્રિજ જોઈને સાડા પાંચ વાગ્યે ઘરે પરત જવા નીકળેલ હતી. ચાલતા ચાલતા ઢેબર રોડ પર મધુરમ હોસ્પીટલ સામે ક્રોસ કરતી હતી. દરમિયાન નાગરીક બેંક તરફથી એક બાઈક ચાલક પૂરપાટ ઝડપે ધસી આવ્યો હતો અને તેણીને હડફેટ લઈ રોડ ઉપર પછાડી દીધેલ હતી. જેથી ડાબા પગે તેમજ હાથમા બાવડાના ભાગે મુંઢ ઈજા તેમજ છોલચાલ જેવી ઈજા થયેલ હતી.

મહિલાએ બાઈક ચાલક પાસે જઈ કહેલ કે, ભાઈ બાઈક થોડી ધીમે ચલાવો તેમ કહેતા તે શખ્સ કહેવા લાગેલ કે, તું નાની નથી, તને જોઈને ચાલતા નથી આવડતુ તેમ કહેલ હતું. વધુમાં કહેલ કે, આમા મારો વાંક નથી, તમે જોઈને રોડ ક્રોસ કરતા હોય તો. જેથી તેને કહેલ કે, બાઈક થોડી ધીમે ચલાવો તો આવુ ન થાય તેમ કહેતા તે શખ્સ અભદ્ર ભાષામા વાત કરી ગાળો આપવા લાગેલ હતો.

બાદ તે પોતાનું બાઈક લઈ જવા લાગતા તેણીએ તેને રોકેલ હતો. જેથી બાઈક ચાલકે નીચે ઉતરી લ એક ફડાકો મારી દીધેલ હતો. જેથી બાઈક ચાલકનો ફોટો પાડતાં તે મને કહેવા લાગેલ કે, ફોટો પાડી લે. દરમિયાન રાહદારીઓ એકત્રિત થઈ જતાં બાઈક ચાલક પોતાનું વાહન લઈ નાસી ગયેલ હતો. જે મામલે મહિલાએ બાઈક ચાલક સામે ફરિયાદ આપતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જી ફડાકો ઝીંકી દેનાર શખ્સની વાહન નંબરના આધારે શોધખોળ આદરી હતી.

જૂનાગઢથી મહારાષ્ટ્ર કતલ માટે લઈ જવાતા બે બળદને પોલીસે બચાવી લેવાયા

જીવદયા ફાઉન્ડેશન અને પોલીસનો સંયુક્ત આટકોટ પાસે દરોડો: ટ્રક ચાલક સામે કાર્યવાહી

રાજકોટ.

જૂનાગઢથી મહારાષ્ટ્ર કતલ માટે લઈ જવાતા બે બળદને બચાવી લેવાયા હતાં. જીવદયા ફાઉન્ડેશન અને પોલીસનો સંયુક્ત આટકોટ પાસે દરોડો પાડી ધોરાજીના ટ્રક ચાલક સામે કાર્યવાહી કરી બે જીવને મુક્ત કરાયા હતાં.

બનાવ અંગે જસદણ પોલારપર રોડ સાગરમીલની બાજુમાં રહેતાં કીશનભાઈ સુરેશભાઈ જાડાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મેરામ ઉકા ભારાઈ (રહે. માતાવાડી પ્લોટ, ધોરાજી) નું નામ આપી જણાવ્યું હતું કે, તે જસદણમાં હીરાના કારખાનામાં હીરા ઘસી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમજ છેલ્લા બે મહીનાથી કૃપા ફાઉન્ડેસનમાં જીવદયા તથા ગૌસેવાને લગતી સેવાકીય કામગીરી પણ કરે છે.

ગઈકાલે તેઓ તથા રોનકભાઈ વાઢેર (રહે. બળધોઈ) બળધોઈ ડુંગર પાસે આવેલ ચા ની હોટલે હાજર હતા, ત્યારે રાજકોટથી જયેન્દ્રભાઈ ચંદવાણીયા પ્રમુખ કૃપા ફાઉન્ડેસન રાજકોટનો ફોન આવેલ કે, એક ખાનગી રાહે હકીકત મળેલ છે, એક બોલેરો ગાડી નં. જી.જે.-૧૧-વી.વી. -૬૨૦૮માં ગૌવંશ ભરીને જુનાગઢથી ગોંડલ થઈને આટકોટ બાજુ આવે છે અને કતલના ઈરાદે મહારાષ્ટ્ર તરફ જવાની છે.

જે વાત કરતા રોનકભાઈએ કહેલ કે, તમે આટકોટ પહોચો ત્યાં મારી હોટલે કોઈને બેસાડીને આવુ છુ.જેથી ફરીયાદી જસદણ ગયેલ અને ત્યાંથી મિત્ર અભયભાઈ સાંકળીયાને બાઈકમાં બેસાડી આટકોટ ગોંડલ ચોકડીએ આ બોલેરો ગાડીની આવવાની રાહ જોતા તે દરમ્યાન સાંજના આશરે સવા સાતેક વાગ્યે ગોંડલ તરફથી આ બોલેરો આવતા તેની પાછળ બંને આવેલ અને આટકોટ પ્રેટ્રોલ પંપ સામે આ બોલેરો ઉભો રખાવેલ અને તે દરમ્યાન પોલીસ પણ ૧૧૨ ગાડી આવી ગયેલ.

બોલેરોના ચાલકનુ નામ પુછતા પોતે પોતાનુ નામ મેરામ ઉકા ભારાઈ (ઉ.વ.૬૪) હોવાનુ જણાવેલ તથા બોલેરો જોતા ખીચો ખીચ રીતે અને ટુકા દોરડાથી મોઢું બાંધેલ હોય અને ઘાસચારો કે પાણીની સગવડ વિના નીચે માટી નાખ્યા વગર હલન ચલન ન કરી સકે તેવી સ્થિતિમાં ક્રુરતા રીતે કુલ-૦૨ બળદો કતલ કરવાના ઈરાદે ભરેલ જોવા મળેલ હતા. જેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી ૨ બળદને મુક્ત કરાવી આરોપીની અટક કરેલ હતી

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ભારત-નેપાળ સંબંધોઃ નવા યુગમાં વિશ્વાસ અને ભાગીદારીનો સંગમ

ભારત અને નેપાળ વચ્ચેનો સંબંધ માત્ર ભૌગોલિક પડોશનો નથી, પરંતુ સદીઓ જૂની સાંસ્કૃતિક, ધાર્મિક અને જનજાતીય જોડાણોનો છે. છતાં, આ સંબંધોમાં ઉતાર-ચઢાવ આવ્યા છે. નેપાળના વડાપ્રધાન બાલેન શાહની નવેમ્બર ૨૦૨૬માં ભારતની રાજકીય મુલાકાતે સંબંધોને નવો વેગ આપ્યો છે. આ મુલાકાતે બંને દેશો વચ્ચે "વિકસિત ભારત અને સમૃદ્ધ નેપાળ" ના સંયુક્ત વિઝનને સ્વીકાર્યું છે, જે ભવિષ્યની ભાગીદારીનો રોડમેપ છે.ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોનો પાયો રામાયણ અને બૌદ્ધ ધર્મ જેવા સહિયારા વારસામાં રહેલો છે.જનકપુર અને અયોધ્યા વચ્ચેની ધાર્મિક યાત્રા, પશુપતિનાથ અને ગોરખનાથ જેવા ધાર્મિક સ્થળો તથા લોકોના મુક્ત આવ-જા એ બંને દેશોને એક અનોખા બંધનમાં બાંધે છે. આ સાંસ્કૃતિક નિકટતા જ બંને દેશો વચ્ચેના વિશ્વાસનું મુખ્ય સ્ત્રોત છે.પીએમ બાલેન શાહની ભારત મુલાકાતને નેપાળના વિદેશ મંત્રીએ "ઐતિહાસિક સીમાચિહ્ન" ગણાવી છે, જેણે સંબંધોને સકારાત્મક દિશામાં પાછા લાવ્યા છે. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ ૧૯૫૦ના શાંતિ અને મૈત્રી સંધિ સહિતના જૂના કરારોની સમીક્ષા કરવા સંમતિ દર્શાવી છે, જે આધુનિક સમયની જરૂરિયાતોને પ્રતિબિંબિત કરે છે.

ભારતે નેપાળને ૧૫,૦૦૦ કરોડ રૂપિયા (લગભગ ૨૪,૦૦૦ કરોડ નેપાળી રૂપિયા)નું આર્થિક પેકેજ જાહેર કર્યું છે. આમાં ૩,૫૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ અને ૧૧,૫૦૦ કરોડ રૂપિયાની ક્રેડિટ લાઇનનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ પુનર્વસન અને ઊર્જા પ્રોજેક્ટ્સ માટે થશે. આ સહાય નેપાળના વિકાસને ઝડપી બનાવવા ઉપરાંત ચીનના વધતા પ્રભાવને સંતુલિત કરવાનો ભારતનો પ્રયાસ છે.ઊર્જા ક્ષેત્ર ભારત-નેપાળ ભાગીદારીનો મુખ્ય આધારસ્તંભ છે. ભારતની પાવર ગ્રિડ કોર્પોરેશન અને નેપાળ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટી વચ્ચે સંયુક્ત સાહસોની સ્થાપના થઈ છે, જે સીમાપાર વીજ પ્રસારણને મજબૂત કરશે. લોઅર અરુણ જળવિદ્યુત પ્રોજેક્ટનું શિલારોપણ પણ થયું છે, જે નેપાળની ઊર્જા ક્ષમતાને વધારશે.ભારતે નેપાળને દીનદયાળ બંદર (ગુજરાત) અને પારાદીપ બંદર (ઓડિશા)નો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે, જેથી નેપાળનો ત્રીજા દેશો સાથેનો વેપાર સરળ બને. વધુમાં, અયોધ્યા-જનકપુર વચ્ચે "સચ્યુ-કમલા એક્સપ્રેસ" ટ્રેન સેવા શરૂ થઈ છે, જે ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપશે. કાઠમંડુ-ભૈરહવા-લખનૌ હવાઈ માર્ગને દ્વિદિશાત્મક બનાવવાનો નિર્ણય પણ લેવાયો છે.બંને દેશોએ પારગમન સંધિના પ્રોટોકોલમાં સુધારો કરીને જોગબાની (ભારત) અને બિરાટનગર (નેપાળ) વચ્ચે રેલ-આધારિત માલવાહક સેવા શરૂ કરી છે. સીમા નજીક સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અને પાર્કના વિકાસ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી રોકાણ અને રોજગારીના નવા અવસરો ઊભા થાય.ખુલ્લી સીમા ધરાવતા બંને દેશો માટે સુરક્ષા એ મહત્વપૂર્ણ પાસું છે. મુલાકાત દરમિયાન સુરક્ષા, શિક્ષણ અને આરોગ્ય સહિત આઠ કરારો પર હસ્તાક્ષર થયા છે. ભારત માટે નેપાળ ચીન સામેના સ્ટ્રેટેજિક બફર તરીકે મહત્વનું છે, તેથી સંરક્ષણ સહકારને વધુ ગાઢ બનાવવા પર ભાર છે.બંને દેશો લોકશાહી મૂલ્યોમાં માને છે અને તેમના લોકો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માંગે છે. ભારતે નેપાળના પુનર્વસન માટે માનવતાવાદી સહાય પણ પૂરી પાડી છે, જે સારા પડોશી તરીકેની ભૂમિકાને દર્શાવે છે.

ગિરનારની ગહનતાના ઋષિ કવિ રાજેન્દ્ર શુક્લનો અનંતનાદ

શબ્દને સાધના અને ગઝલને આત્મખોજનું માધ્યમ બનાવનારા રાજેન્દ્ર શુક્લની વિદાય ગુજરાતી સાહિત્ય માટે ઊંડી ખોટ છે. ગિરનારની ગહનતા, ઉપનિષદનું ચિંતન અને જીવનની સહજ સંવેદનાને કવિતામાં ગૂંથનાર આ અલગારી સર્જક માત્ર કવિ નહોતા; તેઓ શબ્દની કેડીએ પરમતત્ત્વને શોધતા સાધક હતા. તેમની સ્મૃતિને વંદન કરતો આ લેખ તેમના સર્જન અને સાધનાનો ભાવપૂર્ણ પરિચય છે.

સાહિત્ય સરિતા

સુરેશ ભટ્ટ

કવિતા જેમની સાધના હતી અને શબ્દ જેમનો સાચો સાથ એવા ગુજરાતી કવિતાના સમર્થ સર્જક, ગઝલકાર અને અધ્યાત્મના આરાધક રાજેન્દ્ર શુક્લ શબ્દને સાધના માનનારા ઋષિકવિ હતા; તેમની રચનાઓમાં ગિરનારની ગહનતા, જીવનનું ચિંતન અને પરમતત્ત્વને પામવાની અવિરત ઝંખનાનો નિર્મળ સ્વર સંભળાતો રહ્યો.



રાજેન્દ્ર શુક્લની વિદાય સાથે ગુજરાતી ભાષાએ એવો સર્જક ગુમાવ્યો છે, જેના માટે કવિતા વ્યક્તિત્વથી અલગ રાખી શકાય એવી પ્રવૃત્તિ નહોતી. શબ્દ તેમની ઓળખનો આભૂષણ નહોતો; એ તેમના આંતરિક જીવનનો સહચર હતો. ચોર્યાસી વર્ષની વયે અમદાવાદમાં તેમના અવસાનના સમાચારે સર્જકો અને ભાવકોને જે શોકનો અનુભવ કરાવ્યો, તેમાં એક સ્નેહસભર ઉપસ્થિતિ ગુમાવ્યાની વેદના પણ હતી. કેટલાક માણસો તેમની રચનાઓથી પ્રિય બને છે, કેટલાક તેમના સ્વભાવથી; રાજેન્દ્ર શુક્લની સ્મૃતિમાં સર્જક અને સાધકની બંને છબિઓ સાથે ઊભરી આવે છે. તેમની વિદાયને એટલે માત્ર સાહિત્યિક ઘટનામાં સમાવી શકાતી નથી. એ એક અવાજ, એક ચિંતનશીલ સાન્નિધ્ય અને શબ્દનિષ્ઠ જીવનની ખોટ છે.

ગુજરાતી સાહિત્યમાં આધ્યાત્મિકતા કેવળ ધાર્મિક માન્યતાઓનું નિરૂપણ નથી; એ મનુષ્યની પોતાની સાથે થતી અંતરંગ વાતચીત છે. હું કોણ છું, જીવનનું પ્રયોજન શું છે, સંબંધોની ક્ષણભંગુરતા વચ્ચે શાશ્વત શું છે અને દેખાતા જગતની પેલે પાર કયું રહસ્ય ધબકે છે, એવા પ્રશ્નોમાંથી તેનો સ્વર ઊગે છે. અહીં ઈશ્વર કોઈ દૂરના આકાશમાં વસતી કલ્પના બની રહેતો નથી; એ માનવીના અંતરમાં ઊતરવાની દિશા બને છે. ભક્તિ, પ્રેમ, કરુણા, સમર્પણ અને આત્મજાગૃતિ આ દિશાનાં જુદાં જુદાં સોપાનો છે. કવિતા જ્યારે આ અનુભવોને સ્પર્શે છે ત્યારે ભાષા માત્ર કહેવાનું સાધન રહેતી નથી; એ સાંભળવાનું, અનુભવવાનું અને પોતાની ભીતર જાગવાનું નિમિત્ત બને છે. શબ્દ સાધનામાં પરિણમે છે.

આધ્યાત્મિક સાહિત્યની સાચી ઓળખ તેના ઉપદેશમાં નહીં, પરંતુ અનુભવની પ્રામાણિકતામાં રહેલી છે. તે જીવનથી મોં ફેરવવાનું શીખવતું નથી; જીવનની વચ્ચે રહીને તેના ઊંડાણને ઓળખવાનું આમંત્રણ આપે છે. પીડામાંથી કરુણા, વિયોગમાંથી વિશાળતા અને એકાંતમાંથી આત્મસંગ મેળવવાની ક્ષમતા સાહિત્યને આધ્યાત્મિક બનાવે છે. કોઈ કવિતા આપણને તૈયાર ઉત્તર આપવાને બદલે વધુ સજાગ પ્રશ્ન સુધી પહોંચાડે, ત્યારે પણ એ અધ્યાત્મનું કાર્ય કરે છે. બહારના કોલાહલથી થાકેલા માણસને પોતાની અંદરનું મૌન સંભળાય, એ પણ એક મોટી ઉપલબ્ધિ છે. ગુજરાતી કવિતામાં અધ્યાત્મનો અર્થ તેથી માત્ર પરલોકની ચિંતા નહીં, પરંતુ આ લોકમાં વધુ સંવેદનશીલ અને જાગૃત બનીને જીવવાની સમજ છે. તે માનવતાથી જુદી કોઈ સાધના માગતું નથી.

આ પરંપરામાં કવિનું સ્થાન ધર્મોપદેશક કરતાં સંવેદનશીલ સહયાત્રીનું વધારે છે. તે પોતાની અનુભૂતિને અંતિમ સત્ય તરીકે લાદતો નથી; વાચકને પોતાની અંતરયાત્રા માટે અવકાશ આપે છે. પ્રકૃતિનું દૃશ્ય, વિદાયની ક્ષણ, પ્રિયજનની સ્મૃતિ કે સમયનું સરકવું પણ તેના માટે આત્મબોધનું દ્વાર બની શકે છે. અહીં સાદો શબ્દ ગહન અર્થ ધારણ કરે છે અને મૌન પણ અભિવ્યક્તિ પામે છે. રાજેન્દ્ર શુક્લના સર્જનને સમજવા માટે અધ્યાત્મની આ ઉદાર ભૂમિકા અગત્યની છે. તેમની કવિતાની સાધકવૃત્તિ જીવનને નકારતી નથી; જીવનમાં છુપાયેલા અસીમને શોધે છે. તેમની ગઝલનો વાચક એટલે કેવળ ભાવક નહીં, પણ પોતાની અંદરના અજાણ્યા પ્રદેશ તરફ પગલું ભરતો સહપ્રવાસી બની શકે છે. આ તેની આધ્યાત્મિક સાર્થકતા છે.

જૂનાગઢ જિલ્લાના બાંટવામાં જન્મેલા આ કવિને યાદ કરતાં ગિરનારનું સ્મરણ સહજપણે થાય છે. તેમના સંદર્ભમાં 'અલગારી ગિરનારી' વિશેષણ માત્ર મનોહર સંબોધન નથી લાગતું; તે તેમની સર્જકપ્રકૃતિને સમજવાની ચાવી બની રહે છે. ગિરનારની ગહનતા અને સાધકની અંતર્મુખતા વચ્ચે જાણે કોઈ આત્મીય સંબંધ અનુભવાય છે. પર્વત બહારથી સ્થિર દેખાય છે, પરંતુ તેની તરફ જનારની અંદર કેટલું બધું બદલાતું રહે છે! તેમ રાજેન્દ્ર શુક્લની કવિતામાં પણ શબ્દની શાંતિ નીચે વિચારની ગતિ અનુભવાય છે. અહીં ગિરનારને તેમની કવિતાનું કોઈ એકમાત્ર અર્થઘટન નહીં, પરંતુ તેમની સાધકચેતનાને ઓળખવાનું ભાવપ્રતીક માનવું વધુ યોગ્ય છે.

અલગારી હોવું એટલે જગત પ્રત્યે ઉદાસીન થઈ જવું નહીં. પોતાની અંદરની હાકલને સાંભળતાં રહેવું, સ્વીકૃતિના ઘોંઘાટ કરતાં અનુભૂતિની સચ્ચાઈને મહત્ત્વ આપવું અને સર્જન સાથે નિષ્ઠાપૂર્વક જીવવું, એ અલગારીપણાનો વધુ ઊંડો અર્થ છે. રાજેન્દ્ર શુક્લ વિશે તેમના આત્મીયોએ વ્યક્ત કરેલા ઉદ્ગારોમાં આવી નિષ્ઠાનો પરિચય મળે છે. કવિની જાહેર ઓળખની પાછળ પરમતત્ત્વની શોધમાં પ્રવૃત્ત એક જિજ્ઞાસુ મનુષ્ય હતો. આ શોધ કોઈ સિદ્ધિની જાહેરાત નહોતી; એ સતત ચાલતી સાધના હતી. શોધ પૂરી થઈ ગઈ હોય તો પ્રશ્નો શમી જાય; તેમની કવિતાને યાદ કરતાં તો પ્રશ્નોની જ્યોત જ વધુ સ્પષ્ટ દેખાય છે.

તેમનો સર્જનપ્રવાસ પણ શબ્દ સાથેના આ દીર્ઘ સંબંધની સાક્ષી આપે છે. 'કોમલ રિષભ'નો ૧૯૭૦માં અને 'અંતર ગંધાર'નો ૧૯૮૧માં પ્રકાશન થયો. ત્યારબાદ ૨૦૦૫માં પાંચ ભાગમાં પ્રગટ થયેલી 'ગઝલ સંહિતા'એ તેમના ગઝલસર્જનનો વિશાળ પરિઘ વાચકો સમક્ષ મૂક્યો. ગીત, છાંદસ અને અછાંદસ કાવ્યો દ્વારા પણ તેમણે અભિવ્યક્તિ સાધી હતી. આ સ્વરૂપવૈવિધ્ય નોંધપાત્ર છે, છતાં તેમની ઓળખને માત્ર પ્રકાશનોની યાદીથી પૂર્ણ રીતે પામી શકાતી નથી. ગ્રંથો સર્જનની ઉપલબ્ધિ જણાવે છે; પરંતુ તે સર્જનની પાછળ રહેલી આંતરિક અનિવાર્યતા સમજવા માટે તેમની શબ્દસાધના અને જીવનદૃષ્ટિ તરફ વળવું પડે છે. ત્યાં કવિ અને સાધક એકમેકથી જુદા પડતા નથી.

'કોમલ રિષભ' અને 'અંતર ગંધાર' જેવાં શીર્ષકો જ વાચકના મનમાં સંગીતનો ભાવ જગાવે છે. તેમની સર્જનયાત્રાને સ્મરતાં આ નાદમયતા વિશેષ અર્થ ધારણ કરે છે. કાવ્યમાં લય માત્ર ઉચ્ચારની સુવિધા નથી; એ ભાવના અને વિચારને અંદર સુધી પહોંચાડતી ગતિ પણ છે. રાજેન્દ્ર શુક્લના ઘેઘૂર અવાજથી ભાવકો મંત્રમુગ્ધ થઈ જતા હોવાનું ભાગ્યેશ જહાએ યાદ કર્યું છે. એ સ્મરણમાં પાઠ કરનાર કવિની પ્રભાવશાળી ઉપસ્થિતિ ઝળકે છે. લખાયેલો શબ્દ જ્યારે સર્જકના કંઠે જીવંત થાય, ત્યારે સાંભળનાર માટે અર્થ સાથે અનુભૂતિનું પણ એક નવું દ્વાર ખૂલે છે. તેમની સ્મૃતિમાં શબ્દ અને સ્વર તેથી સહજપણે ભેગા થાય છે.

ભાગ્યેશ જહાની શ્રદ્ધાંજલિ તેમના વ્યક્તિત્વનું ખાસ મહત્ત્વનું પાસું ઉજાગર કરે છે. તેમના જણાવ્યા મુજબ રાજેન્દ્ર શુક્લ ઉપનિષદના ગહન સિદ્ધાંતોને સરળ ભાષામાં રજૂ કરી શકતા હતા. આ સરળતાને વિચારની હળવાશ સમજી શકાય નહીં. જટિલ અનુભવને દુર્બોધ બનાવવો સહેલો છે; તેની ઊંડાઈ જાળવીને સહજ રીતે કહેવું અઘરું છે. એ માટે વિષયનું જ્ઞાન પૂરતું નથી, અનુભૂતિ સાથેની આત્મીયતા પણ જોઈએ. જહાના સ્મરણમાં દેખાતા રાજેન્દ્ર શુક્લ એવા સર્જક છે, જેમની પાસે વિચાર શાસ્ત્રના પાનાંમાં બંધ રહેતો નહોતો. તે સંવાદમાં આવતો, કવિતામાં પ્રવેશતો અને ભાવકને પોતાના જીવન વિશે ફરી વિચારવા પ્રેરતો હતો. અહીં વિદ્વત્તા અને સહજતા વચ્ચેનું સુંદર સંતુલન દેખાય છે.

જહાએ પોતાના પ્રથમ વર્ષના કૉલેજ અભ્યાસ દરમિયાન તેમની પાસેથી ભગવદ્ગીતા ભણ્યાનું પણ યાદ કર્યું છે. પછીના સમયમાં ગઝલ અને તેમની કવિતામાં આવતા અધ્યાત્મ વિશે બંને વચ્ચે થયેલી વાતચીતનું સ્મરણ એક જીવંત શિક્ષકની છબી ઊભી કરે છે. સાચો શિક્ષક પાઠ્યવિષય સમજાવીને અટકતો નથી; તે વિચારવાની દિશા આપે છે. રાજેન્દ્ર શુક્લ આખી પેઢીના ગઝલકારો માટે માર્ગદર્શક તરીકે ઉપલબ્ધ રહ્યા હોવાનું જહાનું નિવેદન આ છબીને વધુ સ્પષ્ટ કરે છે. અહીં સર્જકની મહત્તા પોતાના સર્જનમાં જ સમાતી નથી; બીજાની સર્જનશક્તિને સંવાદ અને માર્ગદર્શનથી પોષવામાં પણ પ્રગટે છે. આવી ઉપસ્થિતિનું મૂલ્ય તેની ગેરહાજરીમાં વધુ તીવ્રતાથી સમજાય છે.

મોરારીબાપુએ ગુજરાતી સાહિત્ય અને ભાષામાં તેમનું સ્થાન 'ઋષિકવિ'નું હોવાનું જણાવ્યું છે. આ સંબોધનને તેમના પ્રત્યેના આદરની સાથે તેમના સર્જકસ્વભાવના સંકેત તરીકે પણ વાંચી શકાય. ઋષિકવિ એટલે માત્ર આધ્યાત્મિક વિષયો પર લખનાર કવિ નહીં; અનુભૂતિને શબ્દની જવાબદારી સાથે જોડનાર સર્જક. તેની વાણીનું મૂલ્ય મોટા દાવામાં નહીં, આંતરિક સચ્ચાઈમાં હોય છે. રાજેન્દ્ર શુક્લ વિશે વ્યક્ત થયેલી આ ભાવના તેમની કવિતાની પાછળ રહેલા સાધકને વંદન કરે છે. અહીં કવિતા જીવનનું વર્ણન કરતી પ્રવૃત્તિથી આગળ વધીને જીવનને સમજવાની રીત બને છે. શબ્દ બોલતાં પહેલાં તેને અંતરમાં સાંભળવાની ધીરજ એ રીતનું મહત્ત્વનું અંગ છે.

તેમના જીવનમાં કવિતા સાચો સાથ હતી, એવું કહેવામાં વિશેષ ભાવસત્ય રહેલું છે. માણસના જીવનમાં સમય સાથે સંબંધોના સ્વરૂપ બદલાય છે, પરિસ્થિતિઓ બદલાય છે અને શરીરની શક્તિ પણ બદલાય છે; પરંતુ પોતાની અંદર ઊભા થતા પ્રશ્નો સાથેનો સંબંધ ચાલુ રહે છે. સર્જક માટે કવિતા એ પ્રશ્નોને મળવાની જગ્યા બની શકે છે. ત્યાં તે નિર્ભયપણે પોતાની જિજ્ઞાસા, અસમંજસ અને ઝંખના સાથે હાજર રહી શકે છે. રાજેન્દ્ર શુક્લની પરમતત્ત્વની ખોજને આ સંદર્ભમાં સમજીએ તો કાવ્ય અને સાધના બે જુદી દિશાઓ લાગતી નથી. શબ્દની કેડી જ આંતરદર્શનની કેડી બને છે અને રચના પોતાની જાત સાથેના સંવાદનું સ્વરૂપ ધારણ કરે છે.

આવા કવિને વાંચતી વખતે દરેક પંક્તિમાંથી બોધવચન શોધવાની ઉતાવળ ન કરવી જોઈએ. કવિતાનું સામર્થ્ય ઘણી વાર તે સીધું શું કહે છે તેમાં જેટલું હોય છે, એટલું જ તે આપણી અંદર શું જગાડે છે તેમાં હોય છે. કોઈ પ્રશ્ન લાંબા સમય સુધી સાથ આપે, કોઈ છબી જીવનની ઓળખીતી બાબતને અજાણી રીતે દેખાડે, કે કોઈ વિરામ આપણને થોભવા પ્રેરે, ત્યારે કવિતા પોતાનું કાર્ય કરી રહી હોય છે. રાજેન્દ્ર શુક્લની સાધકછબિ આપણને આવું ધીરજભર્યું વાચન સૂચવે છે. પરમતત્ત્વની ખોજનો અર્થ પણ કદાચ સઘળાં રહસ્યો ઉકેલી નાખવા કરતાં રહસ્યની સામે વધુ નમ્ર, સજાગ અને સંવેદનશીલ બનવામાં રહેલો છે.

હવે તેમના અવાજનું પ્રત્યક્ષ સાન્નિધ્ય સ્મૃતિનો વિષય બન્યું છે, પરંતુ તેમની રચનાઓ સાથેનો સંબંધ હજી ખુલ્લો છે. 'કોક ત્રિભેટે થઈશું ભેળા, લ્યો હવે ફંટાય છે કેડી'—વિદાયના આ અવસરે સ્મરાતી પંક્તિમાં છૂટા પડવાની કરુણા સાથે ફરી મળવાની કોમળ આશા પણ રહેલી છે. કવિ સાથે હવે મુલાકાત પુસ્તકના પાને થશે, ગઝલના પાઠમાં થશે અને એકાંતમાં અચાનક જાગેલા પ્રશ્નમાં થશે. અલગારી ગિરનારીની કેડી આપણી નજરથી દૂર વળી ગઈ છે; છતાં તેમના શબ્દો આપણી યાત્રામાં સાથ આપતા રહેશે. તેમની સ્મૃતિને સાચવવી એટલે માત્ર શોક કરવો નહીં, પરંતુ તેમની કવિતાને સંવેદનપૂર્વક વાંચવી અને પોતાના અંતરના અવાજને સાંભળવા થોડો અવકાશ આપવો.

ટેકનોલોજી દ્વારા નકલી સોનાને અસલી બનાવી દેવાનો ખેલ

મોટાભાગના સોનાના વેપારીઓ જાણી શકતા નથી કે અસલી સોનામાં પણ નકલી સોનાની ભેળસેળ કરવામાં આવે છે. સોનાની ચમક પાછળ છુપાયેલી છેતરપિંડી સામાન્ય રીતે કોઈની નજરે ચડે તેમ નથી, પરંતુ દિલ્હીના એક સોનાના વેપારીએ ટેકનોલોજી દ્વારા થતી ભેળસેળ પકડી પાડી છે અને આખી વસ્તુ દિલ્હીના અંગ્રેજી અખબારોમાં પ્રસિદ્ધ થતા દેશભરમાં હોબાળો મચી ગયો છે.

ભારતીય પરિવારોમાં સોનું સૌથી પસંદગીનું રોકાણ અને આભૂષણ ગણાય છે, પરંતુ હવે બજારમાં નકલી સોનાનું એક એવું મોટું કૌભાંડ સામે આવ્યું છે જેણે જ્વેલર્સ અને ગ્રાહકોની ચિંતા વધારી છે. દિલ્હીના કરોલબાગમાં એક પ્રતિષ્ઠિત જ્વેલર પાસે સો ગ્રામનું સોનાનું બિસ્કિટ આવ્યું હતું, જે બહારથી એકદમ શુદ્ધ સોના જેવું દેખાતું હતું. તેનો રંગ, તેની ચમક, તેનું વજન અને તેના પર લાગેલી મહોર પણ એટલી સફાઈથી બનાવવામાં આવી હતી કે પહેલી નજરે કોઈને પણ શંકા ન જાય. જ્વેલરે જ્યારે તેને સામાન્ય રીતે તપાસ્યું ત્યારે પણ તે સાચું લાગ્યું, પરંતુ જ્યારે તેને ઊંડાણથી તપાસવામાં આવ્યું ત્યારે અંદરનું સત્ય સામે આવ્યું અને સૌ કોઈ ચોંકી ગયા. બહાર સોનાનું પાતળું પડ ચડાવેલું હતું અને અંદર બીજી સસ્તી ધાતુ ભરેલી હતી, જેનું વજન સોના જેટલું જ રાખવામાં આવ્યું હતું જેથી તોલમાં કોઈ ફરક ન પડે. આ ઘટનાએ એક વાત સ્પષ્ટ કરી દીધી છે કે હવે છેતરપિંડી માત્ર નાના સ્તરે નથી થતી, તે હવે ટેકનોલોજી અને વૈજ્ઞાનિક જ્ઞાનના ઉપયોગથી થઈ રહી છે. જ્યારે બજારમાં આવી વાત ફેલાય છે ત્યારે માત્ર એક જ્વેલર કે એક ગ્રાહક ડરતો નથી, આખું બજાર ડરવા લાગે છે, કારણ કે સોનાનો વેપાર વિશ્વાસ પર ચાલે છે અને વિશ્વાસ એક વાર તૂટે તો તેને ફરી જોડવો ખૂબ મુશ્કેલ બની જાય છે.

સોનું હંમેશા ભારતીય સમાજમાં માત્ર ધાતુ નથી રહ્યું. તે શ્રદ્ધા છે, સુરક્ષા છે, દીકરીના લગ્ન માટેની મૂડી છે, વૃદ્ધાવસ્થાનો સહારો છે અને મુશ્કેલ સમયમાં કામ આવતું ધન છે. માણસ પોતાની મહેનતની કમાણીમાંથી થોડું થોડું બચાવીને સોનું ખરીદે છે. કોઈ ખેડૂત પોતાનો પાક વેચીને સોનાની એક નાની ચીપ ખરીદે છે, કોઈ મજૂર મહિનાઓ સુધી બચત કરીને પત્ની માટે સોનાની વીંટી લે છે, કોઈ માતા પોતાની દીકરી માટે ધીમે ધીમે સોનું ભેગું કરે છે. આ બધા લોકોનો વિશ્વાસ સોના પર છે. જ્યારે આ વિશ્વાસ તૂટે છે ત્યારે માત્ર પૈસાનું નુકસાન નથી થતું, માણસના મનમાંથી બજાર પ્રત્યેની શ્રદ્ધા પણ તૂટી જાય છે. એટલા માટે જ આ કૌભાંડને સામાન્ય ગુનો માનીને છોડી દેવાય તેમ નથી. આ તો સામાન્ય માણસના વિશ્વાસ પર થયેલો ઘા છે. આ ઘા જો સમયસર રૂઝાવવામાં ન આવે તો લોકો સોનું ખરીદતાં ડરશે, નાના વેપારીઓનો ધંધો તૂટશે અને બજારમાં અફવાઓનું જોર વધશે. અફવા પણ ક્યારેક સાચા સમાચાર કરતાં વધુ નુકસાન કરે છે, કારણ કે અફવા ફેલાય ત્યારે સાચા વેપારી પણ શંકાના ઘેરામાં આવી જાય છે.

ચર્ચામાં એવી વાત પણ આવી રહી છે કે આ નકલી બિસ્કિટમાં અંદર જે ધાતુ ભરવામાં આવે છે તે બહારથી મંગાવવામાં આવે છે. આ વાત અંગે અત્યારે દરેક દાવાને અધિકૃત તપાસ વગર અંતિમ સત્ય માની લેવો જોઈએ નહીં, પરંતુ જે પદ્ધતિની ચર્ચા થઈ રહી છે તે સમજવા જેવી છે. તેનું વજન અને ઘનતા સોના જેવી જ હોય છે, એટલે સામાન્ય કાંટા કે સામાન્ય તપાસમાં તે પકડાતી નથી. ઉપર સોનાનું પડ એટલું સફાઈથી ચડાવવામાં આવે છે કે તેને કાપ્યા વગર કે આધુનિક મશીનથી તપાસ્યા વગર ખબર જ ન પડે. આ જ કારણે આ ધંધો વધુ ખતરનાક બન્યો છે. પહેલા નકલી સોનું દૂરથી જ ઓળખાઈ જતું હતું, તેનો રંગ ફિક્કો પડી જતો હતો, તેનું વજન હલકું લાગતું હતું, તેની ચમક જુદી લાગતી હતી. હવે તો મોટા મોટા જાણકારો પણ થાપ ખાઈ જાય તેવી નકલ બનવા લાગી છે. આનો અર્થ એ થયો કે જો આપણે જૂની પદ્ધતિથી જ સોનાની તપાસ કરતા રહીશું તો આપણે છેતરાઈ જઈશું. સમય બદલાયો છે તો તપાસની રીત પણ બદલવી પડશે. સોનાની શુદ્ધતા માત્ર આંખથી કે પથ્થર પર ઘસીને નક્કી કરવાનો જમાનો હવે ગયો છે. હવે વૈજ્ઞાનિક તપાસ જ સાચો આધાર બની શકે છે.

દિલ્હી જેવા મોટા બજારમાં આવી ઘટના બને ત્યારે તેની અસર આખા દેશમાં ફેલાય છે. દિલ્હીનું કરોલબાગ માત્ર દિલ્હીનું બજાર નથી, તે આખા ઉત્તર ભારતના સોનાના વેપારનું કેન્દ્ર ગણાય છે. અહીંથી સોનું નાના શહેરો અને ગામડાં સુધી પહોંચે છે. અહીથી જ નાના જ્વેલર્સ માલ ખરીદે છે અને પોતાના ગ્રાહકોને વેચે છે. જો કેન્દ્રમાં જ ભેળસેળ થતી હોય તો છેવાડાના ગ્રાહક સુધી સાચું સોનું પહોંચવાની ખાતરી કોણ આપશે. નાના જ્વેલર્સ પાસે મોટા મશીનો નથી હોતા, તેમની પાસે ઊંડી તપાસની સુવિધા નથી હોતી. તેઓ વિશ્વાસ પર માલ લે છે. આ વિશ્વાસનો જ લાભ આ કૌભાંડ કરનારા લોકો ઉઠાવે છે. તેઓ પહેલા થોડો સાચો માલ આપે છે, વિશ્વાસ જીતે છે અને પછી ધીમે ધીમે નકલી માલ ઘુસાડવા લાગે છે. આ જ કારણે કરોલબાગની કોઈ પણ ઘટનાને

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

સ્થાનિક ઘટના માનીને હળવાશથી લેવી જોઈએ નહીં. તે દેશના સોનાના બજાર માટે ચેતવણીરૂપ ઘંટડી છે. જો કેન્દ્રમાં જ તપાસ મજબૂત થશે તો નકલી માલ આગળ ફેલાતો અટકશે, અને જો કેન્દ્રમાં જ ઢીલ રહેશે તો આખી સાંકળમાં ભેળસેળ ફેલાઈ જશે.

આ પરિસ્થિતિમાં ગ્રાહકે શું કરવું તે સૌથી મોટો સવાલ છે. ગ્રાહકે હવે માત્ર બિલ અને દુકાનના નામ પર વિશ્વાસ કરીને બેસી રહેવું જોઈએ નહીં. સોનું ખરીદતી વખતે હોલમાર્ક, બીઆઈએસનું નિશાન, શુદ્ધતાનો આંક અને બિલમાં વજન અને ભાવની સંપૂર્ણ વિગત તપાસવી જોઈએ. ભારતીય માનક બ્યુરો એટલે કે બીઆઈએસની હોલમાર્ક વ્યવસ્થા સોનાની શુદ્ધતાની સત્તાવાર ઓળખ છે, તેમાં બીઆઈએસનો લોગો, શુદ્ધતાનો આંક અને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર હોય છે, જેને બીઆઈએસ કેર એપ કે બીઆઈએસની વેબસાઇટ પર ચકાસી શકાય છે. સોનું ખરીદ્યા પછી તેને કોઈ વિશ્વાસપાત્ર અને સ્વતંત્ર તપાસ કેન્દ્રમાં તપાસાવવું જોઈએ. જો કોઈ સોદો બજારભાવ કરતાં ઘણો સસ્તો લાગે તો સમજી લેવું કે તેમાં કંઈક ગરબડ છે. સસ્તાના લોભમાં જ માણસ સૌથી વધુ છેતરાય છે. કોઈ અજાણ્યો માણસ ઓછા ભાવે સોનાનું બિસ્કિટ વેચવા આવે, કોઈ કહે કે તેને તાત્કાલિક પૈસાની જરૂર છે એટલે સસ્તામાં આપે છે, તો ત્યાં જ સાવધાન થઈ જવું જોઈએ. આવા લોભામણા સોદા મોટાભાગે છેતરપિંડી જ હોય છે. સાચું સોનું ક્યારેય બજારભાવ કરતાં ઘણું સસ્તું મળતું નથી, કારણ કે તેની કિંમત આખા દેશમાં લગભગ એકસરખી રહે છે.

જ્વેલર્સની પણ એટલી જ જવાબદારી છે. મોટા જ્વેલર્સે પોતાની દુકાનમાં આધુનિક તપાસ મશીન રાખવા જોઈએ. સોનું ખરીદતી વખતે માત્ર બહારની મહોર જોઈને માલ ન લેવો જોઈએ, તેને અંદરથી પણ તપાસવો જોઈએ. દરેક જ્વેલર્સે પોતાના સંગઠનમાં આ અંગે જાગૃતિ ફેલાવવી જોઈએ. જો કોઈ શંકાસ્પદ માલ આવે તો તેની જાણ તરત પોલીસ અને બીજા વેપારીઓને કરવી જોઈએ. એક વેપારી છેતરાય તો તે માત્ર તેનું નુકસાન નથી, તે આખા બજારની બદનામી છે. એટલે આ લડાઈ એકલા હાથે લડવાની નથી, સૌએ સાથે મળીને લડવાની છે. સરકારે પણ આ મામલે કડક પગલાં લેવા જોઈએ. સોનાની આયાત, સોનાના બિસ્કિટ બનાવવા અને તેના વેચાણ પર વધુ કડક નજર રાખવી જોઈએ. જે લોકો નકલી સોનું બનાવે છે અને વેચે છે તેમને માત્ર દંડ કરીને છોડી દેવાય નહીં, તેમને એવી સજા થવી જોઈએ કે બીજા કોઈ આવું કરવાની હિંમત ન કરે. સાથે સાથે સામાન્ય લોકો માટે સસ્તી અને સરળ તપાસની સુવિધા પણ ઊભી કરવી જોઈએ, જેથી ગામડાનો માણસ પણ પોતાનું સોનું તપાસાવી શકે. જો તપાસ મોંઘી અને અઘરી હશે તો સામાન્ય માણસ તે કરાવશે નહીં અને છેતરપિંડી કરનારાને જ ફાયદો થશે.



આ મુદ્દાને સમજવા માટે દેશમાં અગાઉ નોંધાયેલા બનાવો પણ ધ્યાનમાં રાખવા જેવા છે. સૂરતમાં એક જ્વેલરને સો ગ્રામના ત્રણ બિસ્કિટના બદલામાં લાખો રૂપિયાના દાગીના આપીને છેતરવામાં આવ્યા હોવાનો બનાવ અખબારોમાં નોંધાયો છે, જેમાં ઉપર ચોવીસ કેરેટનું પડ હોવ

યુવરાજ સિંહે પ્રોત્સાહન આપ્યા બાદ વૈભવ સૂર્યવંશીએ ૨૮ છગ્ગા સાથે બેવડી સદી ફટકારી ઈતિહાસ રચ્યો

નવીદિલ્હી,

૨૪ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ વૈભવ સૂર્યવંશીએ ઈન્ડિયા છ માટે રમેલી વિસ્ફોટક ઈનિંગ્સ ઈતિહાસના પાનામાં કોતરાઈ ગઈ છે. તેણે બનાવેલા રેકોર્ડ આવનારા ઘણા વર્ષો સુધી વિશ્વના કોઈપણ ખેલાડી દ્વારા અજોડ રહેવાની અપેક્ષા છે. દરમિયાન, મેચ પછી, વૈભવે ખુલાસો કર્યો કે તેણે યુવરાજ સિંહ સહિત ચાર લોકો સાથે વાત કરી હતી. તેણે તેની સાથે લગભગ અડધો કલાક વાત કરી હતી.

યુએઈ સામે એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ મેચમાં, વૈભવ સૂર્યવંશીએ શાનદાર બેટિંગ કરી, માત્ર ૫૨ બોલમાં ડબલ સેન્ચુરી ફટકારી. તેણે મેચ દરમિયાન ૨૮ છગ્ગા ફટકાર્યા. બીસીસીઆઈ સાથેના એક ઇન્ટરવ્યુમાં, વૈભવે કહ્યું કે મેચના એક દિવસ પહેલા, તેણે ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન યુવરાજ સિંહ સાથે ફોન પર વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન, યુવરાજે તેને પ્રોત્સાહન આપ્યું અને કેટલીક ટિપ્સ આપી, જે મેચના દિવસે કામમાં આવી. આ પહેલા, એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સની બે મેચમાં વૈભવનું બેટ ખરાબ રહ્યું હતું. તે નેપાળ સામે નોંધપાત્ર અસર કરવામાં નિષ્ફળ ગયો અને પછી પાકિસ્તાન સામે માત્ર ૧૧ રનમાં આઉટ થયો. જોકે, ત્રીજી મેચમાં તેણે જે સુનામી ફેલાવી તે આખી



દુનિયાએ જોઈ.

ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ કહ્યું કે તેણે મેચ પહેલા ચાર લોકો સાથે વાત કરી હતી. પહેલું નામ તેના પિતાનું હતું. તેણે તેના બાળપણના ક્રિકેટ કોચ મનીષા ઓઝા સાથે પણ વાત કરી. વૈભવે તેના અંડર-૧૯ મિત્ર પ્રથમ સાથે પણ વાત કરી. યુવરાજ સિંહ સાથેની તેની વાતચીત લગભગ અડધો કલાક ચાલી. વૈભવે કહ્યું કે યુવી તેનો આદર્શ છે. "જો તમે કોઈ આદર્શ સાથે વાત કરો છો, તો તમે તેમની દરેક વાત સાંભળો છો. તેણે તેમની દરેક વાત સાંભળી. તેણે મને ઘણી મહત્વપૂર્ણ વાતો કહી," તેણે કહ્યું. વૈભવે કહ્યું કે તેણે યુવરાજ સિંહની બેટિંગના વીડિયો જોયા. આનાથી તેને સમજવામાં મદદ મળી કે તે ક્યાં ભૂલો કરી રહ્યો છે. તેણે આ મેચમાં તે ભૂલો ટાળવાનો પ્રયાસ કર્યો. તે ખૂબ મદદરૂપ થયો. કદાચ આ જ કારણે વૈભવ આક્રમક ઈનિંગ્સ રમવા માટે પ્રેરિત થયો, અને વૈભવે મેચ દરમિયાન રેકોર્ડ બુક તોડી નાખી.ભારત એ ની ટીમે ન્યૂઝીલેન્ડના ૨૫૦ રનના લક્ષ્યને માત્ર ૧૪.૨ ઓવરમાં હાંસલ કરી લીધો. ભારતે ૨૫૪ રન બનાવ્યા, જેમાંથી ૨૦૪ એકલા વૈભવ સૂર્યવંશીએ બનાવ્યા.

એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સમાં ભારત - પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર મુકાબલો થવાની શક્યતા

નવીદિલ્હી,

એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટ હવે તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. ચાર સેમિફાઇનલ ખેલાડીઓ ફાઇનલ થઈ ગયા છે. બાકીની ટીમો બહાર થઈ ગઈ છે. દરમિયાન, સેમિફાઇનલમાં કઈ ટીમ કોની સામે ટકરાશે તે પણ પુષ્ટિ થઈ ગઈ છે. આ સાથે, ભારત અને પાકિસ્તાન વચ્ચે બીજી મહાકાવ્ય ટક્કરની આશા જાગી છે.

ભારત અને પાકિસ્તાન ઉપરાંત, શ્રીલંકા અને બાંગ્લાદેશની છ ટીમોએ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ ના સેમિફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે. ભારતે તેમના અંતિમ લીગ મેચમાં યુએઈ ને વ્યાપક રીતે હરાવ્યું, જ્યારે પાકિસ્તાને નેપાળને હરાવ્યું. હવે, જો આપણે સેમિફાઇનલ લાઇનઅપ વિશે વાત કરીએ, તો ભારત શ્રીલંકાનો સામનો કરશે, જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશ ટકરાતા જોવા મળશે.

ભારત સેમિફાઇનલમાં શ્રીલંકાનો સામનો કરશે. આ મેચ ગુરુવાર, ૨૬ નવેમ્બરે દોહામાં રમાશે. બીજી સેમિફાઇનલ શુક્રવાર, ૨૭ નવેમ્બરે દોહામાં પણ રમાશે. વિજેતા ટીમો ફાઇનલમાં જશે, જ્યારે હારેલી ટીમો બહાર થઈ જશે.

હવે, ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રાન્ડ ફાઇનલની શક્યતા ફરી એકવાર ઉભરી રહી છે. જો ભારત શ્રીલંકાને હરાવે છે અને પાકિસ્તાન બાંગ્લાદેશને હરાવે છે, તો બંને ટીમો ફાઇનલમાં પહોંચશે. આ પછી ટાઇટલ ટક્કર થશે, જે રવિવાર, ૨૯ નવેમ્બરના રોજ દોહાના એક જ સ્ટેડિયમમાં રમાશે. એ જોવાનું બાકી છે કે રવિવાર સુપર સન્ડે હશે કે અન્ય ટીમો એકબીજા સામે ટકરાશે. જો આવું થાય, તો ભારત પાસે ચોક્કસપણે ફરી એકવાર ટાઇટલ જીતવાની તક હશે.

રાહુલ ગાંધીએ બોલિવૂડના સૌથી સુંદર યુગલ રિતેશ દેશમુખ અને જેનેલિયા ડિસોઝાનો ફોટો શેર કર્યો

મુંબઈ,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આ દિવસોમાં તેમના રાજકીય નિવેદનો તેમજ તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્સ માટે હેડલાઈન્સમાં છે. મંગળવારે, તેમણે તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કંઈક શેર કર્યું જેણે બધાનું ધ્યાન ખેંચ્યું. હકીકતમાં, રાહુલ ગાંધીએ બોલિવૂડના સૌથી સુંદર યુગલ, રિતેશ દેશમુખ અને જેનેલિયા ડિસોઝાનો ખૂબ જ સુંદર ફોટો શેર કર્યો. આ ફોટામાં, જેનેલિયા તેના પતિ રિતેશના ખોળામાં પ્રેમથી બેઠી અને પીઝા ખાતી જોવા મળે છે. રાહુલની પોસ્ટ સામે આવતાની સાથે જ, ઈન્ટરનેટ પર ભારે ધમાલ મચી ગઈ, અને વપરાશકર્તાઓ તેના પર



ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી રહ્યા છે.જોકે, તેમણે આ ફોટો કેમ શેર કર્યો તે અંગે સોશિયલ મીડિયા પર અટકળો ચાલી રહી છે, અને ફોટો હવે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. રાહુલ ગાંધીએ માત્ર આ ફોટો શેર કર્યો જ નહીં, પરંતુ પૃષ્ઠભૂમિમાં એક ખૂબ જ રોમેન્ટિક ગીત પણ વગાડ્યું. તેમણે આ પોસ્ટ સાથે શાહરૂખ ખાનની આગામી ફિલ્મ "કિંગ" નું "કહીં તો તુ મિલ જાયે" ગીત પણ વગાડ્યું. મંગળવારે રિતેશ દેશમુખે પોતે આ ફોટો પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો. આ ફોટોમાં બંને એક રેસ્ટોરન્ટમાં જોવા મળે છે, જ્યાં રિતેશ ખુરશી પર બેઠો છે અને જેનેલિયા તેના ખોળામાં બેઠી છે, પ્રેમથી તેને પીઝા ખવડાવી રહી છે.

નોંધનીય છે કે, જ્યારે રિતેશ દેશમુખે આ ફોટો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો, ત્યારે તેણે એક રમુજી કેપ્શન પણ લખ્યું: "૨ માટે ટેબલ, ૧ માટે ખુરશી." હવે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ ખાસ ફોટો પોસ્ટ કરવાથી દરેકનું ધ્યાન ખેંચાઈ રહ્યું છે. આ પોસ્ટ હવે ફિલ્મ જગતથી લઈને રાજકારણ સુધી વ્યાપકપણે ચર્ચામાં છે. હકીકતમાં, થોડા દિવસો પહેલા જ રાહુલ ગાંધી તેમના માતાપિતાના સંબંધો અંગેના નિવેદન માટે સમાચારમાં હતા.

આઈપીએલ હરરાજીમાં આર્યવીર સેહવાગ, મોહિત ઉલ્વા સહિતના નવા અને યુવા ભારતીય ખેલાડીના નામ

નવીદિલ્હી,

આગામી વર્ષની આઈપીએલ હરાજીની તારીખ નજીક આવી રહી છે. બધી ટીમોએ તેમના રિટેન કરેલા ખેલાડીઓની યાદી જાહેર કરી છે. હવે, હરાજીમાં રહેલા ખેલાડીઓની યાદી પણ બહાર આવવા લાગી છે. આ વખતે, કેટલાક નવા અને યુવા ભારતીય ખેલાડીઓ પણ હરાજીમાં જોવા મળશે. ભારતીય ટીમના ભૂતપૂર્વ ખેલાડી વીરેન્દ્ર સેહવાગના પુત્રએ પણ પોતાનું નામ સબમિટ કર્યું છે. જોકે, રાહુલ દ્રવિડનો પુત્ર અન્વય દ્રવિડ યાદીમાંથી ગાયબ છે.

આઈપીએલ ૨૦૨૭ ની હરાજી ૧૬ ડિસેમ્બરે યોજાશે. આ



દરમિયાન, ભારતની અંડર-૧૯ ટીમ માટે રમનારા ખેલાડીઓના નામ સામે આવવા લાગ્યા છે. વીરેન્દ્ર સેહવાગના પુત્ર, આર્યવીર સેહવાગે તાજેતરમાં પૂર્ણ થયેલા અંડર-૧૯ એશિયા કપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તે આગામી હરાજીમાં નોંધપાત્ર બોલી લગાવી શકે છે. હવે, ક્રિકબઝના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે હરાજીની યાદીમાંથી અન્વય દ્રવિડનું નામ ગાયબ છે. વધુમાં, ફાઈનલમાં પાકિસ્તાનને હરાવવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર મોહિત ઉલ્વા પણ આ યાદીમાં છે.દરમિયાન, એવું પણ બહાર આવ્યું છે કે અંડર-૧૯ એશિયા કપ માટે પસંદ કરાયેલ ભારતીય ટીમના કેપ્ટન લક્ષ્ય રાયચંદાની આ યાદીમાં નથી. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડે પણ પોતાનું નામ રજૂ કર્યું નથી. આનો અર્થ એ થયો કે હરાજીના દિવસે તેમનું નામ બોલાવવામાં આવશે નહીં. કાવ્યા પટેલનું નામ યાદીમાં છે, પરંતુ મનલ ચૌહાણે પોતાનું નામ નોંધાવ્યું નથી. જોકે, બીસીસીઆઈ કે આઈપીએલ દ્વારા નોંધાયેલા ખેલાડીઓના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી.

એન્ડોમેટ્રિઓસિસ સર્જરી કરાવ્યા બાદ સુમોના ચક્રવર્તીએ જીમમાં ૨૦ મિનિટ વર્કઆઉટ કર્યું

મુંબઈ,

સુમોના ચક્રવર્તીએ જુલાઈમાં એક લાંબી પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણીની એન્ડોમેટ્રિઓસિસ સર્જરીનો ખુલાસો કરવામાં આવ્યો હતો. અભિનેત્રીએ સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે સોશિયલ મીડિયાથી પણ વિરામ લીધો હતો. તેણીની સર્જરીના બે મહિના પછી, સુમોનાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં તેણીની ગેરહાજરીનું કારણ સમજાવવામાં આવ્યું હતું. હવે, તેણીની સર્જરીના છ મહિના પછી, તેણીએ તેણીની ફિટનેસ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સોમવારે, સુમોના ચક્રવર્તીએ સોશિયલ મીડિયા પર એક



વીડિયો શેર કર્યો, જેમાં તેણી જીમમાં પરસેવો પાડતી દેખાઈ રહી છે. વીડિયો શેર કરતા, તેણીએ સમજાવ્યું કે તેના ડૉક્ટર તરફથી "બધું સાફ" મળ્યા પછી, તે જીમમાં પાછી ફરી છે.

વીડિયોમાં, સુમોના ચક્રવર્તી વર્કઆઉટ પછી તેની સ્થિતિ બતાવતી જોઈ શકાય છે. વિડિઓમાં, તેણીએ સમજાવ્યું કે સંપૂર્ણ પગની કસરત પછી, તે દોડી પણ હતી. લાંબા સમય પછી, તેણીએ ચાર મિનિટ દોડ, એક મિનિટ ચાલ અને આ કસરતોના ચાર સેટ કર્યા તે પહેલાં તે થાકી ગઈ. તેણીએ સમજાવ્યું કે છ મહિના પછી જીમમાં આ તેણીનો પહેલો દિવસ હતો, અને ફરીથી શરૂ કરવાથી આવો દેખાય છે. તેણીએ આશા વ્યક્ત કરી કે તેણીની વર્કઆઉટ રૂટિન ટૂંક સમયમાં સુધરશે. વિડિઓમાં, સુમોના પરસેવાથી લથપથ અને થાકેલી દેખાય છે.વિડીયો શેર કરતા સુમોનાએ કેપ્શનમાં લખ્યું, "સર્જરીના છ મહિના પછી. મને મારા ડૉક્ટર અને ફિઝિકલ થેરાપિસ્ટ તરફથી સંપૂર્ણ મંજૂરી મળી ગઈ છે. હવે ફરીથી આકારમાં આવવાનો સમય આવી ગયો છે. મારું શરીર સંપૂર્ણપણે અલગ દેખાય છે અને અનુભવે છે. હું તેને ફરીથી શોધવાનો પ્રયાસ કરી રહી છું. એક પછી એક પગલું." ઘણા વપરાશકર્તાઓએ સુમોનાને પ્રોત્સાહન આપતા વિડીયો પર પ્રતિક્રિયા આપી છે. કેટલાકે તેને પોતાની પ્રેરણા પણ કહી છે.

જુલાઈમાં, સુમોના ચક્રવર્તીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણીના સ્વાસ્થ્ય સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી હતી. તેણીની પોસ્ટમાં, તેણીએ સમજાવ્યું હતું કે તે લાંબા સમયથી સોશિયલ મીડિયાથી દૂર હતી, તેના સ્વાસ્થ્યને કારણ તરીકે દર્શાવ્યું હતું. તેણીએ સમજાવ્યું હતું કે તે જાણી જોઈને સોશિયલ મીડિયાથી દૂર રહી રહી હતી. ૪ મેના રોજ, સુમોનાએ એન્ડોમેટ્રિઓસિસ માટે સર્જરી કરાવી હતી. ૨૦૨૧ માં તેણીને આ સ્થિતિ હોવાનું નિદાન થયું હતું, ત્યારબાદ તેણીએ વર્ષો સુધી તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

સલમાનની આગામી ફિલ્મ "પ્રેમ કી શાદી" ૨૭ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે

મુંબઈ,

સૂરજ બડજાત્યાની આગામી ફિલ્મ, "યે પ્રેમ મોલ લિયા," જેમાં આયુષ્માન ખુરાના અને શર્વરી અભિનીત છે, રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં અનુપમ ખેર, સુપ્રિયા પાઠક, સીમા પાહવા, સૌમ્યા ટંડન, શાદ રંધાવા અને સ્વાનંદ કિરકિરે મુખ્ય ભૂમિકાઓમાં છે. આ ફિલ્મ ૨૭ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.દરમિયાન, ચાહકો ફિલ્મ નિર્માતાની લાંબા સમયથી રાહ જોવાતી ફિલ્મ, "પ્રેમ કી શાદી" ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેમાં સલમાન ખાન અભિનીત છે. ધ ફ્રી પ્રેસ જર્નલ સાથે વાત કરતા, સૂરજ બડજાત્યાએ ફિલ્મ વિશે એક અપડેટ શેર કર્યું, જેમાં કહ્યું કે તેમાં થોડો સમય લાગશે.તેમણે કહ્યું, "હજુ પણ થોડો સમય બાકી છે,



કારણ કે મારે હજુ પણ થોડી વસ્તુઓને પોલિશ કરવાની જરૂર છે." ફિલ્મ નિર્માતાએ સમજાવ્યું કે તેઓ પ્રોજેક્ટ સાથે આગળ વધતા પહેલા હજુ પણ થોડી વસ્તુઓ પર કામ કરવા માંગે છે.સૂરજ બડજાત્યાએ ૨૦૨૨ માં મુંબઈમાં "ઊંચાઈ" ના સ્ક્રીનિંગ દરમિયાન સલમાન ખાન સાથે ફરીથી કામ કરવાની તેમની યોજનાઓ વિશે વાત કરી. તેમણે પુષ્ટિ આપી કે તેઓ સાથે બીજી ફિલ્મની યોજના બનાવી રહ્યા છે અને એ પણ જાહેર કર્યું કે તેઓએ "પ્રેમ કી શાદી" નામનું શીર્ષક રજીસ્ટર કરાવ્યું છે. સલમાને પાછળથી ફિલ્મનું શીર્ષક જાહેર કર્યું. તેમણે એ પણ જાહેર કર્યું કે તેઓ "પ્રેમ" તરીકે પાછા ફરશે અને આગામી ફિલ્મમાં પાત્ર લગ્ન કરશે.

શબ્દ શોધો

શ	બં	પ્ર	ક	ભો	પ્રા	વા	હા	સા	મ	ર	ળ
ન	ધ	અ	ર	ર	ક	મા	દા	સ	બ	હિ	આ
ભા	ળો	બં	ક	લ	ળો	બા	ણિ	ળ	મ	ર	મા
વિ	અઃ	ડો	ન	ક	કા	દ	બ	ક	ર	ત	ધ
ત	દ	ત	પ્રા	બા	હિ	બા	કા	ઉ	સ	ડી	ન
લી	તી	બ	આ	બ	ડો	કી	સા	ણે	વ	ણ	ક્કો
બં	દ	ઇ	બા	આ	ક	મા	સ	કા	ઇ	શિ	બં
દ	મ	તી	પ્ર	સા	દ	ભો	ધ	મ	મા	ઓ	ગ
ક	ર	ર	સા	ણિ	ફ	શિ	તુ	સ	ગ	બ	ભા
પ્ર	ભ	મ	રો	મા	સા	ર	મા	જી	રા	તી	રો
ર	મા	તી	ક	વિ	પ્રા	ત	જ	બ	ગ	અ	ઉ
તી	વા	દ	ળ	ગ	ભા	કુ	ર	ળ	ધ	ગ	ક

શબ્દ શોધો પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ ,ભોરલ, મહિમા

પ્યુઅર્ટો રિકોની જેનિફર બેરેટોએ ૭૫મી મિસ યુનિવર્સ સ્પર્ધા જીતીને ઈતિહાસ રચ્યો

નવીદિલ્હી,

વિશ્વભરની સુંદર અને પ્રતિભાશાળી મહિલાઓ વચ્ચે ભારે સ્પર્ધા પછી, મિસ યુનિવર્સ ૨૦૨૬ આખરે તેની નવી વિજેતા બની. પ્યુઅર્ટો રિકોની જેનિફર બેરેટોએ ૭૫મી મિસ યુનિવર્સ સ્પર્ધા જીતીને ઈતિહાસ રચ્યો છે. આ વર્ષની સ્પર્ધા ઘણી રીતે ખાસ હતી, કારણ કે જેનિફર ફક્ત પરિણીત જ નથી પણ એક પુત્રીની માતા પણ છે. તે મિસ યુનિવર્સનો તાજ જીતનાર પ્રથમ પરિણીત મહિલા અને માતા બની. ભારતીય સમય મુજબ ૨૫ નવેમ્બરની સવારે પૂર્ણ થયેલો ભવ્ય સમારોહ પ્યુઅર્ટો રિકોની રાજધાની સાન જુઆનમાં યોજાયો હતો. પોતાના દેશમાં યોજાયેલી સ્પર્ધા જીતીને, જેનિફરે પ્યુઅર્ટો રિકોનો છઠ્ઠો મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો.

જેનિફર બેરેટોએ ૧૧૫ સુંદરીઓને હરાવીને તાજ જીત્યો. મિસ યુનિવર્સની ૭૫મી આવૃત્તિમાં વિશ્વભરના ૧૧૬ દેશો અને પ્રદેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેનિફર બેરેટોએ ૧૧૫ સ્પર્ધકોને હરાવીને ખિતાબ જીત્યો. અંતિમ પાંચમાં ડોમિનિકન રિપબ્લિકની મેલિસા નુનેઝ, વેનેઝુએલાની ક્લેરા વેગાસ ગોએટ્ઝ, ફિલિપાઇન્સની બીઆ મિલાન-વિન્ડોસ્કી અને ન્યુઝીલેન્ડની જ્યોર્જિયા વેડિંગ્ટનનો પણ સમાવેશ થાય છે. ડોમિનિકન રિપબ્લિકની મેલિસા નુનેઝ પ્રથમ રનર-અપ રહી, જ્યારે વેનેઝુએલાની ક્લેરા વેગાસ ગોએટ્ઝ બીજા રનર-અપ રહી. ફિલિપાઇન્સની બીઆ મિલાન-વિન્ડોસ્કી ત્રીજા રનર-અપ બની, અને ન્યુઝીલેન્ડની જ્યોર્જિયા વેડિંગ્ટન ચોથા રનર-અપ બની. આ વિજય સાથે, પ્યુઅર્ટો રિકોએ છઠ્ઠી



મિસ યુનિવર્સનો તાજ જીત્યો. દેશની અગાઉની પાંચ બ્યુટી ક્વીન્સે આ સિદ્ધિ હાંસલ કરી છે.

જેનિફર બેરેટોનો જન્મ ૧૭ ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ માયાગુએઝ, પ્યુઅર્ટો રિકોમાં થયો હતો. તેનો ઉછેર ઈસાબેલામાં થયો હતો. તેના પ્રારંભિક શિક્ષણ દરમિયાન, તે સાન સેબેસ્ટિયન અને અગુઆડિલા જેવા પડોશી વિસ્તારોમાં પણ ભણતી હતી. તેના અભ્યાસની સાથે, તે રમતગમતમાં પણ રસ ધરાવતી હતી અને તેના શાળાના દિવસોમાં વોલીબોલ પણ રમતી હતી. જો કે, જેનિફર ફક્ત મોડેલ અથવા બ્યુટી ક્વીન તરીકે જાણીતી નથી. તેણીએ શિક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. તેણી પાસે સંશોધન મનોવિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી અને મનોવિજ્ઞાન અને ક્લિનિકલ સોશિયલ વર્કમાં બે માસ્ટર ડિગ્રી છે. મનોવિજ્ઞાન અને સામાજિક કાર્યમાં તેણીની કુશળતાએ તેણીને સમાજમાં નબળા અને જરૂરિયાતમંદ લોકો માટે કામ કરવા પ્રેરણા આપી છે.

સૌંદર્ય સ્પર્ધાઓની દુનિયામાં પ્રવેશતા પહેલા, જેનિફર સામાજિક સેવા અને માનસિક સ્વાસ્થ્ય કાર્યમાં સક્રિય હતી. ૨૦૨૧ માં, તેણીએ ટેક્સાસના ફોર્ટ હૂડ ખાતે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ સાથે પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી. ત્યાં, તેણીએ ફેમિલી એડવોકેસી પ્રોગ્રામ હેઠળ ઘરેલુ હિંસા અને બાળ દુર્વ્યવહાર જેવા ગંભીર મુદ્દાઓ સાથે સંઘર્ષ કરી રહેલા લશ્કરી પરિવારોને મદદ કરી.

ગાયત્રી આશ્રમ ગધેથડના પૂ. લાલબાપુ દ્વારા સદભાવના બળદ આશ્રમને રૂા. ૨૫ લાખનું અનુદાન

બળદોના નીભાવનું કાર્ય ઈશ્વરીય છે, તેમાં સહભાગી બનોઃ પૂ. લાલબાપુ



રાજકોટ,

સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે વિવિધ વિસ્તારોમાં સર્જાયેલી દુષ્કાળની પરિસ્થિતમાં સૌથી વિકટ હાલત અબોલ બળદોની થઈ છે. ઘાસચારાના તીવ્ર અભાવે ખેડૂતો અને પશુપાલકો કમને પણ પોતાના બળદોને રાહત કેમ્પમાં મૂકવા મજબૂર બન્યા છે. આવા કપરા સમયે રાજકોટના સદભાવના બળદ આશ્રમ દ્વારા ૮,૦૦૦થી વધુ નિરાધાર બળદોની સારસંભાળ રાખવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. જીવદયાના આ ઉમદા સેવાયજ્ઞની સરાહના કરતા ગધેથડ ગાયત્રી આશ્રમના પૂજ્યથ સંત શ્રી લાલબાપુએ સદભાવના આશ્રમને રૂપિયા ૨૫ લાખનું માતબર આર્થિક યોગદાન આશ્રમના પ્રમુખ વિજયભાઈ ડોબરીયા ને અર્પણ કરી સમાજને સેવાની નવી પ્રેરણા પૂરી પાડી છે.

અબોલ પશુઓ પ્રત્યે અપાર કરુણા ધરાવતા પૂ.બાપુ હંમેશા જીવદયાના કાર્યોમાં અગ્રેસર રહ્યા છે. અગાઉ જ્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગાયોમાં લંપી વાયરસનો જીવલેણ રોગચાળો ફાટી નીકળ્યો. હતો, ત્યારે પણ પૂજ્યુ બાપુએ પોતાના તપોબળ અને દેશી ઔષધિના પ્રયોગો થકી લાખો ગાયોને નવજીવન બક્ષ્યું હતું. હાલમાં બળદો પર આવી પડેલી આફતના સમયે સદભાવના આશ્રમના સેવાકાર્યથી પ્રભાવિત થઈને બાપુએ આર્થિક સહયોગ આપ્યો છે, જેથી અન્ય દાતાઓ અને સમાજના શ્રેષ્ઠીઓ પણ આ પુણ્યકાર્યમાં સહભાગી બને અને અબોલ પશુઓનો સારી રીતે નિભાવ થઈ શકે.

આ પ્રસંગે પૂજ્ય લાલબાપુએ સદભાવના બળદ આશ્રમ, રાજકોટના પ્રમુખ વિજયભાઈ ડોબરીયા, ઉપપ્રમુખ રાજેશભાઈ રૂપાપરા તેમજ તમામ ટ્રસ્ટીઓની સેવાભાવનાને બિરદાવતા ભાવવાહી આશીર્વચન પાઠવ્યા હતા. બાપુએ જણાવ્યું હતું કે, આજના સ્વાર્થી સમયમાં મૂંગા અને અબોલ પશુઓના આંસુ લૂછનારા બહુ ઓછા લોકો હોય છે. જેમને ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય બીજો કોઈ આધાર નથી તથા માત્ર પેટ ભરવા સિવાય કોઈ સ્વાર્થ નથી, તેવા હજારો બળદોને સાચવવા એ કોઈ સામાન્ય માણસનું કામ નથી, પરંતુ પૂર્વજન્મના પુણ્યશાળી આત્મા જ આ મહાયજ્ઞ કરી શકે છે. આપત્તિના આ સમયમાં ગૌવંશનું રક્ષણ કરવું એ સમગ્ર સમાજની નૈતિક ફરજ છે તેમ જણાવી બાપુએ સંસ્થાના સેવાભાવીઓને ખૂબ રાજીપો અને આશીર્વાદ આપ્યા હતા.

પૂજ્ય લાલબાપુનો જીવદયા સંદેશ

"આ અબોલ બળદોને ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય બીજો કોઈ સહારો નથી, આપત્તિના સમયે ખેડૂતો ભારે હૈયે બળદોને કેમ્પમાં મૂકવા મજબૂર બન્યા છે, ત્યારે તેમનું જતન કરવું એ મહાપુણ્યનું કાર્ય છે. સદભાવના આશ્રમની ટીમ જે રીતે હજારો અબોલ જીવોની સેવા કરી રહી છે તે સાચા અર્થમાં ઈશ્વરીય કાર્ય છે. સમાજના વધુ ને વધુ લોકો આ સેવાયજ્ઞમાં જોડાય તેવી મારી અભ્યર્થના છે."
-પૂજ્ય સંત શ્રી લાલબાપુ (ગધેથડ ગાયત્રી આશ્રમ)

રવિવારે રાજકોટના કોઠારીયામાં રાજગોર બ્રાહ્મણ પરિવારનું સ્નેહમિલન -સન્માન સમારોહ

સમાજના નવનિર્મિત મકાનનું લોકાર્પણ, સંતોના સાંમૈયા, દાતાઓનું સન્માન રાત્રે લોકડાયરો

રાજકોટ,

રાજકોટમાં રાજગોર બ્રાહ્મણ પરિવાર કોઠારીયા વોર્ડનં. ૧૮ રાજકોટ દ્વારા સ્નેહ મિલન, લોકાર્પણ અને સન્માન સમારોહનો ત્રિવિધ કાર્યક્રમ આગામી તા. ૨૯-૧૧-૨૦૨૬ના રવિવારે બપોરે ૩-૩૦ કલાકે શ્રી બાલા હનુમાન મઢી, કોઠારીયા રીંગ રોડ ચોકડી પાસે, બ્રાહ્મણી હોલની સામે, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવ્યો છે.

સમારોહની રૂપરેખા મુજબ સાંજે ૪ કલાકે સંતોના સામૈયા રમેશભાઈ મહેતાના નિવાસ સ્થાનેથી નીકળશે, સાંજે ૫ કલાકે સમાજના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરવામાં આવશે, સાંજે ૬ કલાકે દીપ પ્રાગટય, સાંજે ૬ કલાકે દાતાશ્રીઓનું સન્માન, સાંજે ૬-૩૦ કલાકે સંતોના આશીર્વચન, સાંજે ૭-૩૦ કલાકે ભોજન સમારંભ અને રાત્રે ૧૦ કલાકે લોકડાયરો યોજાશે. લોકડાયરામાં રીટાબેન રાજગોર, સાગરદાન બારોટ, શાંતીરામ ગોંડલીયા, વિધીબેન મહેતા, હાર્દિકભાઈ જોષી, નયનાબેન જોષી, ભુપતભાઈ મહેતા અને પ્રિત બોરીસાગર પોતાની કલા રજૂ કરશે. આ સમારોહમાં પ.પૂ. સંતશ્રી મુકતાનંદ બાપુ સુરેવધામ ચાંપરડા, પ.પૂ. શ્રી રામ બાલકદાસ બાપુ વાંકુની ધાર, પ.પૂ. શ્રી જોષીબાપા જેતપુર, પ.પૂ. શ્રી ભક્તિપ્રસાદ સ્વામી ખીરસરા, પ.પૂ. શ્રી મંગલનાથજી બાપુ કોઠારીયા, પ.પૂ. શ્રી રતીલાલ દાદા ગાયત્રીધામ ચલાલા, પ.પૂ. શ્રી નિલકંઠ સ્વામી જેતપુર, પ.પૂ. શ્રી જગુરામબાપા ધુનડા, પ.પૂ. શ્રી જેન્તીરામબાપા ધુનડા, પ.પૂ. શ્રી ભાવેશવન સઈજ અને પ.પૂ. શ્રી સુખરામબાપુ દાણીધાર સહિતના સંતોના આશીર્વાદ મળશે.

નવું મકાન દાતાશ્રીઓના દાનથી નિર્માણ પામ્યું છે અને તેનું લોકાર્પણ સમાજ માટે ગૌરવની ક્ષણ બનશે, આ પ્રસંગે શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતી સેવા સંઘ સૌરાષ્ટ્રના તમામ ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, જ્ઞાતીના અગ્રણીઓ અને વિવિધ કમિટીઓના સભ્યો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.આયોજનની જવાબદારી ચેરમેન શ્રી રમેશભાઈ દેવશંકરભાઈ મહેતા, પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ગોરધનભાઈ બામટા અને મંત્રીશ્રી કિશોરભાઈ વિનોદભાઈ દવે સહિતની કારોબારી સંભાળી રહ્યા છે.

રાજકોટમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ દરમિયાન ત્રણ વાંચન - પુસ્તકપ્રેમીઓનું સન્માન કરાયું



રાજકોટ,

દીકરાનું ઘર વદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણી અંતર્ગત પ્રવર્તમાન ડિજિટલ યુગમાં નાના-મોટા સૌ કોઈ જ્યારે વાંચનથી વિમુખ થઈ રહ્યા છે ત્યારે વાંચન પ્રવત્તિને વેગ મળે, નવી પેઢીને વાંચનની પ્રેરણા મળે એવા શુભ આશયથી જે વર્ષોથી નિમિત વાંચે છે, વાંચન જેમનો ખોરાક છે, જેમના ઘરમાં પોતાનું નાનું પુસ્તકાલય છે એવા શહેરના ત્રણ વાંચન અને પુસ્તકપ્રેમીઓ શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવત્ત ડેપ્યુટી રજીસ્ટ્રાર કિરીટભાઈ પાઠક, લેખક બેંકર ભરતભાઈ અંજારિયા, સ્ટેટ બેંકના ચીફ મેનેજર રમેશભાઈ ઠક્કર આ ત્રણેય વાંચન અને પુસ્તક પ્રેમીઓના નિવાસસ્થાને જઈને સાહિત્ય મરમી આર.પી.જોશી, ગ્રંથાલય ભારતીના પ્રમુખ દિલીપભાઈ ભટ્ટ, કવિ મનોજ શુક્લ,લેખક મયુર અંજારિયા,સાહિત્ય પ્રેમી લાભશંકર ભરાડ,કવયિત્રી હેમલ દવે, અરુણભાઈ નિર્મલ,સ્ટેટ બેંક પરિવારના શરદભાઈ દવેના હસ્તેક ત્રણે સ્વજનોનું કુમકુમ તિલક કરી,ખેસ પહેરાવી, પુસ્તક તેમજ સ્મેળતિ ભેટ આપી અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. આયોજનની સફળતા માટે સંસ્થા ના અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, પ્રકાશ હાથી,દિનેશભાઈ ગોવાની, પંકજ રૂપારેલિયા, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, નૈષધ ભાઈ વોરા, મહેશભાઈ વ્યાસ, ઉપમન્યુ રાવલ, દિનેશભાઈ મોદી કાર્યરત રહેલ હોવાનું યાદીમાં જણાવાયું છે.

રાજકોટની પંચનાથ હોસ્પિટલ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓ માટે "આઈસીયુ" સારવાર સંપૂર્ણ નિઃશુલ્ક

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ દર્દીઓ માટે મેડિકલ ક્ષેત્રની વધુ એક સેવાકીય પહેલ



રાજકોટ,

શ્રી પંચનાથ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી મંગળાબેન ડાયાભાઈ કોટેચા હોસ્પિરટલ (પંચનાથ હોસ્પિટલ), રાજકોટ દ્વારા માનવસેવા અને સેવાભાવી આરોગ્યસેવાના ક્ષેત્રમાં વધુ એક મહત્વપપૂર્ણ પહેલ કરવામાં આવી છે. હોસ્પિટલ દ્વારા હવે જરૂરિયાતમંદ દર્દીઓ માટે''આઈસીયુ''(ઈન્ટેવન્સિલવ કેર યુનિટ) માં દાખલ થવાનો ખર્ચ સંપૂર્ણ નિઃશુલ્ક રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નવી પહેલ અંતર્ગત જરૂરિયાતમંદ દર્દીઓ પાસેથી ''આઈસીયુ'' બેડ ચાર્જ, હોસ્પિટલમાં રહેવાનો ચાર્જ, હોસ્પિટલના ઈન-હાઉસ ડોક્ટરોની સારવાર અને કન્સલ્ટેશન ફી, મેડિકલ ઓફિસરોની સેવા તથા નર્સિંગ સ્ટાફની સેવા માટે કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં. આ ઉપરાંત દાખલ થવાની ફી, સ્ટેશનરી ચાર્જ તથા દર્દીઓના કપડાં અને બેડશીટ સહિતના લિનન ચાર્જ પણ લેવામાં આવશે નહીં.દર્દીઓએ માત્ર ડાયગ્નોસ્ટિક તપાસ, હોસ્પિટલની બહારથી આવતા વિઝિટિંગ ડોક્ટર્સની ફી, દવાઓ તથા મેડિકલ પ્રોસીજરનો ખર્ચ જ ચૂકવવાનો રહેશે.

પંચનાથ હોસ્પિટલની એક વિશેષતા એ પણ છે કે હોસ્પિટલની શરૂઆતના પ્રથમ દિવસથી જ અનેક મહત્વપૂર્ણ જીવનરક્ષક સુવિધાઓ દર્દીઓને સંપૂર્ણ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. તેમાં નીચેની સુવિધાઓનો સમાવેશ થાય છેઃ

વેન્ટિલેટરનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. ઓક્સિજનનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી.ઈન્ફ્યુઝન પંપનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. સિરીન્જ પંપનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી અને મેડિકલ મોનિટરનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. હોસ્પિટલની શરૂઆતથી જ આ તમામ સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી રહી છે. ટ્રસ્ટનો હેતુ એ છે કે જીવન બચાવવા માટે જરૂરી મેડિકલ સુવિધાઓ દર્દીઓ માટે આર્થિક બોજ ન બને. પંચનાથ હોસ્પિટલની યાદી મુજબ દ્વારા આશરે ૧૦ મહિના અગાઉ જ જરૂરિયાતમંદ દર્દીઓ માટે જનરલ વોર્ડની હોસ્પિટલાઈઝેશન સેવા સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવી હતી. આ પહેલનો લાભ અત્યાર સુધીમાં આશરે ૧,૩૫૦ દર્દીઓ લઈ ચૂકયા છે. આ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવા તથા ઈન-હાઉસ તબીબી સેવાઓ માટે કોઈ ચાર્જ ચૂકવવો પડ્યો નથી. જનરલ વોર્ડની આ સફળ સેવાકીય પહેલને આગળ વધારીને હવે હોસ્પિટલ દ્વારા ''આઈસીયુ''જેવી અત્યંત ખર્ચાળ અને ગંભીર સારવારની સુવિધા પણ જરૂરિયાતમંદ દર્દીઓ માટે નિઃશુલ્ક કરવામાં આવી રહી છે.દરરોજ હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓને દરરોજ બપોરનું ભોજન નિઃશુલ્ક આપવામાં આવે છે. ધાર્મિક ટ્રસ્ટ હોવાના નાતે હોસ્પિટલમાં એક વિશેષ પરંપરાનું પાલન કરવામાં આવે છે. આ સેવાયાત્રામાં સતત માર્ગદર્શન, સમય, શક્તિ અને સમર્પણ આપનાર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓમાં પ્રમુખશ્રી દેવાંગભાઈ માંકડ, મંત્રીશ્રી મયુરભાઈ શાહ, શ્રી અનિલભાઈ દેસાઈ, શ્રી ડી.વી. મહેતા, શ્રી સંદીપભાઈ ડોડીયા, શ્રી વસંતભાઈ જસાણી, શ્રી નિખિલભાઈ મહેતા, શ્રી નારણભાઈ લાલકિયા, શ્રી નીતિનભાઈ મણિયાર, ડૉ. રવિરાજભાઈ ગુજરાતી, શ્રી મહેન્દ્રસિંહ ગોહેલ અને શ્રી નીરજભાઈ પાઠકનો અમૂલ્ય સહયોગ મળી રહ્યાનું પણ જણાવાયું છે.

રાજકોટમાં ગ્રીન લીફ નજીક સર્જાયેલા જીવલેણ અકસ્માત અંગે મનપા દ્વારા તપાસના આદેશ

ઊંચી કુંડીને કારણે મહિલાનો જીવ જતાં કોન્ટ્રાક્ટર અને ટીપીઆઈને શોકોઝ નોટિસ પાઠવતા ડે.કમિશનર

રાજકોટ,

રાજકોટ શહેરના વોર્ડ નં.૧માં ગ્રીન લીફ નજીક સૂર્યકાંત હોટલ તરફ જતા માર્ગ પર ત્રણ દિવસ પૂર્વે રોડ લેવલથી ઊંચી કુંડી સાથે સ્કૂટર અથડાતાં એક મહિલાનું કરુણ મોત નીપજ્યું હતું. આ જીવલેણ અકસ્માતને પગલે મહાનગરપાલિકાની બેદરકારી સામે આક્ષેપો ઊઠ્યાા હતા. સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણીએ દુઃખ વ્યકત કરી તપાસના આદેશ આપ્યા હતા.

આ માર્ગનું ડામરકામ કરનાર પવન કોન્ટ્રાક્ટરને શોકોઝ નોટિસ ફટકારી ખુલાસો રજૂ કરવા જણાવાયું છે. એટલું જ નહીં, રોડની કામગીરીનું મોનિટરિંગ કરવાની જવાબદારી ધરાવતી થર્ડ પાર્ટી ઈન્પેક્શનન એજન્સીને પણ નોટિસ પાઠવી જવાબ માગવામાં આવ્યો છે. ડે. કમિશનર ચેતન નંદાણીના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ૧૫ મીટરના માર્ગ પર ડામરકામ કરવામાં આવ્યું છે. જોકે, માર્ગની બાજુમાં જે ઊંચી કુંડી પાસે અકસ્માત સર્જાયો હતો તે ડી.પી. રોડનો કબજો હજુ મહાનગરપાલિકાને મળ્યોત નથી. આથી ત્યાં સત્તાવાર રીતે કામગીરી કરી શકાતી નથી. તેમ છતાં નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખી સ્થળ પર જરૂરી સુધારાત્મક કાર્યવાહી કરાવવામાં આવી છે અને બાકી રહેલી ખામીઓ પણ દૂર કરાવવામાં આવશે.

દરમિયાન, એક મહિલાનો જીવ ગયા બાદ તંત્ર દ્વારા નોટિસો ફટકારવામાં આવી છે ત્ય રે તપાસમાં કોની જવાબદારી નિર્ધારિત થાય છે અને જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની મીંટ મંડાઇ છે.

પૂજિત રૂપાણી ટ્રસ્ટ અને રોટરી ક્લબ મિડ ટાઉન દ્વારા રવિવારે વિનામૂલ્યે નિદાન કેમ્પ

હાડકાં-સંધિવા, બીપી અને ડાયાબિટીસના દર્દીઓ માટે નિષ્ણાત તબીબો સેવા આપશે; બોન ડેન્સિટી, બ્લડ સુગર ટેસ્ટ અને દવા નિઃશુલ્ક અપાશે



રાજકોટઃ

શ્રી પૂજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ તથા રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડ ટાઉનના સંયુક્ત ઉપક્રમે હૃદયસ્થ વિજયભાઈ રૂપાણીએ કંડારેલી માનવતાલક્ષી સેવાકીય કેડી પર ચાલતા આગામી રવિવાર, તા. ૨૯/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન શ્રી પૂજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ ખાતે હાડકાં-સંધિવા તથા બીપી-ડાયાબિટીસને લગતા રોગો માટે વિનામૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં દરેક પ્રકારના હાડકાં અને સંધિવાના દર્દી તેમજ બીપી-ડાયાબિટીસની બીમારીઓ માટે નિષ્ણાત ડોક્ટરો દ્વારા વિનામૂલ્યે તપાસ અને નિદાન કરી આપવામાં આવશે. તબીબની ભલામણ મુજબ જરૂરિયાતમંદ દર્દીઓને હાડકાંની ઘનતા માપવાનો બોન ડેન્સિટી ટેસ્ટ, બ્લડ સુગરની તપાસ તેમજ દવાઓનું વિતરણ તદ્દન નિઃશુલ્ક કરવામાં આવશે.

કેમ્પમાં શરીરના હઠીલા દુઃખાવા, વા, સંધિવા, ગઠિયા વા (ઈ.છ. પોઝિટિવ) અને યુરિક એસિડ વધવા જેવા રોગો માટે ખ્યાતનામ રૂમેટોલોજિસ્ટ ડો. મનીષ બાવળિયા સેવા આપશે. હાડકાં, સ્નાયુના દુઃખાવા અને અવારનવાર થતા ફ્રેક્ચરની સારવાર માટે સિનિયર ઓર્થોપેડિક સર્જન ડો. ભાવેશભાઈ સચદે તથા જાણીતા ઓર્થોપેડિક સર્જન ડો. કલ્પેશભાઈ બજાણિયા ઉપસ્થિત રહેશે.આ ઉપરાંત બીપી અને ડાયાબિટીસના દર્દીઓ માટે ખ્ંસ્છ પ્રમુખ અને ક્રિટિકલ કેર નિષ્ણાત ડો. તેજસભાઈ કરમટા તથા એમ.ડી. ફિઝિશિયન ડો. ચિંતનભાઈ ભુંદેલા પોતાની માનદ સેવા આપશે.

સુરત બાદ હવે રાજકોટમાં હરિત ઝવેરી જ્વેલર્સનો ૧૨,૦૦૦ ચોરસ ફૂટનો ફ્લેગશિપ સ્ટોર શરૂ

યોગ્ય કારીગરી, યોગ્ય ગુણવત્તા અને યોગ્ય કિંમતના સિદ્ધાંત સાથે ગુજરાતમાં વિસ્તરણને આગળ વધારતી અમદાવાદની જ્વેલરી બ્રાન્ડ





રાજકોટઃગુજરાતમાં જ્વેલરી ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરનાર હરિત ઝવેરી જ્વેલર્સે હવે રાજકોટમાં પણ પગરણ માંડ્યાં છે. અમદાવાદમાં વર્ષ ૨૦૧૪માં સ્થાપિત આ બ્રાન્ડ દ્વારા ગુજરાતમાં પોતાના વિસ્તરણને આગળ ધપાવતાં રાજકોટના કાલાવડ રોડ પર ૧૨,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ભવ્ય ફ્લેગશિપ સ્ટોરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ભારતીય જ્વેલરીની સમૃદ્ધ પરંપરાગત કારીગરીને આધુનિક ડિઝાઇન અને ખરીદીના નવા અનુભવ સાથે જોડતો આ સ્ટોર રાજકોટના જ્વેલરી બજારમાં એક નવો વિકલ્પ બની રહેશે. સપ્ટેમ્બર ૨૦૦૬માં સુરતમાં સ્ટોર શરૂ કર્યા બાદ બ્રાન્ડ દ્વારા કરવામાં આવેલું આ વધુ એક મહત્ત્વપૂર્ણ વિસ્તરણ છે. હરિત ઝવેરી જ્વેલર્સની વિશેષતા માત્ર આકર્ષક આભૂષણો પૂરતી સીમિત નથી, પરંતુ યોગ્ય કારીગરી, યોગ્ય ગુણવત્તા અને યોગ્ય કિંમતના ત્રણ મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત વ્યવસાયિક અભિગમ તેની આગવી ઓળખ છે. 'ન ભેદભાવ અને ચોખ્ખો વ્યવહાર'ની વિચારધારા સાથે કંપની દરેક ગ્રાહકને સમાન આદર, પારદર્શક કિંમત અને વિશ્વાસપાત્ર ખરીદીનો અનુભવ આપવાનો ઉદ્દેશ ધરાવે છે.

હરિત ઝવેરી જ્વેલર્સનો અભિગમ પરંપરાગત જ્વેલરી વ્યવસાય કરતાં કંઈક અલગ છે. સામાન્ય રીતે જ્વેલરીની ખરીદીમાં ગ્રાહકો માટે સોનાની શુદ્ધતા, આભૂષણની ડિઝાઇન અને કિંમત મહત્ત્વ ધરાવે છે, પરંતુ કંપનીના મતે ખરીદી દરમિયાન ગ્રાહકને યોગ્ય માહિતી મળવી અને દરેક વિકલ્પ સમજવાની તક મળવી પણ એટલું જ જરૂરી છે. ગ્રાહક કોઈપણ પ્રકારના દબાણ વિના પોતાની જરૂરિયાત અને આર્થિક અનુકૂળતા મુજબ નિર્ણય લઈ શકે તેવો માહોલ ઊભો કરવાનો બ્રાન્ડનો પ્રયાસ છે. આ માટે પારદર્શક વ્યવહાર અને સમાન ગ્રાહક અનુભવને મહત્ત્વ આપવામાં આવે છે. આ અભિગમથી માત્ર ગ્રાહકો સાથે લાંબા ગાળાના સંબંધો વિકસાવવાનો જ નહીં, પરંતુ જ્વેલરી વ્યવસાય પ્રત્યે લોકોની ધારણામાં પણ સકારાત્મક પરિવર્તન લાવવાનો ઉદ્દેશ છે.

ગ્રાહકોનો વિશ્વાસ જ સૌથી મહત્ત્વપૂર્ણ : હરિત ઝવેરી

રાજકોટમાં નવા સ્ટોરના શુભારંભ અંગે હરિત ઝવેરી જ્વેલર્સના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર હરિત ઝવેરીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં સ્ટોર શરૂ કરવો એ તેમના માટે માત્ર વ્યવસાયિક વિસ્તરણ નહીં, પરંતુ વ્યક્તિગત રીતે પણ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ગુજરાત તેમના માટે હંમેશાં વિશેષ રહ્યું છે અને અહીંના ગ્રાહકોએ તેમના પર મૂકેલો વિશ્વાસ સતત આગળ વધવાની પ્રેરણા આપે છે. દરેક નવા સ્ટોરના માધ્યમથી ગ્રાહકોની વધુ નજીક પહોંચીને તેમની પસંદગી, જરૂરિયાત અને પ્રસંગને અનુરૂપ આભૂષણો સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે

'ઇન્ડિયા મોડર્ન' પરિકલ્પના આધારિત તૈયાર કરાયો ફ્લેગશિપ સ્ટોર

રાજકોટના કાલાવડ રોડ પર શરૂ કરવામાં આવેલો નવો ફ્લેગશિપ સ્ટોર 'ઇન્ડિયા મોડર્ન' પરિકલ્પના આધારિત તૈયાર કરવામાં આવ્યો છે. ભારતીય જ્વેલરીની પરંપરાગત ઓળખને જાળવી રાખવાની સાથે આધુનિક સમયની ખરીદીની જરૂરિયાતોને અનુરૂપ અનુભવ આપવો આ પરિકલ્પનાનો મુખ્ય હેતુ છે. સ્ટોરની આંતરિક સજાવટમાં ભારતીય પથ્થર, સેન્ડસ્ટોન, લાકડું અને પિત્તળ જેવી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરંપરાગત ભારતીય સ્થાપત્યમાંથી પ્રેરણા લઈને તૈયાર કરાયેલી ડિઝાઇન, સુવ્યવસ્થિત લાઇટિંગ અને વિશાળ જગ્યા સ્ટોરને ભવ્ય છતાં ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલો દેખાવ આપે છે.

૧૯,૯૩૪ કરોડની પાંચ યોજનાઓ અને પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકારની મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં દેશના વિકાસ અને માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા માટે અનેક મોટા નિર્ણયો લેવામાં આવ્યા



નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં, દેશના માળખાગત સુવિધાઓ, ઉત્પાદન અને પોસ્ટલ સેવાઓને મજબૂત બનાવવા માટે પાંચ મોટા નિર્ણયો લેવામાં આવ્યા. સરકાર આ યોજનાઓ પર કુલ ૧૯,૯૩૪ કરોડ ખર્ચ કરશે. આ નિર્ણયોમાં આસામના સિલચરમાં નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણ અને તમિલનાડુના કામરાજર બંદર પર બીજા કન્ટેનર ટર્મિનલના વિકાસનો સમાવેશ થાય છે. વધુમાં, બાંધકામ અને માળખાગત સાધનોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. ચાલો જાણીએ કે આજની કેબિનેટ બેઠકમાં કયા મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા.

દેશમાં બાંધકામ અને માળખાગત સાધનાના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે ૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી ૨૦૩૩-૩૪ સુધી આઠ વર્ષ માટે લાગુ કરવામાં આવશે. એક પ્રેસ બ્રીફિંગમાં, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતનો સીઆઈઈ ઉદ્યોગ વિશ્વમાં ત્રીજો સૌથી મોટો ઉદ્યોગ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેનું બજાર આશરે ૯૭,૦૦૦ કરોડ હોવાનો અંદાજ છે. જોકે, આ ક્ષેત્રની આશરે ૪૫% જરૂરિયાતો આયાત દ્વારા પૂરી થાય છે. પરિણામે, સરકારનો ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે આધુનિક સાધનોનું ઉત્પાદન કરવાની ક્ષમતા વિકસાવવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવાનો છે. આ યોજના હેઠળ, સાત પ્રકારના સાધનોના સ્થાનિક ઉત્પાદન પર વિશેષ ધ્યાન આપવામાં આવશે: ટનલ બોરિંગ મશીનો, ઓફ-હાઇવે ટ્રક, ખોદકામ કરનારા, ક્રેન, લોડર, પાઇલિંગ રિગ અને ડ્રિલિંગ મશીનો. આ સાધનોનો ઉપયોગ રોડ, ટનલ, પુલ અને અન્ય મોટા માળખાગત પ્રોજેક્ટ્સમાં થાય છે.

કેબિનેટે તમિલનાડુમાં કામરાજર પોર્ટ લિમિટેડ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના વિકાસને પણ મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે ૪,૨૮૮ કરોડ થશે. તે ડીબીએફઓટી (ડિઝાઇન, બિલ્ડ, ફાઇનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર) ધોરણે જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ વિકસાવવામાં આવશે. આ ટર્મિનલ ૧૧૧ એકર જમીન પર બનાવવામાં આવશે અને તેની વાર્ષિક ક્ષમતા ૨ મિલિયન ટીઇયુ (વીસ ફૂટ સમકક્ષ એકમો) હશે. ટર્મિનલનો બર્થ ૯૦૦ મીટર લાંબો અને ૩૦ મીટર પહોળો હશે. તે ૨૪,૩૪૬ ટીઇયુ સુધીની ક્ષમતા અને ૪૦૦ મીટર લંબાઈવાળા મોટા કન્ટેનર જહાજોને હેન્ડલ કરી શકશે. પ્રોજેક્ટ માટે કન્સેશન સમયગાળો ૪૦ વર્ષ નક્કી કરવામાં આવ્યો છે. આનાથી બંદરની કન્ટેનર હેન્ડલિંગ ક્ષમતામાં વધારો થવાની અને દરિયાઈ વેપારને મજબૂત બનાવવામાં મદદ મળવાની અપેક્ષા છે.

બ્રહ્મોસ-એનજી: ભારતનું આગામી પેઢીનું શક્તિશાળી મિસાઇલ; વધુ રેન્જ, વિવિધ ઉપયોગિતા અને યુદ્ધ ક્ષમતાઓ પર નજર



નવી દિલ્હી,

ભારતની બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ દેશની ચોકસાઈ-પ્રહાર ક્ષમતાઓના મુખ્ય ઘટક તરીકે ઉભરી આવી છે, ઓપરેશન સિંદૂર દરમિયાન તેના અહેવાલ મુજબના લડાઇ પ્રદર્શને તેની ગતિ, ચોકસાઈ અને ઘાતકતા પર નવેસરથી ધ્યાન ખેંચ્યું છે. જેમ જેમ ભારત તેના મિસાઇલ કાર્યક્રમનો વિસ્તાર કરી રહ્યું છે, તેમ તેમ હવે ધ્યાન બ્રહ્મોસ-એનજી પર છે - જે હળવા, લાંબા અંતરના આગામી પેઢીના પ્રકાર છે.

એક વિશિષ્ટ ઇન્ટરવ્યુમાં, બ્રહ્મોસના ડિરેક્ટર જનરલ ડૉ. જયતેરથ આર જોશીએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન મિસાઇલની ઓપરેશનલ જમાવટએ વાસ્તવિક સમયના લડાઇ વાતાવરણમાં તેની અસરકારકતા દર્શાવી હતી. તેમણે બ્રહ્મોસ-એનજી વિકસાવવા, મિસાઇલની રેન્જ વધારવા અને વ્યાપક સ્થાનિક ઉત્પાદન ઇકોસિસ્ટમ બનાવવા માટે ચાલી રહેલા પ્રયાસોની પણ રૂપરેખા આપી હતી.

"બ્રહ્મોસ એક ખૂબ જ શક્તિશાળી અને ઘાતક મિસાઇલ છે," જોશીએ કહ્યું, અને ઉમેર્યું કે ગતિ, ચોકસાઈ અને ફાયરપાવરનું તેનું સંયોજન તેને ભારત માટે એક મહત્વપૂર્ણ બળ ગુણક બનાવે છે.

ઓપરેશન સિંદૂર: જ્યારે બ્રહ્મોસે તેની લડાઇ શરૂઆત કરી

જોશીના મતે ઓપરેશન સિંદૂર બ્રહ્મોસ કાર્યક્રમ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતું, જેમાં મિસાઇલનો ઉપયોગ પહેલીવાર વાસ્તવિક સમયના યુદ્ધ વાતાવરણમાં કરવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું કે બ્રહ્મોસને પાકિસ્તાનમાં વ્યૂહાત્મક લક્ષ્યો સામે તૈનાત કરવામાં આવ્યો હતો અને તેના પ્રદર્શનને મિસાઇલની યુદ્ધભૂમિની અસરકારકતાના પ્રદર્શન તરીકે વર્ણવ્યું હતું.

"ઓપરેશન સિંદૂર દરમિયાન, આખી દુનિયાએ જોયું કે આ મિસાઇલે કેવી રીતે વિનાશક હુમલા કર્યા," જોશીએ કહ્યું. તેમણે એવો પણ દાવો કર્યો કે પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ ઓપરેશન દરમિયાન તૈનાત કરાયેલ કોઈપણ બ્રહ્મોસ મિસાઇલને શોધી શકી નથી.

"દુશ્મનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ એક પણ બ્રહ્મોસ શોધી શકી નથી," તેમણે કહ્યું. જોશીએ ઉમેર્યું કે ઓપરેશન સિંદૂરમાં મિસાઇલની ભૂમિકાએ લડાઇ-પ્રમાણિત શસ્ત્ર તરીકે તેની પ્રતિષ્ઠાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે.

"જ્યારે પણ ઓપરેશન સિંદૂરની ચર્ચા થાય છે, ત્યારે બ્રહ્મોસ અનિવાર્યપણે વાતચીતનો ભાગ હોય છે," તેમણે કહ્યું.

ઓપરેશન દરમિયાન ભારતીય વાયુસેનાના Su-30MKI ફાઇટર એરક્રાફ્ટમાંથી પણ મિસાઇલ તૈનાત કરવામાં આવી હતી. જોશીએ જણાવ્યું હતું કે એર-લોન્ચ વર્ઝનએ હુમલામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જે બ્રહ્મોસની ચોકસાઈ-સ્ટ્રાઇક ક્ષમતાઓ સાથે વિમાનની ઓપરેશનલ પહોંચને જોડવાના ફાયદા પર પ્રકાશ પાડે છે.

બ્રહ્મોસને એક શક્તિશાળી શસ્ત્ર શું બનાવે છે?

બ્રહ્મોસ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ છે જે જમીન અને દરિયાઈ લક્ષ્યો પર ચોકસાઈથી પ્રહાર કરવા માટે રચાયેલ છે. તેની ગતિ, ચોકસાઈ અને વૈવિધ્યતા તેને અનેક લડાઇ પ્લેટફોર્મ પર કાર્ય કરવાની મંજૂરી આપે છે.

જોશીએ સમજાવ્યું કે સુપરસોનિક મિસાઇલો અવાજની ગતિ કરતા વધુ ઝડપથી મુસાફરી કરે છે, જ્યારે હાઇપરસોનિક મિસાઇલો નોંધપાત્ર રીતે વધુ ઝડપે કાર્ય કરે છે.

તેમણે બ્રહ્મોસને જીવંત લડાઇ પરિસ્થિતિઓમાં ખૂબ અસરકારક હથિયાર તરીકે વર્ણવ્યું, તેની ગતિ દુશ્મન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ માટે અવરોધ મુશ્કેલ બનાવે છે.

આ મિસાઇલને જમીન-હુમલા અને જહાજ વિરોધી ભૂમિકાઓમાં તૈનાત કરી શકાય છે, જે સશસ્ત્ર દળોને જમીન-આધારિત વ્યૂહાત્મક લક્ષ્યો અને નૌકાદળની સંપત્તિ બંનેને જોડવાની ક્ષમતા આપે છે. બ્રહ્મોસને સેના, નૌકાદળ અને વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે, જેમાં જમીન-આધારિત, જહાજ-આધારિત અને હવા-પ્રક્ષેપિત કામગીરી માટે વિવિધ પ્રકારો વિકસાવવામાં આવ્યા છે.

જોશીએ કહ્યું કે આ પ્લેટફોર્મ પર કાર્ય કરવાની મિસાઇલની ક્ષમતા તેને ભારતની નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધ ક્ષમતાઓનો એક મૂલ્યવાન ઘટક બનાવે છે.

બ્રહ્મોસ-એનજી: નાનું, હળવું પણ એટલું જ ઘાતક બ્રહ્મોસ કાર્યક્રમમાં સૌથી મહત્વપૂર્ણ વિકાસમાંની એક આગામી પેઢીની બ્રહ્મોસ-એનજી, અથવા આગામી પેઢીની મિસાઇલ છે.

મિસિસિપીના હોર્ન આઇલેન્ડ પર વિમાન ક્રેશ થતાં બે બાળકો સહિત છ લોકો ગુમ

મિસિસિપી,

મિસિસિપીના હોર્ન આઇલેન્ડ નજીક એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં, બે બાળકો સહિત છ લોકો ગુમ થયા હોવાની આશંકા છે. આ ઘટના બાદ યુએસ કોસ્ટ ગાર્ડે શોધ અને બચાવ અભિયાન શરૂ કર્યું છે.

યુએસ કોસ્ટ ગાર્ડ દ્વારા શોધખોળ શરૂ 'X' (ટ્વિટર) પર એક પોસ્ટમાં, યુએસ કોસ્ટ ગાર્ડ હાર્ટલેન્ડે જણાવ્યું હતું કે તેમના કર્મચારીઓ દુર્ઘટનાગ્રસ્ત 'સેસ્ના સેન્ચ્યુરિયન ૨૧૦' વિમાનની શોધ કરી રહ્યા છે, જે હોર્ન આઇલેન્ડથી લગભગ બે માઇલ ઉત્તર-પૂર્વમાં તૂટી પડ્યું હતું. કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે મંગળવારે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) તરફથી તેમને આ ઘટના અંગે જાણકારી મળી હતી.

કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે, "મંગળવારે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) પાસેથી માહિતી મળ્યા બાદ, યુએસ કોસ્ટ ગાર્ડની બચાવ ટીમો મિસિસિપીના હોર્ન આઇલેન્ડથી બે માઇલ ઉત્તર-પૂર્વમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા 'સેસ્ના સેન્ચ્યુરિયન ૨૧૦' વિમાનની શોધ કરી રહી છે, જેમાં ૬ લોકો સવાર હતા."

FAA ના પ્રવક્તાએ મીડિયા સુત્રોને પુષ્ટિ આપી છે કે આ વિમાન મિસિસિપીના પાસ્કાગોલાની દક્ષિણ-પશ્ચિમ દિશામાં, સ્થાનિક સમય મુજબ બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

પ્રવક્તાએ જણાવ્યું કે વિમાનમાં કેટલા લોકો સવાર હતા તે હજુ સ્પષ્ટ નથી. તેમણે ઉમેર્યું કે હ્યુછછ અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) આ ઘટનાની તપાસ કરશે. ટૂજીમ્આ તપાસનું નેતૃત્વ કરશે અને આગળની વિગતો પૂરી પાડશે.

દીપથૂનમાં દીવો પ્રગટાવવામાં નિષ્ફળતા બદલ તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં માફી માંગી



મદુરાઈ,

તમિલનાડુ સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ માફી માંગી છે. આ માફી ૨૪ નવેમ્બરના રોજ થિરુપ્પરનકુંડ્રમ ટેકરી પર આવેલા વિવાદાસ્પદ 'દીપથૂન' પર પરંપરાગત દીવો પ્રગટાવવામાં નિષ્ફળ જવા બદલ માંગવામાં આવી છે. રાજ્ય સરકારે દાવો કર્યો છે કે મંદિરના ટ્રસ્ટી મંડળે તે કાર્ય કરવા માટે પ્રસ્તાવિત ટીમને અધિકૃત કરી ન હતી.

તમિલનાડુ સરકાર દ્વારા સ્થિતિ અહેવાલ ૨જૂ મદુરાઈ જિલ્લા કલેક્ટર નિશાંત કૃષ્ણા દ્વારા રજૂ કરાયેલા એક સ્થિતિ અહેવાલમાં, રાજ્ય સરકારે જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની ખંડપીઠને જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્રે સુપ્રીમ કોર્ટના ૨૦ નવેમ્બરના આદેશનું પાલન કરવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી હતી. આ આદેશમાં મંદિર વહીવટીતંત્ર દ્વારા અધિકૃત એક મર્યાદિત ટીમ દ્વારા 'દીપથૂન' પર દીવો પ્રગટાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

જોકે, રાજ્ય સરકારે અહેવાલમાં દાવો કર્યો છે કે સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન થઈ શક્યું નહીં, કારણ કે મંદિરના ટ્રસ્ટી મંડળે આ કાર્ય માટે પ્રસ્તાવિત ટીમને અધિકૃત કરી ન હતી. તેના બદલે, તેમણે પરંપરાગત સ્થળે 'કાર્તિકઈ મહાદીપમ' પ્રગટાવવાની રૂઢિગત પ્રથાને અનુસરવાનો નિર્ણય લીધો હતો. મંગળવારે, વાર્ષિક 'કાર્તિકઈ દીપમ' માત્ર થિરુપ્પરનકુંડ્રમ ખાતેના તેના પરંપરાગત 'ઉચ્ચિપિલ્લયાર મંડપમ' પર જ પ્રગટાવવામાં આવ્યું હતું, પરંતુ સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ ટેકરી પર આવેલા પથ્થરના સ્તંભ (દીપથૂન) પર પ્રગટાવવામાં આવ્યું ન હતું. 'દીપથૂન' એ મદુરાઈમાં થિરુપ્પરનકુંડ્રમ ટેકરીની ટોચ પર આવેલો એક પથ્થરનો સ્તંભ છે.

'હું નિષ્ઠાપૂર્વક માફી માંગું છું...'

જિલ્લા કલેક્ટર નિશાંત કૃષ્ણાએ સ્થિતિ અહેવાલમાં જણાવ્યું હતું કે, "હું જણાવું છું કે મેં સદ્ભાવનાથી આદેશનું પાલન કરવા માટે તમામ પગલાં લીધાં હતાં.

ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને વચગાળાના જામીન આપવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસ પાસેથી જવાબ માંગ્યો

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૦ માં થયેલા ઉત્તરપૂર્વ દિલ્હી રમખાણો પાછળના કથિત "મોટા કાવતરા" સાથે સંબંધિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) કેસમાં શરજીલ ઈમામ અને ઉમર ખાલિદને વચગાળાના જામીન આપવાનો ઇનકાર કરી દીધો છે. આ બંનેએ દિલ્હી હાઇકોર્ટના જામીન નકારવાના આદેશને પડકાર્યો છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બનેલી બેન્ચે બંને આરોપીઓની વચગાળાની જામીન અરજીઓ પર દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે અને તેનો જવાબ માંગ્યો છે.

સુનાવણી દરમિયાન, ખાલિદ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે આ દરમિયાન તેમના માટે વચગાળાના જામીન માંગ્યા હતા. ઈમામનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ પણ તેમની લાંબી કેદનો ઉલ્લેખ કરીને આવી જ રાહત માંગી હતી.

જોકે, જ્યારે વકીલોએ વચગાળાના જામીન માટે દબાણ કર્યું, ત્યારે બેન્ચે કહ્યું, "આજે નહીં".

કોર્ટે કહ્યું કે તે વચગાળાના જામીન માટેની વિનંતીઓ પર વિચાર કરતા પહેલા દિલ્હી પોલીસનો જવાબ સાંભળશે.

સર્વોચ્ચ અદાલતે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે આ મામલો ત્રણ ન્યાયાધીશોની બેન્ચની રચના માટે વહીવટી પક્ષે CJI સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવે.

ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ કયા આધાર પર જામીન માંગે છે?

સર્વોચ્ચ અદાલત સમક્ષની તેમની અરજીમાં, કાર્યકરોએ જામીન માંગ્યા છે, અને દલીલ કરી છે કે ફરિયાદ પક્ષ સુરક્ષિત સાક્ષીઓની તપાસ કરવામાં નિષ્ફળ ગયો છે અને સુપ્રીમ કોર્ટ દ્વારા લાદવામાં આવેલ એક વર્ષનો પ્રતિબંધ તેની સમાપ્તિના આરે છે.

મધ્ય પૂર્વમાં ઈરાન સમર્થિત હુતી બળવાખોરો દ્વારા સશસ્ત્ર હુમલાઓનો ખતરો વધ્યો

તહેરાન,

મધ્ય પૂર્વમાં વધતા સુરક્ષા ખતરાને ધ્યાનમાં રાખીને, યુએસએ તેના નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ચેતવણી જારી કરીને જણાવ્યું છે કે ઈરાન સમર્થિત હુતી બળવાખોરો દ્વારા સશસ્ત્ર હુમલાઓનો ખતરો વધ્યો છે. વધુમાં, ઈરાન પણ આ ક્ષેત્રમાં યુએસ સરકારી અધિકારીઓ અને ઠેકાણાઓને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ફૂડલિંક એફએન્ડબી હોલિડિંગ્સ લિમિટેડનો ipo આજથી ખુલ્યો



ફૂડલિંક એફએન્ડબી હોલિડિંગ્સ લિમિટેડનો ipo આજથી ખુલી ગયોછે. શેરની પ્રાઈસ બેન્ડ શેર દીઠ રૂ. ૧૮૧ થી રૂ.૧૯૧ નક્કી કરાઈ છે. બિડ/ઓફર ખૂલવાની તારીખ ૨૬ નવેમ્બર, ૨૦૨૬ છે અને ૩૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઓછામાં ઓછાં ૭૮ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૭૮ ઈક્વિટી શેર ના ગુણાંકમાં બિડ કરી શકાશે.

બાંગ્લાદેશમાં ભારે હિંસા બાદ ગાર્મેન્ટ કામદારોના પગારમાં ૩૬૮ ટકાનો વધારો

ઢાકા,

બાંગ્લાદેશમાં વેતન વધારા અંગે વ્યાપક હિંસા બાદ, ગાર્મેન્ટ કામદારો માટે લઘુત્તમ માસિક વેતન $૧૦૦ થી $૧૩૬ કરવામાં આવ્યું છે, અધિકારીઓએ બુધવારે જાહેરાત કરી. એ નોંધવું જોઈએ કે વેતન વધારાની માંગણી કરતા ગાર્મેન્ટ કામદારો દ્વારા અઠવાડિયા સુધી ચાલેલા વ્યાપક વિરોધ પ્રદર્શનોએ ફેક્ટરી કામગીરી અને ઉત્પાદનને ગંભીર અસર કરી હતી.

ચીન પછી વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા કાપડ નિકાસકાર બાંગ્લાદેશમાં, કાપડ કામદારો ઓક્ટોબરથી વેતન વધારાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. અનેક સ્થળોએ હિંસક વિરોધ પણ ફાટી નીકળ્યા છે. ઢાકા ટ્રિબ્યુન અનુસાર, બુધવારે વહેલી સવારે ઢાકાના સેગુનબાગીચામાં લઘુત્તમ વેતન બોર્ડના કાર્યાલયમાં લગભગ ૧૨ કલાકની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠક મંગળવારે બપોરે ૨ વાગ્યે શરૂ થઈ અને લગભગ ૨ વાગ્યે પૂર્ણ થઈ. ફેક્ટરી માલિકો અને કામદારોના પ્રતિનિધિઓ સર્વસંમતિ પર પહોંચવામાં નિષ્ફળ ગયા પછી, છ સભ્યોના બોર્ડે મતદાન દ્વારા નવા લઘુત્તમ વેતન અંગે નિર્ણય લીધો. લઘુત્તમ વેતન બોર્ડે બાંગ્લાદેશના રેડીમેડ ગાર્મેન્ટ ઉદ્યોગમાં કામદારો માટે લઘુત્તમ માસિક વેતન ૧૨,૫૦૦ ટાકા (૧૦૦) થી વધારીને ૧૭,૦૦૦ ટાકા (૧૩૬) કર્યું છે.

કાપડ કામદારો માટે આ વેતન વધારો ફેક્ટરી માલિકો અને કામદાર પ્રતિનિધિઓ વચ્ચે અનેક રાઉન્ડની વાટાઘાટો પછી લેવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, નવો પગાર ૧ ડિસેમ્બરથી લાગુ થવાની ધારણા છે. કામદારોને જાન્યુઆરીમાં વધેલો પગાર મળશે. ઓક્ટોબરના અંતમાં બાંગ્લાદેશના મુખ્ય કાપડ ઉત્પાદક પ્રદેશોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. બાંગ્લાદેશના કાપડ કામદારોએ માંગ કરી હતી કે ખાદ્યપદાર્થોના ભાવ, જીવનનિર્વાહ ખર્ચ, પરિવહન ખર્ચ અને આરોગ્યસંભાળ ખર્ચમાં સતત વધારાને કારણે તેમનો લઘુત્તમ માસિક વેતન ૧૨,૫૦૦ ટાકા (૧૦૦) થી વધારીને ૩૦,૦૦૦ ટાકા (૨૪૦) કરવામાં આવે.

વૈશ્વિક શક્તિઓ પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા ભારત સહિતના દેશોને દબાણમાં રાખવા માંગે છે: ભાગવત

ભારત એવા પડોશી દેશોને પણ મદદ કરે છે જે તેને નફરત કરે છે



મુંબઈ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે બુધવારે કહ્યું કે દુનિયાની કોઈ શક્તિ ભારતની પ્રગતિ ઇચ્છતી નથી. વૈશ્વિક શક્તિઓ પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા અને અન્ય દેશોને દબાણમાં રાખવા માંગે છે. તેમનું માનવું છે કે 'જેના હાથમાં લાકડી છે, જેની પાસે શક્તિ છે' નો સિદ્ધાંત વિશ્વમાં પ્રવર્તે છે.

ભાગવત મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં પાંચમા પદ્મ મહોત્સવના ઉદ્ઘાટન સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ (નિવૃત્ત) પણ હાજર હતા. આ ત્રણ દિવસીય મહોત્સવનું આયોજન સ્થાનિક સંસ્થા જ્ઞાન યજ્ઞ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. વિવિધ ક્ષેત્રોના પદ્મ પુરસ્કાર વિજેતાઓ સહભાગીઓ સાથે વાર્તાલાપ કરશે. મોહન ભાગવતે કહ્યું કે વિશ્વની શક્તિશાળી શક્તિઓ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માંગે છે. તેમને લાગે છે કે જો ભારત પ્રગતિ કરશે તો તેઓ બંધ થઈ જશે, કારણ કે ભારત દરેકને મદદ કરવામાં માને છે. તેમણે કહ્યું, "દુનિયાની કોઈ શક્તિ ભારતની પ્રગતિ ઇચ્છતી નથી. તેઓ ફક્ત પોતાની શક્તિ અને વર્ચસ્વ જાળવી રાખવા માંગે છે. ભારત દરેકને મદદ કરવા માંગે છે. ભારત એવા પડોશી દેશોને પણ મદદ કરે છે જે તેને નફરત કરે છે." આરએસએસના વડાએ દેશની યુવા પેઢીની માનસિકતા વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે આજના યુવાનો ગુલામીના પ્રભાવથી મુક્ત છે. જો કોઈ પોતાના વિચારો પ્રામાણિકપણે વ્યક્ત કરે છે, તો યુવાનો તેમની સાથે ઉભા રહેવા માટે તૈયાર છે. ભાગવતના મતે, યુવાનો જૂઠાણાને સહન કરતા નથી અને પોતાના દેશને મહાન બનાવવા માંગે છે.

આ કાર્યક્રમમાં, ભૂતપૂર્વ સીડીએસ જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યુવાનો મુખ્ય ભૂમિકા ભજવશે. યુવાનો આ લક્ષ્યમાં સૌથી વધુ યોગદાન આપશે એટલું જ નહીં પરંતુ તેના સૌથી મોટા લાભાર્થી પણ બનશે. તેમણે કહ્યું કે વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરવું એ દરેક નાગરિકની જવાબદારી છે. આ કરવા માટે, આપણે આપણી ભૂતકાળની સફળતાઓમાંથી શીખવું જોઈએ અને આપણી બૌદ્ધિક ક્ષમતાનો વધુ સારો ઉપયોગ કરવો જોઈએ.

જનરલ અનિલ ચૌહાણે વર્તમાન વૈશ્વિક સુરક્ષા પરિસ્થિતિને સંવેદનશીલ ગણાવતા કહ્યું કે વિશ્વમાં શક્તિનું સંતુલન ઝડપથી બદલાઈ રહ્યું છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે સાથી પક્ષોએ ૧૩૯ બેઠકોની માંગણી કરતા ભાજપનું ટેન્શન વધ્યું

વિધાનસભા ચૂંટણી માટે એનડીએમાં બેઠકોની વહેંચણીનો મુદ્દો વધુ જટિલ બન્યો



લખનૌ,

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭ માં યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) માં બેઠકોની વહેંચણીનો મુદ્દો વધુને વધુ જટિલ બનતો દેખાય છે. એનડીએની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) તરફથી તેના સાથી પક્ષોમાં અપેક્ષાઓ નોંધપાત્ર રીતે વધી છે. ભાજપના સાથી પક્ષો અપના દળ (સોનેલાલ), નિષાદ પાર્ટી, રાષ્ટ્રીય લોક દળ (આરએલડી) અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (એસબીએસપી) કુલ ૪૦૩ વિધાનસભા બેઠકોમાંથી ૧૩૯ બેઠકોની માંગ કરી રહ્યા છે. જો ભાજપ તેમની માંગ સ્વીકારે છે, તો તેની પાસે ફક્ત ૨૬૪ બેઠકો જ રહેશે.

ભાજપે ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણી ૩૭૬ બેઠકો પર લડી હતી, જેમાંથી ૨૫૫ બેઠકો જીતી હતી. આનો અર્થ એ છે કે જો ભાજપ તેના સાથી પક્ષોની માંગણીઓ પૂર્ણ કરે છે, તો તેણે પાછલી વિધાનસભા ચૂંટણીમાં લડેલી ૧૧૨ બેઠકો છોડી દેવી પડશે.

ભાજપના વર્તમાન સાથી પક્ષોએ ૨૦૨૨ ની ચૂંટણીમાં ૭૯ બેઠકો પર લડ્યા હતા, જેમાંથી ૩૩ બેઠકો જીતી હતી. આ આંકડામાં આરએલડી અને એસબીએસપી દ્વારા કબજામાં રહેલી બેઠકોનો પણ સમાવેશ થાય છે, જે બંને ૨૦૨૨ની ચૂંટણીમાં દ્વૃછનો ભાગ નહોતા. ઈન્દ્ધ, જે તે સમયે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના સાથી હતા, તેમણે ૩૩ બેઠકો પર ચૂંટણી લડી હતી અને નવ બેઠકો જીતી હતી. એસબીએસપીએ ૧૯ બેઠકો પર ચૂંટણી લડી હતી અને છ બેઠકો જીતી હતી.

ઉત્તર પ્રદેશમાં આગામી ચૂંટણી માટે વિપક્ષી ઈન્ડિયા બ્લોક (ઈન્ડિયા બ્લોક) પક્ષો, સમાજવાદી પાર્ટી (એસપી) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીની વાટાઘાટો ચાલી રહી છે. દરમિયાન, શાસક એનડીએમાં બેઠકોની વહેંચણી અંગે લોકોમાં નોંધપાત્ર ઉત્સુકતા છે.

આજથી શાળા-કોલેજોમાં બીજા સત્રનો પ્રારંભ:દિવાળી વેકેશન પૂર્ણ

વર્ગખંડોમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજશે, હજારો શિક્ષકો પણ સજ્જ







રાજકોટ,

રાજ્યભરમાં ૨૧ દિવસના લાંબા દિવાળી વેકેશન બાદ આજથી રાજકોટ સહિત ગુજરાતની તમામ શાળા-કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો, બીજા સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. તહેવારોની મજા માણ્યા બાદ હવે લાખો વિદ્યાર્થીઓ ફરીથી અભ્યાસના માર્ગે વળશે. શિક્ષણ વિભાગના અંદાજિત આંકડાઓ મુજબ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આશરે ૫૪,૦૦૦થી ૫૬,૦૦૦ જેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ ૩,૦૦૦થી વધુ કોલેજો અને ૭૦ જેટલી યુનિવર્સિટીઓ આવેલી છે.

જો માત્ર રાજકોટ શહેર અને જિલ્લાની વાત કરીએ તો, રાજકોટ જિલ્લામાં અંદાજે ૨,૬૦૦ થી વધુ શાળાઓ, જેમાં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની આશરે ૮૪૦ થી વધુ શાળાઓ સામેલ છે. અને સમગ્ર જિલ્લામાં ૧૫૦થી વધુ કોલેજો તેમજ નામાંકિત ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત છે.૫ નવેમ્બરથી શરૂ થયેલું દિવાળી વેકેશન ૨૫ નવેમ્બરે પૂર્ણ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં નવા સત્રને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આવતીકાલે સવારથી જ શાળા-કોલેજોના કેમ્પસ વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠશે. ખાસ કરીને ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે આ સત્ર અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે, કારણ કે આગામી સમયમાં પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા અને બોર્ડની પરીક્ષાની તૈયારીઓ વેગ પકડશે. વેકેશન દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર સવારના સમયે ટ્રાફિકની સમસ્યા ઘણી ઓછી જોવા મળતી હતી. પરંતુ આવતીકાલથી હજારો સ્કૂલ બસો, સ્કૂલ વાન, ઓટો રિક્ષા અને વાલીઓના ખાનગી વાહનો રસ્તા પર ઉતરી આવશે. જેના કારણે રાજકોટના કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યાજ્ઞિક રોડ અને રેસકોર્સ રિંગ રોડ સહિત રાજ્યના તમામ મોટા શહેરોના મુખ્ય ચોક અને શાળા-કોલેજ વિસ્તારોમાં સવારે ૭:૦૦થી ૮:૩૦ અને બપોરે ૧૨:૦૦થી ૨:૦૦ વાગ્યા દરમિયાન ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે વધી જશે.

શિયાળાની ઠંડીના પગરવ સાથે રાજ્યમાં વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને શિક્ષકો પણ ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈને શાળાએ જતા જોવા મળશે.

કાલાવડ રોડ ઉપર ટ્રકે દંપતીને કચડી નાખ્યું, પુત્રીનો ચમત્કારીક બચાવ

પાંચ વર્ષની પુત્રીનો ચમત્કારીક બચાવ થયો હતો. મૃતક મહિલા ગર્ભવતી હોવાની માહિતી પોલીસને મળી

રાજકોટ :

કાલાવડ રોડ પરના વડવાજડી ગામ પાસે આજે સાંજે કાળમુખા ટ્રકે એકસેસ પર જતાં દંપતીને કચડી નાખ્યા હતા. જયારે તેમની પાંચ વર્ષની પુત્રીનો ચમત્કારીક બચાવ થયો હતો. મૃતક મહિલા ગર્ભવતી હોવાની માહિતી પોલીસને મળી છે. મેટોડા જીઆઈડીસી પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી હતી.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ મૂળ પોરબંદરના કડછ ગામના નીતેશભાઈ ગોવિંદભાઈ સોલંકી (ઉ.વ.૩૨) હાલ ખીરસરામાં રહેતા હતા. કારખાનામાં મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે સાંજે પત્ની કવિતાબેન (ઉ.વ.૨૫) અને પુત્રી જીનલ (ઉ.વ.૫)ને એકસેસ પાછળ બેસાડી વડવાજડી ગામે રહેતા સંબંધીને ત્યાં બેસવા જતા હતા ત્યારે આ અકસ્માત નડયો હતો.

વડવાજડી પાસે પુરપાટવેગે ધસી આવેલા ટ્રકે પાછળથી તેમના એકસેસને હડફેટે લીધા હતા. જેને કારણે નિતેશભાઈ અને તેના પત્ની ઉપર ટ્રકના તોતિંગ વ્હિલ ફરી વળતાં બંનેના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જયારે પુત્રી જીનલનો બચાવ થયો હતો. જાણ થતાં મેટોડા જીઆઈડીસી પોલીસના જમાદાર નૌશાદભાઈ સ્થળ પર અને હોસ્પિટલે દોડી ગયા હતા.અકસ્માતના પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જે પોલીસે ક્લિયર કરાવ્યો હતો. પોલીસને એવી માહિતી પણ મળી છે કે મૃતક કવિતાબેનના પેટમાં હાલ પાંચ માસનો ગર્ભ હતો. જેની પોસ્ટમોર્ટમ પછી પૃષ્ટી થશે તેમ પોલીસે જણાવ્યું હતું. ટ્રક ચાલક સ્થળ પરથી જ મળી આવ્યો હતો. જેની પોલીસે અટકાયત કરી હતી. રાજયના વન વિભાગના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું છે કે હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન અને પ્રિસીસીએફ લેન્ડ જેવા ત્રણ અત્યંત મહત્વપૂર્ણ અને જવાબદારીભર્યા હોદ્દાઓ એક જ અધિકારીને સોંપવામાં આવ્યા છે. વન વિભાગના આંતરિક વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનને હેડ ઓફ ફોરેસ્ટ બનાવ્યા બાદ, અનેક સિનિયર આઈએફએસ ઉપલબ્ધ હોવા છતાં સરકાર દ્વારા કાયમી ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનની નિમણૂક કરવામાં આવી નથી. વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પર્યાવરણ પ્રેમીઓમાં એવી પણ ચર્ચાઓ જોર પકડી રહી છે કે, સરકારના દરેક નિર્ણયમાં પછી ભલે તે પર્યાવરણ કે વન્યપ્રાણીઓના નિયમો વિરૂધ્ધ હોય, છતાં કોઈ પણ જાતના વિરોધ વગર સંમતિ આપી દેવાની કાર્યશૈલીને કારણે વિભાગમાં અમુક જવાબદાર અધિકારીને હાજી-હા કરનાર તરીકે ઓળખવામાં આવી રહ્યા છે. નિયમોના ભંગ અને સંરક્ષણ પ્રત્યેની આ ઉદાસીનતાને કારણે સિંહોના અસ્તિત્વ અને ગ્રામજનોની સુરક્ષા સામે મોટું જોખમ ઊભું થયું છે.

રાજકોટ મનપાનાં ઈસ્ટ અને વેસ્ટ ઝોનના ટાઉન પ્લાનરની પરસ્પર બદલી

જનરલ બોર્ડમાં ગેરકાયદે બાંધકામોનો મુદ્દો ઉછળતા કમિશ્નરની કાર્યવાહી

રાજકોટ:રાજકોટ મનપામાં બે ટાઉન પ્લાનારની અરસ-પરસ બદલી કરવામાં આવી છે. જેમાં ઈસ્ટ ઝોનનાં ટાઉન પ્લાનર ભાર્ગવ બરવાળીયાને ઈસ્ટ ઝોનમાં મુકાયા છે. તાજેતરમાં યોજાયેલા જનરલ બોર્ડમાં જ ગેરકાયદેસર બાંધકામોનો મુદ્દો વિપક્ષ દ્વારા ઉછળ્યા બાદ મ્યુ. કમિશ્નર તુષાર સુમેરા દ્વારા બદલીનો હુકમ કરવામાં આવ્યો છે. જોકે આ નિર્ણયથી ગેરકાયદે બાંધકામો મામલે કરવામાં આવતી કાર્યવાહીમાં કેટલો ફેર પડશે તે તો આવનારો સમય જ બતાવશે.

૩ ટાઉન પ્લાનર ગેરકાયદે બાંધકામો સામે કામગીરી કરવામાં નિષ્ફળ તાજેતરમાં મ્યુ. કમિશ્નર તુષાર સુમેરા દ્વારા ત્રણેય ઝોનમાં ટાઉન પ્લાનરની ભરતીઓ કરવામાં આવી હતી. ગત જનરલ બોર્ડમાં ૧૪ માસ પૂર્વે નોકરીએ લાગેલા અને હાલ પ્રબેશન પિરિયડ પર રહેલા ત્રણ ટાઉન પ્લાનર ગેરકાયદે બાંધકામો સામે કામગીરી કરવામાં નિષ્ફળ હોવાનો આરોપ વિપક્ષે લગાવ્યો હતો.

જેના પગલે મનપાનાં વેસ્ટ ઝોનનાં ટાઉન પ્લાનર ભાર્ગવ બરવાળીયાને ઈસ્ટ ઝોનમાં અને ઈસ્ટ ઝોનનાં ટાઉન પ્લાનર અભી પટેલને વેસ્ટ ઝોનમાં મુકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, હાલ બંને ટાઉન પ્લાનારો બે વર્ષના પ્રોબેશન પિરિયડમાં છે. અને બંને સામે તપાસ પણ ચાલુ હતી તે દરમિયાન મ્યુ. કમિશનરે બંનેની અરસ પરસ બદલીનો આદેશ આપ્યો છે.ત્રણેય ઝોનમાં ટીપીઓની નિમણૂક કરવામાં આવી હતી ઉલ્લેખનીય છે કે, ટીઆરપી અગ્નિકાંડ બાદ ગત ૨૨ જુલાઈએ મ્યુ. કમિશ્નર દ્વારા પ્રથમવાર ત્રણેય ઝોનમાં ટીપીઓની નિમણૂક કરવામાં આવી હતી. જોકે તા. ૨૦ નવેમ્બરે યોજાયેલા જનરલ બોર્ડમાં વિપક્ષ દ્વારા ટીપી વિભાગની કામગીરી અંગેનાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેમાં ગેરકાયદેસર બાંધકામો વિરુદ્ધ છેલ્લા બે વર્ષમાં ખાસ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહી હોવાનું ખુલ્યું હતું. જેને લઈને વિપક્ષ દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા બાદ મ્યુ. કમિશ્નર દ્વારા બંનેની અરસ-પરસ બદલીઓ કરી મામલો શાંત પાડવા પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવું ચર્ચાઈ રહ્યું છે.

અઠવાડિયામાં પાંચ સિંહોનાં કમોત, વન્યપ્રાણીના હુમલાથી બે લોકોનાં મોત

જૂનાગઢ :

રાજયમાં વન્યપ્રાણીઓના અકાળે થતા મૃત્યુ અને માનવ-વન્યપ્રાણી સંઘર્ષની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. વન્યપ્રાણી પ્રેમીઓ, સ્થાનિક ગ્રામજનો અને પર્યાવરણવિદોના મતે, વન વિભાગના સર્વોચ્ચ સ્તરે વહીવટી નિર્ણયોના અભાવ અને એક જ અધિકારી પાસે ત્રણ-ત્રણ મહત્વના હોદ્દાઓનો હવાલો હોવાને કારણે પરિસ્થિતિ વધુ વણસી રહી છે.

છેલ્લા એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં પાંચ જેટલા સિંહોના કમોત થયા છે, જેમાં ટ્રેન અકસ્માતમાં ત્રણ સિંહો, ખુલ્લા કૂવામાં પડી જવાથી એક સિંહ અને વીજ કરંટ લાગવાથી એક સિંહના મૃત્યુનો સમાવેશ થાય છે. બીજી



તરફ, વન્યપ્રાણીઓના રહેણાંક વિસ્તારોમાં ખલેલ અને સંચાલનના અભાવે માનવ પર હુમલા વધ્યા છે. તાજેતરમાં મેંદરડા પંથકમાં દીપડાએ એક માસૂમ બાળકનો શિકાર કર્યો હતો, જ્યારે વિસાવદરના રબારીકા ગામે એક ખેડૂત પર સિંહણે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા હતા. છેલ્લા એકાદ વર્ષમાં સિંહ અને દીપડાના હુમલામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ભય અને રોષની લાગણી ફેલાયેલી છે.સ્થાનિકો અને વન્યપ્રાણી પ્રેમીઓ દ્વારા એવો ગંભીર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે, વન્યપ્રાણીઓના સંરક્ષણ, ખુલ્લા કૂવાઓ ફરતે ફેન્સિંગ, રેલવે ટ્રેક પર સુરક્ષા અને માનવ-વન્યપ્રાણી સંઘર્ષ ઘટાડવા જેવા પાયાના પ્રશ્નો ઉકેલવાને બદલે માત્ર પ્રવાસન (ટુરિઝમ)ને પ્રોત્સાહન મળે તેવા નિર્ણયો ઝડપથી લેવામાં આવી રહ્યા છે.

ગોંડલ માર્કેટ યાર્ડના વેપારી સાથે ૧ કરોડની છેતરપિંડી

અમદાવાની મેડાર્ટ કંપનીના માલિક રાજકુમાર પટેલે IPOમાં રોકાણ કરવા બહાને રૂપિયા પડાવ્યા

રાજકોટ :ગોંડલ રોડ પરની પંચશીલ સોસાયટી નજીક સ્ટેટસ-ટુ એપાર્ટમેન્ટમાં રહેતા અને ગોંડલ માર્કેટ યાર્ડમાં વછરાજ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ધરાવતાં હાર્દિકભાઈ કિશોરભાઈ શિયાણી પાસે આઈપીઓમાં રોકાણના બહાને લીધેલા રૂા. ૧ કરોડ ઓળવી જવા અંગે અમદાવાદમાં રહેતાં મેડાર્ટ કંપનીના માલિક રાજકુમાર પટેલ સામે રાજકોટની ઈઓડબલ્યુમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં હાર્દિકભાઈએ જણાવ્યું છે કે તેના મિત્ર પાર્થ કમલેશભાઈ દોશી અમદાવાદ રહે છે. જેની સાથે રાજકોટ અને ગાંધીનગરમાં સુપર માર્કેટ બનાવવાના છે. ગઈ તા.૪ ઓગસ્ટના રોજ પાર્થભાઈએ કોલ કરી રાજ પટેલ વિશે જણાવી કહ્યું કે તે શેર બજારમાં ઈન્વેસ્ટ કરે છે, મોટા આઈપીઓમાં રોકાણ કરાવી સારૂ વળતર આપે છે, તમને ફોન આવે તો વાત કરી લેજો. તે જ દિવસે રાજ પટેલે તેને વોટસએપ કોલ કરી કહ્યું કે હું સ્વિચ ઈલેકટ્રીક બાઈક કંપનીનો ઓનર છું. બીજી વાતચીત બાદ સારી કંપનીનો આઈપીઓ આવશે તો કહીશ તેમ કહ્યું હતું.

થોડા દિવસ બાદ પાર્થભાઈએ કોલ કરી રાજ પટેલ બેન્ક ડિટેઈલ માગે તો આપી દેવાનું કહ્યું હતું. સાથો-સાથ એક-બીજાના બેનીફિશયરી એકાઉન્ટ જોઈન્ટ કરાવી લેવાનું પણ કહ્યું હતું. આ પછી રાજ પટેલે કોલ કરતાં પોતાની પેઢીના બેન્ક ખાતાની ડિટેઈલ આપી હતી. તે સાથે જ તેનું બેન્ક એકાઉન્ટ એડ કરાવ્યું હતું. ગઈ તા.૧૧ ઓગસ્ટના રોજ રાજ પટેલે કોલ કરી કહ્યું કે હું હાલ ફોરેન છું, મારા દુબઈથી રૂપિયા આવે તેમ છે, જે તમારા ખાતામાં નખાવું છું, તમે રકમ ઉપાડી મારા માણસને અમદાવાદમાં આપી દેજો.થોડીવાર બાદ તેના ખાતામાં પોતાની કંપનીના ખાતામાંથી રૂા.૩૨.૫૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જે રકમનું તેણે રાજ પટેલના નામે આંગડિયું કરી આપ્યું હતું. ગઈ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ રાજ પટેલને કોલ કરી રૂા.૩૨.૫૦ લાખની એન્ટ્રી સુલટાવવાનું કહેતાં હા પાડી હતી. ત્યારબાદ તેના કહ્યા મુજબ તેની કંપનીના ખાતામાં રૂા.૫૦ લાખ ટ્રાન્સ્ફર કર્યા હતા. રાજ પટેલના માણસ પલ્કેશે તે રૂા.૫૦ લાખ અમદાવાદમાં તેના પરિચીત આનંદ શાહને આપી દીધા હતા.



આ રીતે બંને વચ્ચે વિશ્વાસ બંધાયો હતો.ગઈ તા.૧૮ સપ્ટેમ્બરના રોજ રાજ પટેલે આઈપીઓમાં રોકાણ કરવા માટે બે કલાક માટે રૂા.એક કરોડ આપવાનું કહેતાં પોતાની પેઢીના ખાતામાંથી તેની કંપનીના એકાઉન્ટમાં આરટીજીએસથી રૂા.એક કરોડ ટ્રાન્સ્ફર કર્યા હતા.

પરંતુ બે કલાક પછી રકમ પરત આપી ન હતી. અવાર-નવાર જુદા-જુદા બહાના બતાવતો હતો. આખરે તેના રૂા. એક કરોડ આઈપીઓમાં રોકાણ નહીં કર્યાનું જણાવી દીધું હતું. તેના માણસ પલ્કેશે ઈન્કમટેક્ષની રેઈડ પડયાનું જણાવી મામલો શાંત થયા બાદ રકમ આપી દેવાની વાત કરી હતી. પરંતુ રાજ પટેલે તેના કોલ ઉપાડવાનું બંધ કરતાં આખરે ફરિયાદ નોંધાવી હતી.

જૂનાગઢના કિન્નર અખાડામાં સાધ્વી પર કુખ્યાત સાધુનો ગદા વડે હુમલો

૧.૬૦ લાખ સાથેની ઝોળી અને ધાતુની વીટી લઈ આ સાધુ નાસી ગયો: પોલીસે ગુનો દાખલ કરી ફરાર કુખ્યાત સાધુની શોધખોળ શરૂ કરી છે

જૂનાગઢ:જૂનાગઢના ભવનાથ કિન્નર અખાડા ખાતે ગતરાત્રીના સત્સંગ કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે કુખ્યાત સાધુએ નગ્ન હાલતમાં આવી કિન્નર અખાડાના સાધ્વી અને તેના ગુરૂને ગાળો આપી હતી. બાદમાં ઉશ્કેરાઈ જઈ કિન્નર સાધ્વી પર ગદા વડે હુમલો કર્યો હતો. સેવકો વચ્ચે પડતાં તેને પણ લાકડા વડે માર માર્યો હતો અને ૧.૬૦ લાખ સાથેની ઝોળી અને ધાતુની વીટી લઈ આ સાધુ નાસી ગયો હતો. આ અંગેફરિયાદ થતા પોલીસે ગુનો દાખલ કરી ફરાર કુખ્યાત સાધુની શોધખોળ શરૂ કરી છે.

જૂનાગઢના ભવનાથમાં કિન્નર અખાડામાં રહેતા અને સેવાપૂજા કરતા ગિરનારીગીરી માતાજી ગુરૂ હરીગીરીજી (ઉ.વ.૩૮) ગત રાત્રે દસેક વાગ્યે કિન્નર





અખાડા ખાતે અન્ય કિન્નરો તેમજ સેવકો સાથે ભજન-સત્સંગનો કાર્યક્રમ માણી રહ્યા હતા ત્યારે શિવગીરી ગુરૂ જયદેવગીરી નામનો કુખ્યાત સાધુ તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતા. શિવગીરી નગ્ન હાલતમાં ગદા લઈ ત્યાં આવ્યો હતો. સત્સંગ કાર્યક્રમ ચાલુ હતો ત્યાં જઈ શિવગીરી ગિરનારીગીરી માતાજી પાસે ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. તેને ગાળો બોલવાની ના પાડતા શિવગીરીએ ઉશ્કેરાઈ જઈ તેની પાસે રહેલી ગદા ગિરનારીગીરી માતાજીને માથામાં મારી દીધી હતી. બુમાબુમ થતા અખાડામાં હાજર સેવકો, સુમીત્રાગીરી માતાજી, પુંજાભાઈ, વિપુલભાઈ રાવત વચ્ચે પડતા શિવગીરી તથા તેની સાથે આવેલા શખ્સો ધુણામાં પડેલા લાકડા ઉપાડી મારવા લાગ્યા હતા, જેમાં સાધ્વી સુમીત્રાગીરી અને પુંજાભાઈને મુઢ ઈજા થઈ હતી. આ શખ્સોએ ગાળો આપી 'કિન્નરો તમે અખાડાનું અન્નક્ષેત્ર કેમ ચલાવો છો, આ અખાડો બંધ કરી દેજે નહીતર તમો બધાને મારી નાખીશ' એવી ધમકી આપી હતી.જતા જતા શિવગીરી કાપડની ઝોળીમાં રહેલા ૧.૬૦ લાખ રૂપિયા તથા વિપુલ રાવતના હાથમાં રહેલી ધાતુની વીટી ઝુંટવી ગયો હતો. આસપાસમાંથી અખાડાના માણસો આવતા કોઈએ ૧૧૨ને ફોન કર્યો હતો. એ દરમિયાન આ શખ્સો નાસી ગયા હતા.

જેતલસરમાં રેલવે આંદોલનનો અંત : ૧૭ કર્મચારીઓની બદલીના ઓર્ડર નીકળ્યા

જેતલસર:

જેતલસર જંકશન ખાતે છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા ઉપવાસ આંદોલનનો આખરે સુખદ અંત આવ્યો છે. રેલવે તંત્ર દ્વારા આંદોલનકારીઓની મુખ્ય માંગણીને અનુલક્ષીને રાજકોટ લોબીમાંથી જેતલસર લોબીમાં ૧૨ ટ્રેન મેનેજર અને ૫ લોકો પાઈલટને તબક્કાવાર છૂટા કરવાના આદેશો જારી કરવામાં આવતાં આંદોલનને સકારાત્મક દિશા મળી છે. રેલવે અધિકારીઓએ ઉપવાસી છાવણીની મુલાકાત લઈને કાર્યવાહી અંગે ખાતરી આપી ઉપવાસીઓને પારણાં કરાવતાં આંદોલન પૂર્ણ થયાની જાહેરાત કરવામાં આવી છે.





જેતલસર જંકશન બચાવો આંદોલનનાં મુખ્ય ઉપવાસી હનીફ બ્લોચે જણાવ્યું કે, પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રાજકોટ (જેસીએલઆર)થી જેતલસર (જેએલઆર) લોબીમાં ૧૨ મેલ-એક્સપ્રેસ ટ્રેન મેનેજરની બદલી કરવામાં આવી હોવાનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે. જે મુજબ આ કર્મચારીઓને ૨૨થી ૨૮ નવેમ્બર દરમિયાન તબક્કાવાર છૂટા કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રેનોનું નિયમિત સંચાલન ખોરવાય નહીં તે માટે એકસાથે તમામ કર્મચારીઓને છૂટા કરવાને બદલે તબક્કાવાર અમલ કરાશે. આ ઉપરાંત લેવલ-૬ના ૯ ટ્રેન મેનેજરની પોતાની વિનંતી પર સમાન વેતનધોરણે બદલી કરવામાં આવી છે. અગાઉ ૮ જુલાઈના આદેશથી પણ ૩ ટ્રેન મેનેજરની બદલી થઈ હતી. આમ, ૧૨ ટ્રેન મેનેજરની બદલીના આદેશો અમલી બન્યા છે.

માત્ર ટ્રેન મેનેજર જ નહીં, પરંતુ પાંચ લોકો પાઈલટને પણ જેતલસર લોબીમાં તબક્કાવાર છૂટા કરવાનું સમયપત્રક નક્કી કરાયું છે. તે મુજબ ૨૪ નવેમ્બરે ૧, ૨૭ નવેમ્બરે ૩ અને ૩૦ નવેમ્બરે ૧ લોકો પાઈલટને છૂટા કરાશે. પરિણામે એક સપ્તાહના ઉપવાસ બાદ રેલવે તંત્ર તરફથી બદલી અને છૂટા કરવાની લેખિત કાર્યવાહી શરૂ થતાં જેતલસરના આંદોલનકારીઓની માંગણીઓને હવે વહીવટી સ્તરે અમલી સ્વરૂપ મળવાનો માર્ગ મોકળો થયો છે.